
રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત


# કોડિયું

લોકાભિમુખ નઈ'તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ખાદીગ્રામોદ્યોગ, સહકાર- શિક્ષણ અને રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રયોગવીરોનું મહાપ્રસ્થાન



સ્વ. શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ
જન્મ તા. ૨૧/૦૭/૧૯૩૫ સ્વ. તા. ૧૪/૦૨/૨૦૨૪



સ્વ. શ્રી જ્યોતિભાઈ દેસાઈ
જન્મ તા. ૦૫/૦૫/૧૯૨૬ સ્વ. તા. ૨૭/૦૨/૨૦૨૪

વર્ષ: ૭૭ અંક : ૦૮ ૧૫ માર્ચ, ૨૦૨૪

# સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૫૮મી રેલી (શિક્ષણ-સજ્જતા સંગોષ્ઠિ)

**ઉદ્‌ઘાટન સમારોહ : તા. ૨૨-૦૨-૨૦૨૪** **સ્થળ : શ્રીમતી એન.એસ. ડાંખરા ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બેલા**

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલ, લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી,
સાંસદશ્રી ભારતીબહેન શિયાળ અને ભાગીદાર સંસ્થાઓના સંચાલકો-આચાર્યોની ઉપસ્થિતિમાં થયેલો રેલીનો શુભારંભ










શ્રી વિશાલભાઈ જોષી



શ્રી રાકેશભાઈ પટેલ



શ્રી મેહુલભાઈ ભાલ



શ્રી વિશાલભાઈ ભાદાણી






# કોડિયું

વર્ષ : ૭૭ માર્ચ : ૨૦૨૪ અંક : ૦૮


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ વાર્ષિક અહેવાલ** (તા. ૨૦-૧૨-૨૨થી તા. ૨૯-૧૨-૨૩)<br>શ્રી હસમુખભાઈ દેવમુરારિ | ...૦૩ |
| ૦૨ | **ગાંધીકૂળનો દૈદિપ્યમાન દીવડો : દેવેન્દ્ર દેસાઈ**<br>જવલંત છાયા | ...૪૫ |
| ૦૩ | **જીવંત શિક્ષક જ્યોતિભાઈ દેસાઈની વિદાય**<br>મિતા ઝવેરી | ...૪૭ |
| ૦૪ | **શિક્ષક**<br>મોરારિબાપુ | ...૪૯ |
| ૦૫ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૫૦ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની
જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

'રામકથા'ના ભાવાવરણમાં રમમાણ થયેલ લોકભારતીનું ભાવાવરણ પુનઃ તેના રામકાર્યોમાં સક્રિય બન્યું છે. વાર્ષિકોત્સવ પછી અપાતો વિગતવારનો પ્રવૃત્તિ અહેવાલ આ અંકમાં નિયામકશ્રીએ સુપેરે સંપાદિત કરી આપેલ છે. એક વર્ષમાં આટલા બધા વિભાગો દ્વારા થયેલ શિક્ષણ, વિસ્તરણ, કૃષિ-બાગાયત- ગોપાલન અને સંશોધનક્ષેત્રની અગણિત પ્રવૃત્તિઓ પર નજર નાખતા ભારે સંતોષનો- આનંદનો અહેસાસ થાય છે. છેલ્લા સાત-સાત દાયકાથી થઈ રહેલી આ ગુણવત્તાસભર પ્રવૃત્તિઓએ લોકભારતીને વિશ્વભારતી બનાવવામાં અનન્ય ફાળો આપેલ છે. આ માટે સૌ કોઈ નાના-મોટા કાર્યકરો, શુભેચ્છકો, દાતાઓ, મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓને અભિનંદન સાથે આભાર માનવાનું સહેજે મન થઈ આવે છે.

સંસ્થાનું સત્ત્વ-તત્ત્વ હેમખેમ રાખીને આજની જરૂરિયાત પ્રમાણેનો વિકાસ કરવો એ એક મોટો પડકાર છે. એકંદરે ભૌતિક સુવિધાઓનું લલચામણું આકર્ષણ ભલભલાને રસ્તો ભુલાવી દે તેવું છે. આજના સોશિયલ મીડિયાના ઘોડાપુર સામે આપણે આપણા મૂલ્યો સાથે જીવનશૈલીને ટકાવી રાખવી એ દિવસે દિવસે કસોટીરૂપ બની રહ્યું છે. આપણા જેવી સંસ્થાઓમાં નઈતાલીમના હાર્દરૂપ તત્ત્વોને ટકાવી રાખવામાં પ્રમાણમાં વાલીઓનો સહકાર ઘટી રહ્યો છે. તેઓ તેમના બાળકો વધારે સુવાળું અને આરામદાયક જીવન જીવે એવો દુરાગ્રહ રાખે છે. આમ, આજે સંસ્થા સંચાલકોને સરકાર, વાલીઓ, વિદ્યાર્થીઓ અને કાર્યકરો એમ બધા મોરચે મૂલ્યનિષ્ઠ સંચાલન અને ભાવાવરણ માટે મથવું પડે છે. આમ છતાં સૌથી આનંદની વાત એ છે કે આટલા વર્ષો પછી પણ આપણે આપણું સાધ્ય બદલ્યું નથી. જરૂર મુજબ સાધનો બદલ્યા છે. આવા સમયમાં પણ સંસ્થાને પ્રમાણમાં નિષ્ઠાવાન અને સમર્પિત કાર્યકરો મળ્યા કર્યા છે તે દક્ષિણામૂર્તિદેવની કૃપા સમજીએ.

લોકભારતીની સ્થાપનામાં જેનો સિંહફાળો રહ્યો હતો તેવી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના રચનાત્મક અને સર્જનાત્મકતાને સેવાભાવથી પોતાના જીવનમાં આચરી બતાવનાર પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈએ વિદાય લીધી છે. લોકભારતીના તમામ અગત્યના કાર્યક્રમોમાં અચૂક હાજરી આપતા સૌમ્ય સ્વભાવના દેવેન્દ્રભાઈનું વડીલપણું ક્યારેય કોઈને નડ્યા વગરનું વાત્સલ્ય પુરું પાડતું રહ્યું.

લોકભારતીના પૂર્વ નિયામક અને દઢતા સાથે આત્મવિશ્વાસથી પોતાના મૌલિક વિચારોને નિર્ભયતાથી પ્રગટ કરતા રહ્યા એવા જીવન-શિક્ષણના પ્રયોગવીર આપણા સૌના વ્હાલા વડીલ જ્યોતિભાઈ દેસાઈએ પણ આ સમયગાળામાં વિદાય લીધી છે.

બંને વડીલોનો ખાલીપો લોકદક્ષિણામૂર્તિ પરિવાર માટે ન પૂરી શકાય તેવી ખોટ છે. પોતાના આચરણથી પોતાના ક્ષેત્રોમાં એક આદર્શ, મૂલ્યનિષ્ઠ નમૂનો પૂરો પાડનાર આ વડીલોએ જ્યાં હોય ત્યાંથી હંમેશા લોકભારતીના શુભવિકાસની જ ચિંતા કરી છે એ લોકભારતીનું સદ્‌ભાગ્ય છે. તેઓ સ્થૂળ રીતે નહીં પણ લોકભારતીને એક વિચાર તરીકે જોતા- સમજતા રહ્યા હોવાથી આ વિચારપ્રવાહ સતત વહેતો રહી તાજો રહે, સ્વસ્થ રહે, પ્રદૂષિત ન થાય તેની કાળજી લેતા. નિસ્વાર્થ ભાવે સૌનું ભલું કેમ થાય તેની અને છેવાડાના માણસની ચિંતા કરનાર આવા વડીલોની સંખ્યા ઘટતી જાય છે ત્યારે આ ખોટ આપણે સૌએ સહિયારા પુરુષાર્થથી પૂરવી રહી.

**શ્રી હસમુખભાઈ દેવમુરારિ**

---

**-: શ્રદ્ધાંજલિ :-**

● લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં બૃહદ લોકભારતી પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, પૂર્વ કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના આત્માઓને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી ગિરીશભાઈ દવેનાં માતુશ્રી ચંપાબહેન, ગ્રા.દ.મૂ.-આંબલાના પૂર્વ કાર્યકર શ્રી ભીખાભાઈ કોરાટના ધર્મપત્ની શ્રી મુક્તાબહેન, લો.ભા.ના પૂર્વ કાર્યકરશ્રી બાબુભાઈ પટેલ, લો.ભા.ના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી આત્મારામભાઈ શર્માના દીકરી સ્વ. શ્રી પુષ્પાબહેન દવે, લો.ભા.ના પૂર્વ વિદ્યાર્થી સ્વ. શ્રી યોગરાજસિંહજી ગોહિલ, લોકભારતીના શુભેચ્છક ડૉ. સમીરભાઈ શાહના માતુશ્રી ઊર્મિલાબહેન, લોકદક્ષિણામૂર્તિના પૂર્વ કાર્યકર શ્રીડોલરબહેન શુક્લના પતિ શ્રી ઋષિકેશભાઈ શુક્લ, શ્રી બકુલભાઈ મૂળશંકરભાઈ ભટ્ટ, લો.ભા.ના પૂર્વ વિદ્યાર્થી શ્રી અર્જુનભાઈ ગોપાણી, શુભેચ્છક શ્રી વાસુદેવભાઈ વોરા, લો.ભા.ના ઉપ નિયામક શ્રી શ્રીધરભાઈ ગજ્જર, લો.ભા.ના કાર્યકરશ્રી કાળુભાઈ લુણી, લો.ભા.ના પૂર્વ કાર્યકરશ્રી ભરતભાઈ ના. ભટ્ટ, લો.ભા.ના પૂર્વ વિદ્યાર્થિની શ્રી સાવિત્રીબહેનના પતિ શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ, લોકભારતીના કાર્યકરશ્રી મહેમુદભાઈ શેખ(બાલાભાઈ) સહિતના આપણા બૃહદ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-: નવનિયુક્તોને આવકાર :-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી જગદીશગિરિ ગોસાઈ | આચાર્ય તરીકેની નિયુક્તિ | લો.ભા. અધ્યાપનમંદિર |
| ૦૨ | શ્રી પરેશભાઈ ઝીંઝાળા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૩ | શ્રી રામદેવસિંહજી ગોહિલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૪ | શ્રી ઘનશ્યામભાઈ હીરાણી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૫ | શ્રી દર્શિતભાઈ સાકડેચા | અધ્યાપક-ગૃહપતિ | લો.ભા. યુનિવર્સિટી |

**-: સેવાનિવૃત્તો માટે શુભેચ્છાઓ:-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી મહોબ્બતસિંહજી ચાવડા | વિસ્તરણ અધિકારી | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૨ | શ્રી કાળુભાઈ ખોખરિયા | મ. વિસ્તરણ અધિકારી | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૩ | શ્રી લક્ષ્મણભાઈ વાઢેર | અધ્યાપક | લો.ભા. અધ્યાપનમંદિર |
| ૦૪ | શ્રી અશ્વિનીકુમાર | કૃષિ વૈજ્ઞાનિક | કૃષિ સંશોધન કેન્દ્ર |
| ૦૫ | શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની | કુલપતિશ્રી | લો.ભા.યુનિવર્સિટી |

| | | | |
|---|---|---|---|
| ૦૬ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | કુલસચિવશ્રી | લો.ભા.યુનિવર્સિટી |
| ૦૭ | શ્રી મનીષસિંગ | કૃષિ વૈજ્ઞાનિક | કૃષિ સંશોધન કેન્દ્ર |
| ૦૮ | શ્રી મનોજભાઈ મિશ્રા | કૃષિ વૈજ્ઞાનિક | ટીસ્યૂ કલ્ચર લેબ. |
| ૦૯ | શ્રી સોનલબહેન પરીખ | કાર્યકરશ્રી | ગાંધીભારતી |

**-: સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં સમૂહના કેટલાક સમાચારોની એક ઝલક :-**

● લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા.૨૦મી ડિસેમ્બરના રોજ સંપન્ન થયો. તેમાં પ્રથમ બેઠકનો પ્રારંભ સંગીતવૃંદના શાંતિપાઠ અને ગીત-ગાનથી થયો. મહેમાનશ્રીની સ્વાગત વિધિ પછી શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને વક્તાશ્રીનો આવકાર કર્યો. શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું, નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગત વર્ષનું વાર્ષિક નિવેદન સચિત્ર રજૂ કર્યું. વક્તાશ્રીનો પરિચય શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની એ આપ્યો. એ પછી આ વ્યાખ્યાનમાળાના વક્તા મા. શ્રી હરેશભાઈ ધોળકિયાએ 'પરિવર્તનશીલ જગતમાં ભારતીય દર્શન' વિષયને કેન્દ્રમાં રાખી વક્તવ્ય રજૂ કર્યું. બપોરના ભોજન પછી બીજી બેઠકમાં ગીત-ગાન પછી વક્તાશ્રીએ વ્યાખ્યાનનો દોર આગળ લંબાવીને વ્યાખ્યાનમાળાનું બીજું વ્યાખ્યાન રજૂ કર્યું. તે પછી મુખ્ય મહેમાનશ્રીને શાલ અર્પણવિધિ ટ્રસ્ટીશ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી ભરતભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી. આભારદર્શન શ્રી ભરતભાઈ ભટ્ટે કર્યું. બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. સાયં પ્રાર્થના સાથે કાર્યક્રમ સંપન્ન થયો. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.

● વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો કાર્યક્રમ 'આનંદબજાર' તા.૨૩મી ડિસેમ્બરના રોજ સાંજે યોજાઈ ગયો. જેનું સમગ્ર આયોજન મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીમંડળે કર્યું.

● શ્રી ધ્રુવભાઈ ભટ્ટ લિખિત અને શ્રી અદિતિબહેન દેસાઈ દિગ્દર્શિત તથા પ્રસિદ્ધ કલાકાર શ્રી દેવકીબહેન અભિનિત નાટક 'અકૂપાર'નો એક નાટ્યપ્રયોગ લોકભારતીની રંગભૂમિ પર તા.૨૬મી ડિસેમ્બરના રોજ રાત્રે થયો. તેને પૂરા લોકભારતી પરિવારે, ગ્રામજનોએ અને કેટલાક બહારથી આવેલા મહેમાનોએ માણ્યો.

● લોકભારતીના વાર્ષિકોત્સવની આગળ અને પાછળના દિવસોમાં લોકભારતી વિદ્યાર્થીમંડળની નિવૃત્તિ/નિયુક્તિની પ્રક્રિયાઓ થતી હોય છે તેવી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ અને તા.૨૮મી ડિસેમ્બરના રોજ સાયં પ્રાર્થના પછી છેલ્લે આમસભા બોલાવવામાં આવી. તેમાં નવા મંત્રીમંડળે શપથ ગ્રહણ કર્યા અને જૂના મંત્રીમંડળ પાસેથી ચાર્જ સંભાળ્યો. મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહજી ગોહિલે સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ લોકશાહી ઢબે પાર પાડી.

● લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૮૨ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓનું પરિવાર સાથેનું એક મિલન તા.૦૭ અને ૦૮ જાન્યુઆરીના મળી ગયું. તેમાં આ બેચને અધ્યયન કરાવતાં તે સમયગાળાના અધ્યાપકો શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી નાનાલાલ વંડ્રા અને શ્રી મહિપતસિંહજી ઝાલા પણ ઉપસ્થિત રહ્યા. બીજે દિવસે સવારે શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીની હાલની ગતિવિધિઓથી સૌને અવગત કર્યા.

● તા.૧૯ જાન્યુઆરીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રી અને લોકભારતીના મુખ્ય દાતા માનનીય શ્રી મધુકરભાઈ પારેખ ઘણા સમય પછી લોકભારતીમાં રોકાય શકાય તેમ આવ્યા. તેઓની સાથે શ્રી લવીનાજી ફર્નાન્ડીઝ અને શ્રી પી.કે.શુક્લાજી પણ આવ્યાં. તેઓ સૌએ લોકભારતીમાં રસપૂર્વક વિભાગોની મુલાકાત પણ લીધી.

● તા.૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પરેડ અને લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ શ્રી ભદ્રાયુભાઈ

વછરાજાનીના હસ્તે ધ્વજવંદન તથા સારસ્વતભવનમાં તેમનું વ્યાખ્યાન યોજાયું. તેઓએ પ્રજાસત્તાક લોકતંત્ર અંગે વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું.

● તા.૩૦મી જાન્યુઆરીના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સવારે સારસ્વતભવનમાં પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં મંગળપ્રભાતમાંથી એક વ્રત વિશે વાચન કરવામાં આવ્યું. સવારે લોકભારતીના પૂરા પરિસરની અને સણોસરા ગામના જુદા જુદા વિસ્તારોની સફાઈ જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈને કરવામાં આવી. બપોર પછી સારસ્વતભવનમાં ગાંધીનિર્વાણદિન કાર્યક્રમમાં આદરણીય શ્રી અરુણભાઈ દવેએ વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. પ્રાર્થના-ભજન અને ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

● તા.૦૭મી માર્ચના રોજ હોલિકાદહન અને બીજે દિવસે ધૂળેટીની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. ધૂળેટીના દિવસે બપોર પછી ભાવનગરની સુરસંગમ સંસ્થા દ્વારા લોકસાહિત્યનો કાર્યક્રમ પણ રહ્યો.

● ‘આઝાદી કા અમૃતમહોત્સવ’ નિમિત્તે તા.૨૬મી જુલાઈના રોજ સિહોર મામલતદારશ્રી લોકભારતી આવીને શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેનું સન્માન કરી ગયા.

● તા.૮મી જુલાઈના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાનશ્રી મનહરભાઈ ઠાકરે ભારતીય પરંપરાનાં મૂલ્યોને આધાર રાખી ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિદેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.

● તા.૨૯ જુલાઈના રોજ વિશ્વગ્રામના શ્રી સંજય-તુલા દ્વારા આયોજિત ‘ગાંધીગાન’ કાર્યક્રમમાં સારસ્વતભવનમાં રાત્રે ૦૮-૩૦ કલાકે જાણીતાં લોકગાયિકા અને હિંદી ફિલ્મ જગતનાં પાર્શ્વગાયિકા શ્રી મેઘા શ્રીરામ ડાલ્ટનનો ગાંધીગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે પરેડ પછી ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો, જેમાં લોકભારતીના પૂર્વ નિયામકશ્રી પ્રવીણભાઈ ઠક્કરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ધ્વજવંદન પછી સારસ્વતભવનમાં બે વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા, નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ સૌને સ્વાતંત્ર્ય દિવસના શપથ લેવરાવ્યા અને શ્રી પ્રવીણભાઈ ઠક્કરે પ્રસંગને અનુરૂપ રસપૂર્ણ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું.

● તા.૨૩ ઑગસ્ટના રોજ ભારતના ઈસરો દ્વારા ચંદ્રયાન- ૦૩ મોકલવામાં આવેલ તે સાંજે ચંદ્રની ધરતી પર ચંદ્રયાન-૦૩ની લેન્ડિંગ થવાની ઘટનાને સારસ્વતભવનમાં જીવંત પ્રસારણ માટેનો ઉપક્રમ ગોઠવવામાં આવ્યો અને તેનું જીવંત પ્રસારણ સમગ્ર લોકભારતી પરિવારે માણ્યું.

● તા.૨૯ ઑગસ્ટના પૂ. મનુભાઈ પંચોળી ‘દર્શક’ વ્યાખ્યાનમાળાનો વીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ સારસ્વતભવનમાં યોજાઈ ગયો. તેમાં શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય ઉપ નિયામકશ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ આપ્યો. વ્યાખ્યાનમાળાના આ વીશમાં મણકાના મુખ્ય વક્તા જાણીતા કેળવણીકાર ‘દર્શક’ સાહિત્યના અભ્યાસુ તથા લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી મનસુખભાઈ સલ્લાએ ‘દર્શકનું કેળવણીદર્શન અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ’ વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી અતુલભાઈ પંડ્યા-અમદાવાદ, શ્રી પાર્થેશભાઈ અને શ્રી બિંદુબહેન પંડ્યા-રાજપુર અને શ્રી રવજીભાઈ ગાબાણી-ગાંધીનગરનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું આભારદર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી પૂજાબહેન પુરોહિતે કર્યું. કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના

સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સફાઈ, સુઘડતા અને વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો.

● તા.૩૦ ઑગસ્ટના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઊજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધન ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે નીલપર, તા. રાપર, કચ્છના પ્રા.ડૉ. રમઝાનભાઈ હસણિયાએ મનનીય રસસભર વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

● તા.૦૧ સપ્ટેમ્બરના રોજ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી, જેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને લેખિતમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા, મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. આ આમસભાની વિશેષતા એ રહી કે વિદ્યાર્થીઓએ પ્રશ્નપેટીમાં બહુ બધા પ્રશ્નોની ચિઠ્ઠીઓ લખીને નાંખી હતી, પણ તે પૈકી ૮૦% જેટલી ચિઠ્ઠીઓમાં મંત્રીઓના કાર્યની પ્રસંશા અને અભિનંદનને લગતી ચિઠ્ઠીઓ હતી! મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને છેલ્લે વડીલની ભૂમિકામાં શ્રી કાંતિભાઈ ગોઠીએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બિરદાવી અને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.

● તા.૦૨ સપ્ટેમ્બરના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશનના કુલપતિ તરીકે ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી લોકભારતીમાં આવ્યા અને તેઓનો ચાર્જ સંભાળીને કામગીરી શરૂ કરી. તેઓને યુનિવર્સિટી કાર્યાલયે આવકારવા યુનિવર્સિટીના સૌ વિદ્યાર્થીઓ અને લોકભારતીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા અને તેઓને પુસ્તક અને પ્રતીકાત્મક રીતે ખાદીનો રૂમાલ અર્પણ કરીને સ્વાગત કર્યું.

● તા.૦૬ સપ્ટેમ્બરના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વતભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.

● શ્રી મૂ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ યોજાયો. કોઈ એક વક્તાને વક્તવ્ય માટે બોલાવવાને બદલે આ સત્તરમાં મણકાના વ્યાખ્યાનને એક વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. શ્રી મૂ.મો. ભટ્ટના સાહિત્યનું કેટલાક વિદ્યાર્થીઓએ વાચન કર્યું, અભ્યાસ કર્યો અને પોતાની રીતે તે અંગે અભિવ્યક્તિની એક બહુ જ ટૂંકી વીડિયો ક્લિપ તૈયાર કરી તે રજૂ કરવામાં આવી. આ કારણે વિદ્યાર્થીઓ મૂ.મો.ભટ્ટની સાહસકથાઓ તથા શિક્ષણ-ચિંતન વિષયક સાહિત્યમાંથી પસાર થયા, આચમન કર્યું અને અભિવ્યક્તિ અને રજૂઆતનું કૌશલ્ય વધ્યું. વિદ્યાર્થીઓએ પોતે તૈયાર કરેલી આવી વીશેક જેટલી વીડિયો ક્લિપની મોટા પરદા પર રજૂઆત કરવાનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમની ભૂમિકા શ્રી વિશાલભાઈ જોશીએ અને સમાપન શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું. શ્રી અરુણભાઈ દવેએ પણ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો અને રજૂઆત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું.

● ગાંધીજયંતી નિમિત્તે તા.૦૨ ઑક્ટોબરના રોજ સવારે પ્રાતઃ પ્રાર્થના થઈ અને ૦૮-૩૦ કલાકે સારસ્વતભવનમાં સંમેલન યોજાયું, તેમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. આજના વક્તા તરીકે બહુ જાણીતાં કર્મશીલ અને ખાસ કરીને વિચરતી જાતિનું સર્વાંગી વિકાસનું કાર્ય કરતાં શ્રી મિત્તલબહેન પટેલે પોતાની વાતો રસપ્રદ રીતે રજૂ કરી. વક્તાનો આવકાર અને પરિચય શ્રી જગદીશગિરિ ગોસાઈએ અને આભારદર્શન શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું. આજના દિને લોકભારતી યુનિવર્સિટી દ્વારા 'ગ્રામબંધુ ફેલોશીપ' કાર્યક્રમ પ્રારંભ થઈ રહ્યો છે તેની ભૂમિકા યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ રજૂ કરી. બીજે દિવસે તા.૦૩ના રોજ ગ્રામજીવન યાત્રાનો કાર્યક્રમ યોજાયો તેમાં સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ

સણોસરા અને આજુબાજુનાં ગામોમાં ગ્રામજીવન પદયાત્રામાં ગયા.

● યુ.કે.ના 'ઓપિનિયન' દ્વારા પુરસ્કૃત દર વર્ષે લોકભારતી સિવાયના બહારના સ્થળે 'દર્શક' જન્મતિથિએ યોજાતી 'દર્શક ઓપિનિયન વ્યાખ્યાનમાળા' આ વર્ષે તા.૧૫મી ઑક્ટોબરના રોજ સંજોગોવશાત લોકભારતી-સણોસરા મુકામે યોજાઈ, તેમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગરના ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ મા. શ્રી મહેન્દ્રસિંહજી પરમારે 'દર્શક'ની પ્રશિષ્ટ અને લોકપ્રિય કૃતિ 'દીપનિર્વાણ'નો રસાસ્વાદ કરાવ્યો. આવકાર અને વક્તાનો પરિચય શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ અને આભારદર્શન તથા વક્તાશ્રીને શાલ અર્પણવિધિ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તથા કાર્યક્રમ સંચાલન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું.

● લોકભારતીના કાર્યકરો શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી જીવનભાઈ જોગરાણા દસેક દિવસના દુબઈ-અબુધાબીના પ્રવાસે જઈને તા.૨૧ ઑક્ટોબરના રોજ પરત આવી ગયા. તેઓનું સાયં પ્રાર્થનામાં અભિવાદન કરવામાં આવ્યું.

● સંવત ૨૦૮૦ના નૂતનવર્ષના પ્રભાતે લોકભારતી પરિવારનું સ્નેહ મિલન તા.૧૪ નવેમ્બરના રોજ યોજાઈ ગયું. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને કેટલીક સંસ્થાગત વાતો પણ રજૂ કરી.

● પૂ. મોરારિબાપુની રામકથા 'માનસ લોકભારતી'નો પ્રારંભ ગત તારીખ ૩૦મી ડિસેમ્બર (પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વ સંધ્યા)થી થયો. સણોસરા ગામના રામદેવપીરમંદિરેથી પોથીયાત્રા નીકળી. સણોસરા ગ્રામજનો ઉત્સાહપૂર્વક તેમાં જોડાયા. પોથીયાત્રામાં કથાના મનોરથી મા. શ્રી હર્ષાબા ગોહિલે પોથીયાત્રા પોતાના મસ્તક પર મૂકી પ્રારંભ કરાવ્યો. જુદા જુદા ત્રણેક ટ્રેક્ટરમાં લોકભારતીની કેળવણી પરંપરા દર્શાવતા ટેબ્લો, રાસ, ડમ્બેલ્સ, લેઝીમની જુદી જુદી ટુકડીઓ તથા ભજન-કિર્તન મંડળીઓના ભક્તિરસથી પોથીયાત્રા કથા સ્થળે પહોંચી. બરાબર ૦૪-૦૦ કલાકે કથા પ્રારંભ થયો. તા.૩૦ ડિસેમ્બરથી તા.૦૭ જાન્યુઆરી દરમિયાન રામકથા સાથે સાથે વચ્ચે ત્રણ શૈક્ષણિક સંગોષ્ઠીઓ (નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ, રુરલ ઇનોવેશન તથા પ્રાકૃતિક કૃષિ અને કૃષિ મૂલ્યવર્ધન) યોજાઈ ગઈ. ત્રણ રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો ('પરિત્રાણ' નાટક, હાર્દિક દવેના ભજનોનો કાર્યક્રમ 'ભજન સંધ્યા' અને લોકદક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત સાંસ્કૃતિક પ્રસ્તુતિ) યોજાયા. કથા દરમિયાન લોકભારતીના સંગીતવૃંદે કથાના પ્રારંભ પૂર્વે એક ગીત/ભજન રજૂ કરીને બાપુ સહિત શ્રોતાઓનાં મન હરી લીધાં. આ રામકથામાં કથાપૂર્વે એક અભૂતપૂર્વ ઘટના તે રામાયણના પાત્રો (શબરી, કેકૈયી, ઊર્મિલા, કેવટ, જટાયુ, વિભીષણ, વાલ્મીકિ અને ખિસકોલી) અંગેની એકોક્તિ સ્વરૂપે પ્રસ્તુતિ બહુ જ પ્રભાવી રહી. કથા દરમિયાન કથામાં કે શિક્ષણ સંગોષ્ઠીઓમાં પધારેલા મહેમાનો /મહાનુભાવો શ્રી મનસુખભાઈ માંડવિયા, શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી પી.કે. શુક્લાજી, શ્રી જય વસાવડા, શ્રી ભદ્રાયુ વછરાજાનીના વક્તવ્યો પણ થયાં. કથાપૂર્વેનું સંચાલન શ્રી નીતિનભાઈ વડગામાએ સુચારૂરૂપે કર્યું.

## -: સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :-

### -: લોકભારતી અધ્યાપનમંદિરઃ-

● કાર્યકર સંખ્યાઃ-

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૦૨ | ૦૨ (ટ્રસ્ટે રોકેલ શિક્ષકો) | ૦૦ | ૦૨ |

- આ શૈક્ષણિક વર્ષે પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની વિગતો:

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૨૯ | ૫૬ | ૮૫ |
| દ્વિતીય વર્ષ | ૩૮ | ૭૦ | ૧૦૮ |
| કુલ | ૬૭ | ૧૨૬ | ૧૯૩ |

**લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલ ક્ષમતાવર્ધન કાર્યક્રમો ૨૦૨૩-૨૪**

| ક્રમ | તારીખ | વક્તા/પ્રવૃત્તિ | વિષય/વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૫-૦૧-૨૦૨૩ | એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ | પ્રમુખસ્વામી નગર, અમદાવાદ ખાતે |
| ૨ | ૧૬-૦૧-૨૩થી ૩૦-૦૧-૨૩ | ઈન્ટર્નશીપ નેસ વિદ્યા ઉત્સવ | નેસ વિદ્યા ઉત્સવ ગીર-સોમનાથ, અમરેલી અને જૂનાગઢ જિલ્લાના નેસ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં તાલીમાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય થયું. |
| ૩ | ૦૪-૦૨-૨૦૨૩ | શ્રી પ્રશાંતભાઈ મંડી | ગાણિતીક મોડેલ |
| ૪ | ૦૯-૦૨-૨૦૨૩ | શ્રી શરદભાઈ બારૈયા વ્યાખ્યાતા, ડાયેટ, ભાવનગર | રમતોત્સવ યોગ, લેઝિમ, ડમ્બેલ્સ અને વિવિધ રમતો |
| ૫ | ૧૮-૦૨-૨૦૨૩ | પૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન | વર્ષ ૨૦૦૬-૦૮ની બેચના વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન |
| ૬ | ૨૮-૦૨-૨૦૨૩ | વિજ્ઞાનદિવસ | સણોસરા તેમજ માઈધાર આસપાસની પ્રાથમિક શાળાઓમાં તાલીમાર્થીઓ દ્વારા પ્રયોગો દ્વારા શિક્ષણકાર્ય |
| ૭ | ૦૫-૦૩-૨૦૨૩ | વાલી મિલન | પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના વાલીઓનું મિલન |
| ૮ | ૦૭-૦૩-૨૦૨૩ | જી.એચ.સંઘવી બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ | લોકભારતી મુલાકાત અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૯ | ૦૭-૦૩-૨૦૨૩ | શ્રી પ્રતીકભાઈ વ્યાસ અને ડી.એલ.એડ. કૉલેજ, બોરખડીની તાલીમાર્થી બહેનો | લોકભારતી મુલાકાત અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૧૦ | ૨૫-૦૩-૨૦૨૩ | શ્રી ઘનશ્યામભાઈ ગોહિલ અને શ્રી દલસુખભાઈ પરમાર | સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રીઓ અંગેના કાયદા અને તેનો ઉપયોગ |
| ૧૧ | ૨૬-૦૩-૨૦૨૩ | શ્રી આત્મન લાલકિયા | રેડિયો કાર્યક્રમમાં રજૂ થતા બાળ વાર્તાકાર |
| ૧૨ | ૨૬-૦૩-૨૦૨૩ | શ્રી મનીષભાઈ મંજુલ | શિક્ષકનું સમાજમાં દાયિત્વ |
| ૧૩ | ૩૧-૦૩-૨૦૨૩ | ડાયેટ ભાવનગર અને ટીમ | વાર્ષિક નિરીક્ષણકાર્ય |
| ૧૪ | ૧૯-૦૪-૨૦૨૩ | દિક્ષાંત કાર્યક્રમ | દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને શુભેચ્છા |
| ૧૫ | ૧૮-૬-૨૦૨૩થી ૦૨-૦૭-૨૦૨૩ | ઈન્ટર્નશીપ | મણાર આસપાસના ગામોની શાળામાં શિક્ષણકાર્ય |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૦૭-૦૭-૨૦૨૩ | વર્ષામંગલ | વર્ષાઋતુનાં વધામણાં, વર્ષાગીત ગાયન |
| ૧૭ | ૧૨-૦૭-૨૦૨૩ | શ્રી દિનુભાઈ ચુડાસમા | શિક્ષકની પ્રતિબદ્ધતા |
| ૧૮ | ૧૮-૦૭-૨૦૨૩ | પ્રથમ વર્ષ પ્રવેશોત્સવ | પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનો પ્રવેશ ઉત્સવ |
| ૧૯ | ૨૦-૦૭ થી ૨૧-૦૭-૨૦૨૩ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રામચંદ્રભાઈ પંચોળી | સત્રારંભ : તાલીમાર્થીઓનો આવકાર-સ્વાગત |
| ૨૦ | ૦૧-૦૮-૨૦૨૩ | શ્રી અરજણભાઈ ડાંગર | ચિત્રકલાના પાયાના ખ્યાલો |
| ૨૧ | ૦૩-૦૮-૨૦૨૩ | અમૃતમહોત્સવ પૂર્ણાહુતિ | સંસ્થાના પરિવારજનો |
| ૨૨ | ૦૫-૦૮-૨૦૨૩ | આમસભા | વિદ્યાથી જૂના મંત્રીમંડળની કામગીરીનો અહેવાલ રજૂઆત અને નવા મંત્રીમંડળની રચના |
| ૨૩ | ૦૯-૦૮-૨૦૨૩ | ખજાના શોધ | પ્રકૃતિદર્શન અને વનભોજન |
| ૨૪ | ૧૪ થી ૧૯-૦૮ | લોકભારતીત્વ અભિમુખતા | લોકભારતીને સમજવા માટેનો પ્રયાસ |
| ૨૫ | ૧૯-૦૮-૨૦૨૩ | શ્રી દિલીપભાઈ વ્યાસ- નિ. આચાર્ય, અલિયાબાડા | લોકભારતી શુભેચ્છા મુલાકાત અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૨૬ | ૨૨-૦૮-૨૦૨૩ | શ્રી પ્રતીભાબહેન, સાબરતી આશ્રમ અમદાવાદ | લોકભારતી શુભેચ્છા મુલાકાત અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૨૭ | ૨૩-૦૮ અને ૨૪-૦૮-૨૩ | હિરોશીમા પશ્ચાતાપ દિવસના સંદર્ભે મનોમંથન | હિરોશીમા—નાગાસાકીની કરુણાંતિકા સંદર્ભે તાલીમાર્થીઓનો પ્રેઝેન્ટેશન દ્વારા સ્વાધ્યાય રજૂઆત અને શ્રી અરુણભાઈ દવેનું પ્રાસંગિક વક્તવ્ય |
| ૨૮ | ૧૪-૦૯-૨૦૨૩ | શ્રી ભરતસિંહજી રાણા - પૂર્વ તાલીમાર્થી | વિદ્યાર્થી તરીકેના સંસ્મરણો અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૨૯ | ૧૭-૦૯થી ૨૦-૦૯-૨૦૨૩ | દ્વારકા ટ્રેન પ્રવાસ | દ્વારકા અને આસપાસનાં સ્થળોનો ૧૨૫ સંખ્યા અને ૪ અધ્યાપકો સાથેનો ત્રણ દિવસનો ટ્રેન પ્રવાસ |
| ૩૦ | ૦૫-૧૦થી ૦૬-૧૦-૨૦૨૩ | ઈન્ટર્નશીપ | પ્રથમ વર્ષની ભાવનગર શિશુવિહાર, દક્ષિણામૂર્તિ બાલમંદિર ખાતે ઈન્ટર્નશીપ અને સાયન્સ સેન્ટરની મુલાકાત |
| ૩૧ | ૩૧-૧૦-૨૦૨૩ | દક્ષિણામૂર્તિ અને શિશુવિહાર સંસ્થાના શિક્ષકો | લોકભારતી શુભેચ્છા મુલાકાત અને તાલીમાર્થીઓ સાથે સંવાદ |
| ૩૨ | ૦૨-૧૧થી ૦૩-૧૧-૨૦૨૩ | S.E.A.S.ગુજરાત સરકાર દ્વારા આયોજિત (સ્ટેટ લેવલ એજ્યુકેશનલ એચિવમેન્ટ સર્વે) | તાલીમાર્થીઓએ સિહોર, ગારિયાધાર, પાલીતાણા અને જેસર તાલુકાની પ્રાથમિક, માધ્યમિક શાળાના પસંદ કરેલ ધોરણમાં ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર તરીકે વાચન, લેખન અને ગણનની કસોટી લીધી. |
| ૩૩ | ૦૮-૧૧-૨૦૨૩ | વાલી મિલન | પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના વાલીઓનું મિલન |

● અધ્યાપનમંદિર સિવાય લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં વર્ષ દરમ્યાન સામૂહિક કાર્યક્રમો, ઉત્સવો/પ્રવૃત્તિઓ થઈ રહી છે જેનો પણ વિદ્યાર્થીઓને લાભ મળે છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, ગુરુપૂર્ણિમા, વિવિધ વ્યાખ્યાન માળાઓ, વક્તાઓનાં વ્યાખ્યાનો આનંદબજાર, સાહસદોડ, ગરબી, શૈક્ષણિક ફિલ્મ દર્શન, જાણીતા કલાકારો દ્વારા ભજવાતું નાટક, સંગીત અને અન્ય લલિત કલાઓને લગતા કાર્યક્રમો.

● વર્ષ દરમ્યાન તાલીમાર્થીઓએ સ્વપ્રયત્ને વેસેલીન, મીણબત્તી, કોડિયા જેવી વસ્તુઓ બનાવીને તેમાંથી સ્વાવલંબી બનવા પ્રયત્ન કર્યો. તે ખૂબ સરાહનીય છે.

**મુલાકાતી અધ્યાપકશ્રીઓ**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી રમાબહેન દેવમુરારિ | સંગીત શિક્ષક |
| ૨ | શ્રી અર્ચનાબહેન દવે | પર્યાવરણ અને વિજ્ઞાન શિક્ષણ |
| ૩ | શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહિલ | ચિત્ર શિક્ષક |

**-: લોકસેવા મહાવિદ્યાલય :-**

● સ્ટાફ :-

| વિભાગ | અધ્યાપકો | વહીવટી કાર્યકરો | સંસ્થાએ રોકેલ કાર્યકરો | કુલ |
|---|---|---|---|---|
| લોકસેવા મહાવિદ્યાલય | ૧૬ | ૦૫ | ૦૪ | ૨૫ |

● વિદ્યાર્થી સંખ્યા (વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવેશ મેળવેલ):-

| વર્ષ | વિદ્યાર્થી સંખ્યા-ભાઈઓ | વિદ્યાર્થી સંખ્યા-બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૩૬ | ૩૬ | ૭૨ |
| દ્વિતીય વર્ષ | ૩૪ | ૩૬ | ૭૦ |
| તૃતીય વર્ષ | ૩૫ | ૩૩ | ૬૮ |
| કુલ | ૧૦૫ | ૧૦૫ | ૨૧૦ |

**વિદ્યાર્થી સિદ્ધિ**

● તા.૮/૮/૨૦૨૩થી તા.૧૦/૮/૨૦૨૩ સુધી એફ.વાય. બી.આર.એસ.ના વિધાર્થીઓ માટેની અભિમુખતાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કર્યું અને સદર કાર્યક્રમમાં ટી.વાય. બી.આર.એસ.ના વિદ્યાર્થીઓએ લોકભારતી સંસ્થાનાં મૂલ્યોને ધ્યાનમાં રાખીને તે અંતર્ગત એફ.વાય.ના વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા. તા.૧૦/૦૮/૨૩ના રોજ કાર્યક્રમની પૂર્ણાહુતિ સમયે વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા, તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમ અંતર્ગત માર્ગદર્શનરૂપે વિશેષ વાત કરી હતી.

● તા.૨૩/૦૯/૨૩ના રોજ ટી.વાય. બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ શિક્ષણ અને N.G.O. નિવાસ સંદર્ભે તેમના N.G.O. નિવાસ અને શિક્ષણ નિવાસના વિદ્યાર્થીઓએ કેવી કામગીરી કરવી અને કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવામાં આવે તે અંતર્ગત આચાર્યશ્રી, નિયામકશ્રી અને આ કાર્યક્રમના આયોજકોએ વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા. ત્યાર બાદ બપોર પછી દરેક ગ્રુપના વિષય અધ્યાપકોએ પણ વિષય મુજબ કેવી કામગીરી કરવી તે અંતર્ગત અભિમુખ કર્યા.

● તા.૨૬/૯/૨૩થી ૧૦/૧૦/૨૦૨૩ સુધી ટી.વાય. બી.આર.એસ.ના લો.શિ.ના વિદ્યાર્થી N.G.O. નિવાસ અને કૃષિના વિદ્યાર્થીઓ શિક્ષણ નિવાસમાં જઈ આવ્યા. આ કાર્યક્રમમાં ગુજરાતની N.G.O. માં વિદ્યાર્થીઓએ જઈને પ્રત્યક્ષ કાર્યાનુભવ મેળવ્યો અને ગુજરાતની શાળાઓમાં જઈને પ્રત્યક્ષ શિક્ષણનો અનુભવ લીધો. આ કાર્યક્રમના સંયોજક શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી અલ્કેશભાઈ ચૌહાણ હતા.

**શૈક્ષણિક પ્રવાસો**

● તા.૨૩/૮/૨૩ના રોજ T.Y. B.R.S.ના કૃષિ વિષય શિક્ષણના ભાગરૂપે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૃષિ શિક્ષણ અંતર્ગત નવાગામના શ્રી દીપકભાઈની વાડીએ બિયારણના કપાસના પ્લોટની મુલાકાત લીધી, જેમાં કપાસનું બિયારણ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેની માહિતી મેળવી, ત્યાંથી સખવદર ગામે શ્રી રવજીભાઈની વાડીએ ડ્રેગન ફ્રૂટનું વાવેતર જોયું અને તે અંતર્ગત માહિતી મેળવીને પછી માળનાથ મહાદેવના દર્શન કરી અને નાગધણીંબાના દર્શન કરી સાંજે પાછા આવ્યા.

● તા.૧૬/૦૯/૨૩ના રોજ T.Y. B.R.S. અને F.Y.B.R.S.ના વિદ્યાર્થીઓને વિષય અંતર્ગત ગાંધીનગર એગ્રીએશિયા ઇન્ટરનેશનલ કૃષિમેળામાં જઈ આવ્યા. તેની સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી મનોજભાઈ અગ્રાવત હતા.

**બુધ અને શનિ સંમેલન**

● તા.૦૮/૦૭/૨૦૨૩ને શનિવારે ભૂ.પૂ. વિદ્યાર્થી શ્રી વિશાલભાઈ મહેતાએ 'મેઇક ઇન ઇન્ડિયા' વિષય અંતર્ગત વાતો કરી અને પોતે B.R.S. કર્યા પછી કમ્પનીમાં નોકરીની શરૂઆત કરી અને પોતે હોટલ તેમજ અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા શરૂ કરી. તે અંગેના પોતાના અનુભવો રજૂ કર્યા અને વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થાય તે અંગેની વાતો કરી.

● તા.૨૬/૦૭/૨૦૨૩ના રોજ બુધ સંમેલન યોજાયું. આ કાર્યક્રમમાં નર્મદા સરોવર વિશે શ્રી મનોજભાઈ અગ્રાવતે અને શ્રી કિશોરભાઈ હીરાણીએ વાતો કરી અને સમાપન આચાર્યશ્રી હસમુખભાઈ સુથારે કર્યું.

● તા.૨૯/૦૭/૨૦૨૩ના રોજ શનિ સંમેલન યોજાયું. આ સંમેલનમાં ભુતિયાના શ્રી માવજીભાઈએ કરેલાં સામાજિક સુધારણા, વ્યસન મુક્તિ, રાજકીય, કૃષિ વિષયક મહિલા રોજગારી, સ્વાવલંબન, સરકારી વગેરે ક્ષેત્રોમાં જે કાર્યો કર્યા હતાં તેની અને પોતાના સાદગીભર્યા જીવનધોરણની વાત કરી. જીવનમાં નૈતિકતાતા વિનાનું જીવન નકામું છે તેવા પોતાના વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓને જીવનલક્ષી વાતો કરી.

● તા.૦૫/૦૮/૨૦૨૩ના રોજ શનિ સંમેલન યોજાયું. આ સંમેલનમાં ધર્મ અને અધ્યાત્મ વિષય ઉપર વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

● તા.૧૬/૦૯/૨૦૨૩ના રોજ શનિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું આ સંમેલનમાં 'વ્યક્તિત્વ વિકાસ' વિષય ઉપર વિદ્યાર્થીઓના પ્રશ્નો અંતર્ગત જવાબ આપ્યા અને શ્રી જીજ્ઞેશભાઈએ સહજ મુદ્દા અંતર્ગત પોતાના વિચારો રજૂ કર્યા.

● તા.૨૩/૯/૨૦૨૩ના રોજ શનિ સંમેલન યોજાઈ ગયું, આ સમેલનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને તેની કામગીરી અંતર્ગત શ્રી જગદીશભાઈ કંટારિયાએ વિગતવાર માહિતી આપી.

● તા. ૩/૧૦/૨૩ના રોજ સણોસરા અને તેની આજુબાજુના ગામમાં ટુકડી મુજબ કાર્યકરો અને વિદ્યાર્થીઓ ગામડામાં જઈ પ્રતીકાત્મક સફાઈ કરી હતી અને તે અંતર્ગત કાર્યક્રમો કર્યા હતા તેના પ્રતિભાવો વ્યક્ત કર્યા.

● તા.૧/૧૧/ ૨૦૨૩ના રોજ બુધ સંમેલન યોજાયું. આ સંમેલન માં F.Y. અને T.Y., B.Voc.ના વિદ્યાર્થીઓ

હાજર હતા. આ સંમેલનમાં સાંપ્રત સમયમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે જે યુદ્ધની પરિસ્થિતિનું નિર્માણ થયું છે, તે અંતર્ગત શ્રી પૂજાબહેન પુરોહિતે વાત કરી.

● તા.૪/૧૧/૨૦૨૩ શનિ સંમેલનનું આયોજન થયું. આ સંમેલનમાં શ્રી કાંતિભાઈ ગોઠી દુબઈના પ્રવાસમાં ગયા હતા, તેના અનુભવોમાં ત્યાંની વાહન વ્યવહાર, પાણી, વ્યવસાય, સ્વચ્છતા, પર્યાવરણ, ખાણી-પીણી વગેરે વાત કરી. તેમાં બીજા દેશો કરતાં દુબઈ સમૃદ્ધ અને આગળ પડતો દેશ છે. અને ત્યાંની શાસન વ્યવસ્થા અને કાયદાઓ કડક છે તેના કારણે ત્યાં પ્રશ્નો ઓછા છે. પરિણામે વિશ્વના દેશો તેની મુલાકાત લે છે. તેમજ આવનાર ચાલીસ વર્ષમાં આ દેશ ક્યાં હશે તેનું આયોજન કરીને મ્યુઝિયમ પણ બનાવ્યું છે. આ દેશનો વિકાસ ટ્યૂરિઝમ અને ખનીજ તેલ ઉપર આધારિત છે. તે અંગેના પોતાના પ્રવાસ દરમિયાનના અનુભવો વ્યક્ત કર્યા.

● તા.૨૯/૧૧/૨૦૨૩ના રોજ બુધ સંમેલન યોજાયું. આ સંમેલનમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને તેની પાછળનાં કારણો અંગે વિદ્યાર્થીઓએ વાત કરી તેમ જ શ્રી ધીરુભાઈ રાઠોડે જૂની શિક્ષણનીતિ અને નવી શિક્ષણનીતિ આ અંગે ઝીણવટથી વાત કરી.

● તા.૯/૧૨/૨૦૨૩ શનિ સંમેલનમાં વ્યક્તિત્વ વિકાસ અંગે વિદ્યાર્થીઓએ રજૂઆત કરી અને પછી શ્રી વિશાલભાઈ જોશીએ સમાપન કરેલ.

● તા.૧૩/૧૨/૨૦૨૩ના રોજ બુધ સંમેલનમાં જાણીતા ભાષાવિદ અને સાહિત્યકાર શ્રી જિતુભાઈ ત્રિવેદી અને સંગીતજ્ઞ અને કવિશ્રી મધુકરભાઈ ઉપાધ્યાય આવીને બંનેએ પોતાની રચનાઓનું પઠન કરીને તે વિશે વિશેષ વાત કરી હતી.

**વિશેષ**

● તા.૧૦/૭/૨૩ને સોમવારના રોજ F.Y. B.R.Sના વિદ્યાર્થીઓ હાજર થતા સંસ્થા અને વિભાગ ધમધમતો થયો.

● તા.૧૦/૯/૨૩ના રોજ પ્રકૃતિદર્શનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની પાંચ ટુકડી અને તેની સાથે કાર્યકરો જોડાયા. સવારે સાત કલાકે વિદ્યાર્થીઓ ડુંગરનું ચઢાણ-ઉતરાણ કરતાં કરતાં જૈવિક વૈવિધ્ય, હરિયાળી પ્રકૃતિને માણતાં માણતાં ક્યાંક કુદરતના ખોળે ગરબીનો લ્હાવો લઈ અને મેલડી માતાજીના મંદિરે પહોંચ્યા. અહીં વનવિભાગના ગાર્ડ માણસોએ જંગલ અને વન્ય જીવો વિશે માહિતી આપી અને વિદ્યાર્થીઓને આ પ્રકૃતિદર્શન વખતે જે અનુભવો થયા તે વ્યક્ત કર્યા અને ભોજન લઈને સૌ છૂટા પડ્યા.

● તા.૨૮/૯/૨૩ના રોજ આપણી સંસ્થાના શુભેચ્છક અને ભૂ.પૂ. કાર્યકર શ્રી ધ્રુવભાઈએ સાંજની પ્રાર્થના સમયે વાયોલીન વાદન કર્યું. આ વાદન દ્વારા તેમણે વાયોલીનવાદનની કળા દ્વારા ગીતો રજૂ કર્યાં હતા અને તેના દ્વારા પોતાની હસ્તગત કળા એવી રીતે રજૂ કરી જેથી આખું સારસ્વતભવન પ્રભાવિત થયું.

### -: લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન :-

● લોકભારતી યુનિવર્સિટીની સ્થાપના જૂન-૨૦૨૨માં થઈ. યુનિવર્સિટીમાં School of Skills and Entrepreneurship અને School of Humanities and Social Science એમ ૦૨ સ્કુલ્સમાં કુલ ૦૬ Degree Programme શરૂ કરવામાં આવેલ છે. (૧) Department of Agronomy, Department of Animal Husbandry and Dairy Science, Department of Agro Processing, Department of Natural Farming, Department

of Psychology અને Department of English and Communication Skills છે. આ ૦૨ સ્કુલ્સ કુલ ત્રણ પ્રકારની સ્નાતક ડિગ્રી આપે છે. Bachelor of Arts, Bachelor of Vocation અને Bachelor of Rural Studies.

**વિભાગવાર વિદ્યાર્થીઓની સંખ્યા**

| ક્રમ | વિભાગ | વર્ષ | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બી.એ. | પ્રથમ | ૦૪ | ૦૬ | ૧૦ |
| ૨ | | દ્વિતીય | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૩ | બી.આર.એસ. | પ્રથમ | ૦૪ | ૭૭ | ૮૧ |
| ૪ | | દ્વિતીય | ૦૬ | ૪૮ | ૫૪ |
| ૫ | બી.વૉક. | પ્રથમ | ૦૬ | ૩૫ | ૪૧ |
| ૬ | | દ્વિતીય | ૦૬ | ૪૫ | ૫૧ |
| | કુલ સંખ્યા | | ૨૯ | ૨૨૦ | ૨૪૯ |

**કાર્યકરોની સંખ્યા :**

| ક્રમ | વિગત | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક કાર્યકરો | ૦૨ | ૦૭ | ૦૯ |
| ૨ | બિનશૈક્ષણિક કાર્યકરો | ૦૧ | ૦૭ | ૦૮ |
| | કુલ | | | ૧૭ |

**પ્રવૃત્તિઓ**

- લોકભારતી યુનિવર્સિટીના બી.એ. વિભાગના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ 'શિક્ષણઃ સત્યથી તથ્ય સુધી by William Burog (from the book Dear Students)આર્ટિક્લ વાંચીને તેમના વિષે પોતાના વિચારો રજૂ કર્યા અને એક સરસ જૂથ ચર્ચા કરી અને આર્ટિકલ હાલના સમય સાથે કેવી રીતે જોડાયેલો છે તે પણ ચર્ચા કરી. આમ આ કાર્યક્રમ સફળ રહ્યો.
- ૧૦ ઑક્ટોબર વિશ્વભરમાં વિશ્વ માનસિક સ્વાસ્થ્ય-દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વમાં માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવાનો છે. મનોવિજ્ઞાન વિભાગ, લોકભારતી યુનિવર્સિટી દ્વારા ઑક્ટોબર ૧૦, ૨૦૨૩ના રોજ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય- દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની થીમ માનસિક સ્વાસ્થ્યએ સાર્વત્રિક માનવ અધિકાર છે. મનોવિજ્ઞાન વિભાગના વડા ડૉ. અંકુર મહિડાએ માનસિક સ્વાસ્થ્ય પર વક્તવ્ય આપ્યું હતું અને ઉજવણીની થીમ જાહેર કરી હતી. ડૉ. મનોજ પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર ઓફ સાયકોલોજી), સ્વામી સહજાનંદ કૉલેજ-ભાવનગરને આ કાર્યક્રમ માટે અતિથિ વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા. ડૉ. મનોજ પરમારે ગ્રામીણ માનસિક સ્વાસ્થ્ય પર વક્તવ્ય આપ્યું હતું. લોકભારતી યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓએ સક્રિયપણે હાજર રહી ભાગ લીધો હતો. આ દિવસે મનોવિભાગમાં વિધાર્થીઓ દ્વારા મનોવૈજ્ઞાનિક પરીક્ષણનું પણ આયોજન કરવામાં આવ્યું.
- ઈ-લર્નિંગ પ્રદર્શન : તા.૧૮મી ઑગસ્ટ ૨૦૨૩ના રોજ યોજાયેલ (E-learning exhibition held on 18th August 2023).

આ યુનિવર્સિટી કક્ષાની ઇવેન્ટ્સમાં, ડિપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજીના વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો, તેમ જ

તે ઈવેન્ટનું નેતૃત્વ સંભાળ્યું. વિદ્યાર્થીઓ તે પ્રસંગમાંથી ઘણી વસ્તુઓ શીખ્યા, જેમ કે સમય વ્યવસ્થાપન, સમયની પાબંદી, વિચારોની સ્પષ્ટતા, સાચી ભાષા, ચાર્ટ બનાવવા, નેતૃત્વ કરવું, કાર્યક્રમ સંચાલન વગેરે.

- ઈન્ટર્નશિપ (સપ્ટેમ્બર ૨૦૨૩) (Internship)

મનોવિજ્ઞાન વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થીઓએ તારીખ ૧૩-૦૯-૨૦૨૩થી ૧૭-૦૯-૨૦૨૩ સુધી વિવિધ સંસ્થાઓ/લોકશાળાઓ ખાતે તેમની ઈન્ટર્નશિપ કરી. જેમાં માઈધાર, મણાર, ફુલસર, બેલા, વાળુકડ અને દુધાળાનો સમાવેશ થાય છે. ઇન્ટર્નશીપ દરમિયાન, વિદ્યાર્થીઓ સાથેની ક્રિયા-પ્રતિક્રિયા, ઈન્ટરવ્યૂ અને પ્રશ્નોત્તરી કૌશલ્યો, કેસ સ્ટડીઝ, વિવિધ વયજૂથોના વિદ્યાર્થીઓ સાથે સમય વ્યવસ્થાપન, નેતૃત્વ, વર્ગ-પ્રવૃત્તિઓ, શિક્ષણ વગેરે પર સક્રિય રીતે કામ કર્યું હતું.

- વિભાગમાં ગોઠવાયેલ નિષ્ણાતોનાં વક્તવ્યો :

| ક્રમ | વક્તા | મુદ્દો | તારીખ |
|---|---|---|---|
| ૧ | ડૉ. મંડી સર | શબ્દભંડોળનો વિકાસ | ૨૨/૦૯/૨૦૨૩ |
| ૨ | ડૉ. તરુણ સર | આયોજનનું મહત્ત્વ | ૬/૧૦/૨૦૨૩ |
| ૩ | ડૉ રાજેન્દ્ર ચોટલિયા | નાટકની ઉત્પત્તિ | - |
| ૪ | શ્રી વિપુલ ડાભી | સાહિત્ય એટલે શું? ધ વે ઓફ ધ વર્લ્ડ | ૩૦/૧૦/૨૦૨૩ |

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના વિદ્યાર્થીઓ દ્વારા લોકનર્સરી ઉપર જુદા જુદા પ્રેક્ટિકલ કરવામાં આવ્યા હતા.
- તા.૨૮ મે ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના વિદ્યાર્થીઓ દ્વારા લોકનર્સરી ઉપર જમીનનો નમૂનો કેવી રીતે લેવો તે પ્રેક્ટિકલ કરવામાં આવ્યું.
- પ્રાકૃતિક કૃષિના વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલના ભાગરૂપે ગૌશાળામાં જુદી-જુદી ગોબર પ્રોડક્ટ બનાવી.
- પ્રાકૃતિક કૃષિના વિદ્યાર્થીઓ પ્રેક્ટિકલના ભાગરૂપે ગૌશાળામાં કેન્ડી બનાવતા શીખ્યા.
- પ્રાકૃતિક કૃષિના વિધાર્થીઓ પ્રેક્ટિકલના ભાગરૂપે લોક નર્સરી પર પ્રાકૃતિક શાકભાજી વાવેતર કરવા માટે જમીનની તૈયારી કરી.
- તા. ૨૯ જુલાઈ ૨૦૨૩ના રોજ શ્રી હર્ષલભાઈ ગાલા દ્વારા બી.વોક.ના વિદ્યાર્થીઓને ઇઝરાઈલની ખેતી વિષે તેમના અનુભવોની વાત સરસ રીતે કરી.
- તા.૬ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ ડૉ. તરુણભાઈ શાહ—એકેડેમીક ડિરેક્ટર PDPU દ્વારા બી.વોક.ના વિદ્યાર્થીઓને તેમના અનુભવોની વાત સરસ રીતે કરીને નિષ્ણાત વ્યાખ્યાન આપ્યું.
- તા. ૩૦ અને ૩૧ ઑક્ટોબર ૨૦૨૩ બે દિવસનો એક વર્કશોપ ગોઠવવામાં આવ્યો, જેમાં શ્રી બકુલભાઈ પટેલ દ્વારા પંચસ્તરીય બાગાયતી પ્રાકૃતિક ખેતી વિષે તેમના અનુભવોની વાત સરસ રીતે કરીને નિષ્ણાત વ્યાખ્યાન આપ્યું હતું.
- તા. ૨૧ જૂન ૨૦૨૩ના રોજ વિશ્વ યોગદિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં પ્રાકૃતિક કૃષિ વિષયના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

● નેચરલ ફાર્મિંગના ત્રીજા વર્ષના વિધાર્થી દ્વારા જુદા જુદા ચોમાસુ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિષય ઉપર લેખો લખવામાં આવ્યા, જે 'કૃષિ પ્રભાત' સામયિકમાં પ્રકાશિત થયા.

● તા.૧૨ એપ્રિલ ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના અધ્યાપક અને હેડ શ્રી વીરાભાઈ ચાવડાનું આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે ગુજરાતના મહામહીમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રચાર અને પ્રસાર કરવા માટે સન્માન કરવામાં આવ્યું.

● તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના અધ્યાપક અને હેડ શ્રી વીરાભાઈ ચાવડા ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકમાં પ્રાકૃતિક કૃષિ વિષયનું પ્રકરણ ઉમેરવા માટેની કમિટિના મેમ્બર બન્યા અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ખાતે હાજરી આપી.

● તા.૧ અને ૨ નવેમ્બર ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના અધ્યાપક અને હેડ શ્રી વીરાભાઈ ચાવડા સાળંગપુર ખાતે આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ તાલીમમાં નિષ્ણાત તરીકે વ્યાખ્યાન આપવા બે દિવસના વર્કશોપમાં હાજરી આપી.

● તા.૩૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના અધ્યાપક અને હેડ શ્રી વીરાભાઈ ચાવડા રામોદ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિષયના વિષય નિષ્ણાત તરીકે વ્યાખ્યાન આપી આવ્યા.

● તા.૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ નેચરલ ફાર્મિંગના અધ્યાપક શ્રી વીરાભાઈ ચાવડાનું Ph.D. કમ્પ્લીટ થયું અને તેમણે 'A Comparative Study On Effect of Zero Budget Farming and Traditional Farming On Socio-Economic Status of Farmers. (With Reference to Bhavnagar District)' વિષય પર ડોકટેરેટની પદવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટમાંથી મેળવી.

● તા. ૨૩ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ શ્રી અમોલભાઈ ખડસોરે દ્વારા બી.વોક.ના વિદ્યાર્થીઓને પર્માકલ્ચર ખેતી વિષે તેમના અનુભવોની વાત સરસ રીતે નિષ્ણાત વ્યાખ્યાન આપ્યું.

● તા. ૩૦ અને ૩૧ ઑક્ટોબર ૨૦૨૩, બે દિવસનો એક વર્કશોપ બી.વોક. વિભાગ દ્વારા કરવામાં આવ્યો, જેમાં શ્રી બકુલભાઈ પટેલ દ્વારા બી.વોક.ના વિદ્યાર્થીઓને પંચસ્તરીય બાગાયતી પ્રાકૃતિક ખેતી વિષે તેમના અનુભવોની વાત સરસ રીતે કરીને નિષ્ણાત વ્યાખ્યાન આપ્યું.

## - : પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર :-

● કાર્યકરોની વિગતો

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૨ | ૦૫ |

આ તાલીમ કેન્દ્રમાં નવનિયુક્ત મહેસુલી તલાટી, ગ્રામપંચાયત મંત્રીઓને ૯૦ દિવસની પાયાની તાલીમ તથા અનુભવી તલાટીઓ માટે ૧૪ દિવસના ઓપવર્ગનું આયોજન કરવામાં આવે છે. આ તાલીમી કાર્યક્રમમાં શ્રી વિકાસ કમિશ્નરશ્રીની કચેરી-ગાંધીનગરથી નક્કી થઈ આવ્યા અનુસાર થાય છે.

આ સમયગાળામાં નીચે મુજબના ઓપ વર્ગો ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાવ. | સુરે.નગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | ભાઈઓ | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૮થી ૩૧/૧/૨૩ | ૦૭ | ૦૪ | ૦૨ | -- | -- | -- | ૧૩ | - |
| ૨ | ૦૯/૦૨/૨૦૨૩થી ૨૨/૦૨/૨૦૨૩ | ૦૬ | ૦૫ | ૦૫ | ૦૫ | ૦૬ | ૦૭ | ૩૪ | -- |
| ૩ | ૦૧/૦૩/૨૦૨૩થી ૧૪/૦૩/૨૦૨૩ | ૦૬ | ૦૫ | ૦૪ | ૦૫ | -- | ૦૭ | ૨૭ | -- |
| ૪ | ૦૫/૦૪/૨૦૨૩થી ૧૮/૦૪/૨૦૨૩ | ૦૬ | ૦૬ | ૦૩ | -- | -- | ૦૫ | ૨૦ | -- |
| ૫ | ૨૬/૦૪/૨૦૨૩થી ૦૯/૦૫/૨૦૨૩ | ૦૬ | ૦૫ | ૦૭ | -- | ૦૪ | ૦૫ | ૨૭ | - |
| ૬ | ૧૭/૦૫/૨૦૨૩થી ૩૦/૦૫/૨૦૨૩ | ૦૬ | ૦૭ | ૦૪ | ૦૭ | - | ૦૫ | ૨૯ | - |
| ૭ | ૦૭/૦૬/૨૦૨૩થી ૨૦/૦૬/૨૦૨૩ | ૦૬ | ૦૫ | ૦૩ | -- | -- | ૦૪ | ૧૮ | - |
| ૮ | ૨૮/૦૬/૨૦૨૩થી ૧૧/૦૭/૨૦૨૩ | ૦૭ | ૦૬ | ૦૪ | -- | -- | ૦૬ | ૨૩ | - |
| ૯ | ૧૯/૦૭/૨૦૨૩થી ૦૧/૦૮/૨૦૨૩ | ૦૭ | ૦૬ | -- | ૦૪ | -- | ૦૭ | - | ૨૪ |
| ૧૦ | ૧૦/૦૮/૨૦૨૩થી ૨૩/૦૮/૨૦૨૩ | ૦૬ | ૦૬ | -- | -- | -- | -- | - | ૧૨ |
| ૧૧ | ૩૧/૦૮/૨૦૨૩થી ૧૩/૦૯/૨૦૨૩ | ૦૫ | ૦૭ | -- | -- | -- | ૦૬ | - | ૧૮ |
| ૧૨ | ૨૧/૦૯/૨૦૨૩થી ૦૪/૧૦/૨૦૨૩ | ૦૫ | ૦૬ | -- | -- | -- | ૦૭ | - | ૧૮ |
| ૧૩ | ૧૦/૧૦/૨૦૨૩થી ૨૩/૧૦/૨૦૨૩ | ૦૭ | ૦૬ | -- | -- | -- | -- | ૧૩ | - |
| ૧૪ | ૨૬/૧૦/૨૦૨૩થી ૦૮/૧૧/૨૦૨૩ | ૦૭ | ૦૬ | -- | -- | -- | ૦૭ | ૨૦ | - |
| ૧૫ | ૨૨/૧૧/૨૦૨૩થી ૦૫/૧૨/૨૦૨૩ | ૦૬ | ૦૫ | ૦૪ | ૦૫ | -- | ૦૬ | ૨૬ | - |
| ૧૬ | ૧૪/૧૨/૨૦૨૩થી ૨૭/૧૨/૨૦૨૩ | ૦૭ | ૦૭ | -- | -- | -- | -- | ૧૪ | - |
| | કુલ | ૧૦૦ | ૯૨ | ૩૬ | ૨૬ | ૧૦ | ૭૨ | ૨૬૪ | ૭૨ |

આમ છ જિલ્લાના તાલીમાર્થીઓ માટે મા. શ્રી વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના આદેશ અનુસાર આ સમયગાળામાં સોળ ઓપ વર્ગો ચલાવવામાં આવેલ, જેમાં બહેનો–૭૨ તથા ભાઈઓ–૨૬૪, તેમ કુલ મળી ૩૩૬ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવેલ.

**સંસ્થાગત મહાનુભવો તથા વિભાગીય વડાઓ–કાર્યકરોનો લાભ તાલીમાર્થીઓને પ્રાપ્ત થયો**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી અરુણભાઈ દવે | મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૨ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૩ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૪ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૫ | શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની | પૂર્વ કુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન |
| ૦૬ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | પૂર્વ રજિસ્ટારશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન |
| ૦૭ | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી | કુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન |
| ૦૮ | શ્રી વિશાલભાઈ ભાદાણી | ઉપ કુલપતિશ્રી લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન |
| ૦૯ | શ્રી નિગમભાઈ શુકલ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વિભાગીય વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી |
| ૧૦ | શ્રી જગદીશભાઈ ગોસાઈ | આચાર્યશ્રી, અધ્યાપનમંદિર લોકભારતી |
| ૧૧ | શ્રી અર્ચનાબહેન દવે | લોકભારતી વિજ્ઞાનભવન |
| ૧૨ | શ્રી દિનુભાઈ ચુડાસમા | ગાંધીભારતી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૩ | શ્રી વિક્રમભાઈ દેસાઈ | કે.વી.કે., લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૪ | શ્રી વિનીતભાઈ સવાણી | કે.વી.કે., લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૫ | શ્રી લાલજીભાઈ રાઠોડ | કૃષિ સંશોધન લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૬ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | પૂર્વ નિયામકશ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૭ | શ્રી પ્રદીપભાઈ ક્યાડા | કે.વી.કે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |

નીચે મુજબના સરકારી અધિકારીશ્રીઓ તથા અન્ય તજજ્ઞ કર્મચારીશ્રીઓનો લાભ તાલીમાર્થીઓને પ્રાપ્ત થયો

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી અશોકભાઈ પંચાલ | સર્કલ ઇન્સપેકટર, વલ્લભીપુર |
| ૦૨ | શ્રી સુરેશભાઈ ભટ્ટ | નિવૃત સર્કલ ઇન્સપેકટર, વલ્લભીપુર |
| ૦૩ | શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત ગ્રામસેવક, ભાવનગર |
| ૦૪ | શ્રી દિલીપભાઈ મહેતા | સર્કલ ઇન્સપેકટર, સિહોર |
| ૦૫ | શ્રી યાકુબભાઈ કોઠારિયા | નિવૃત ત.ક.મંત્રી(રાષ્ટ્રીય પ્રવકતા) |
| ૦૬ | શ્રી ખેંગારસિંહજી | નિવૃત સર્કલ ઈન્સપેકટર |
| ૦૭ | શ્રી કૃણાલભાઈ | જિલ્લા પંચાયત, હિસાબી શાખા ભાવનગર |
| ૦૮ | શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વ સરપંચશ્રી, ઈશ્વરિયા |

| | | |
|---|---|---|
| ૧૦ | શ્રી તેજસભાઈ ઠાકર | આચાર્યશ્રી, સાદરા પં.રા.તાલીમ કેન્દ્ર |
| ૧૩ | શ્રી અનિલકુમાર રાઠોડ | ડી.આર.ડી.એ., ભાવનગર |
| ૧૪ | શ્રી જયંતભાઈ સુમરા | ડી.આર.ડી.એ., ભાવનગર |

## -: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :-

**હાથ ધરેલ પ્રવૃત્તિઓ:**

***૧. વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક :***

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે જિલ્લામાં પ્રવર્તમાન ખેતી વિષયક પ્રશ્નો ઉપર વૈજ્ઞાનિક માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓના આયોજન માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને વર્ષ દરમિયાન તા.૨૩-૦૨-૨૦૨૩ તથા તા.૧૯-૧૦-૨૦૨૩ના રોજ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકો યોજાઈ. આ બેઠકમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી તેમ જ ભાવનગર જિલ્લાના અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેરે મળીને બંને બેઠકોમાં કુલ ૪૩ સભ્યોએ ભાગ લઈ બેઠકોને સફળ બનાવી.

***૨. અગ્રહરોળ નિર્દશન :***

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૮૦ હેકટરમાં ૫૦૫ લાભાર્થી ખેડૂતોને તુવેર, ચણા, ઘઉં, મરચી, મગફળી, કપાસ, બાજરો, એરંડા, પ્રાકૃતિક કૃષિ તેમજ દૂધાળા પશુઓને વધુ દૂધ ઉત્પાન માટેના સપ્લીમેન્ટ વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું વિવિધ ગામોમાં નિદર્શન આપવામાં આવ્યું.

***૩. ખેત અખતરા :***

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંશોધનના ભાગરૂપે ચણા, વિયાણ પછી ગાયોમાં દૂધ ઉત્પાદન વધારવા તેમ જ ગાય તથા મગફળીના દૂધના પનીરનાં પરીક્ષણ માટે અલગ અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા છે.

***૪. તાલીમ કાર્યક્રમ :***

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ૫૮ જેટલાં ગામોના કુલ ૩૦૪૦ ખેડૂતો, ખેત મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૯૨ જેટલી તાલીમ ગોઠવવામાં આવી, જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૯૨ | ૧૯૧૭ | ૧૧૨૩ | ૩૦૪૦ | ૫૮ |

***૫. ખેત પરીક્ષણ મુલાકાત :***

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમિયાન ખેત અખતરા, નિદર્શનોની માહિતી મેળવવા, ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે કુલ ૪૮ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૩૨૯ ખેડૂત ભાઈઓ-બહેનોનો સંપર્ક કરવામાં આવ્યો.

***૬. વિવિધ વિષયો પર વ્યાખ્યાન :***

જિલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેક્ટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતું, પશુપાલન ખાતું, ફાર્મર ટ્રેનિંગ સેન્ટર, બાગાયત વિભાગ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ વિષયો ઉપર કુલ ૧૯૪ વ્યાખ્યાનો યોજાયાં.

***૭. તક્નિકી બેઠકો :***

ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૧૪ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનિકી જ્ઞાનની સમજ આપી.

***૮. કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓ :***

વર્ષ દરમિયાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૩૦૬ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

***૯. અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ :***

વર્ષ દરમિયાન ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ખાતરના વિક્રેતાઓ માટે ૧૫ દિવસના બે તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા, જેના દ્વારા જિલ્લાના કુલ ૧૬૦ વિક્રેતાઓને તાલીમ આપવામાં આવી.

તેમ જ ગામડાંના ૨૫ યુવાનોને સ્મોલ ઓર્ગેનિક કલ્ટીવેટર વિષય પર ૩૦ દિવસીય તાલીમ આપી.

વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ટેલિફોનિક હેલ્પલાઈનની મદદથી ૨૨૩૦ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

ઉપરાંત કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન વિશ્વ પર્યાવરણ દિવસ(૦૫-૦૬-૨૩), આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (૨૧-૦૬-૨૦૨૩), આઈસીએઆર સ્થાપના દિવસ(૧૬-૦૭-૨૦૨૩), ગાજરઘાસ સપ્તાહ ઉજવણી(૧૬-૦૮-૨૩), પોષણ માહ ઉજવણી(૧૭-૦૯-૨૩), પોષણવાટિકા મહાઅભિયાન(૧૭-૦૯-૨૩), સ્વચ્છતા અભિયાન(૨૭-૦૯-૨૩), મહિલા કિસાનદિવસ (૧૫-૧૦-૨૩)ની ઉજવણી કરવામાં આવી.

***૧૦. કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં નિદર્શન એકમો:***

(૧) નિદર્શન ફાર્મ
(૨) ફાર્મ મશીનરી એકમ
(૩) ટપક સિંચાઈ પદ્ધતિ એકમ
(૪) છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ
(૫) અઝોલા ઉત્પાદન એકમ
(૬) નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ
(૭) પ્લગ નર્સરી એકમ
(૮) કૃષિ તકનિક પ્રદર્શન એકમ
(૯) વર્મી કમ્પોસ્ટ નિદર્શન એકમ
(૧૦) જમીન ચકાસણી એકમ
(૧૧) પોષણવાટિકા નિદર્શન એકમ

**પ્લગ નર્સરી એકમ**

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમ જ શાકભાજીના ધરુવાડિયા માટેની નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમ જ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્યપદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માર્ગદર્શન તેમ જ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો.

પપૈયા રોપા ૨૦૦ નંગ, નાળિયેરી ૩૦ નંગ, આંબાના રોપા ૩૦૦ નંગ , ચીકુ રોપા ૧૦૦ નંગ, જામફળ રોપા ૨૦૦ નંગ, લીંબું રોપા ૩૦૦ નંગ, સીતાફળ રોપા ૧૦૦ નંગ, સુશોભનના રોપા ૩૦૦ નંગ, ટમેટીના રોપ ૫,૦૦૦, મરચીના રોપા ૬૦ હજાર, રીંગણના રોપા ૨,૦૦૦નું વેચાણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મગફળી બિયારણ ૨૦ ક્વિન્ટલ, ચણા બિયારણ ૬૦ ક્વિન્ટલ તેમજ ઘઉંનું બિયારણ ૩૦૦ ક્વિન્ટલનું વેચાણ કરવામાં આવ્યું.

**- : લોકવિજ્ઞાન કેન્દ્ર :-**

૧૯૭૩થી વિજ્ઞાનના પ્રસાર-પ્રચાર માટે કાર્યરત એવા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને આસપાસનાં ૫૦ ગામોમાં વિજ્ઞાન-શિક્ષણ, ઊર્જા, ખેતી, ગોપાલન, ખગોળ, તાલીમ કાર્યક્રમો અને અંધશ્રદ્ધા-વહેમ મુક્તિના કાર્યક્રમો ચલાવાઈ રહ્યા છે.

૨૦૧૫થી સમગ્ર ગુજરાતનાં લોકવિજ્ઞાન કેન્દ્રો માટેનાં સંસાધન કેન્દ્ર તરીકેની જવાબદારી આ લોકવિજ્ઞાન કેન્દ્રને સોંપવામાં આવી છે.

૨૦૧૯થી ‘મોજીલું શિક્ષણ’ અભિયાન ભાવનગર જિલ્લાની ૫૧૦ પ્રાથમિકશાળાઓમાં શરૂ કરવામાં આવ્યું છે. જેનું સંચાલન લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા થઈ રહ્યું છે.

**લોકવિજ્ઞાન કેન્દ્રમાં મૂકવામાં આવેલાં નિદર્શનો:-**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન, પર્યાવરણ, સૌરઊર્જાને લગતાં મૉડેલ્સ ગોઠવવામાં આવેલાં છે. જેમ કે પવનચક્કી, ઉચ્ચાલનનો નિયમ, ઉષ્માશોષક કલરો, ગતિમાન પદાર્થ પર લાગતું બળ, પરિભ્રમણ અને પરિક્રમણ, વક્રઅરીસાનું પ્રતિબિંબ, સાઈકલપંપ, સૂર્યકૂકર, પેરાબોલિક સૂર્યકુકર, સામૂહિક શીફલર કૂકર, સોલાર ડ્રાયર, સોલાર વોટરહીટર, સોલાર સ્ટીલ, સોલાર પેનલ, વર્મિકમ્પોસ્ટ, વર્મિવોશ, બાયો ગેસપ્લાન્ટ, ફિલ્ટર વોટર સ્ટોરેજ ટેંક, ગેસીફાયર, ઔષધબાગ, આધુનિક ઊર્જાયંત્ર વગેરે મૉડેલ્સ લોકવિજ્ઞાન કેન્દ્રના પરિસરમાં ગોઠવવામાં આવ્યાં છે. આ ઉપરાંત ભાવનગર જુનિયર સાયન્ટિસ્ટમાંથી વિવિધ પ્રકારનાં નવાં મોડેલ્સ પ્રયોગશાળામાં મૂકવામાં આવ્યાં છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગરૂપે તેમ જ જીવાતા જીવનમાં વણાયેલા વિજ્ઞાનને સમજવામાં ઉપયોગી બને છે.

**હાલને ભેરુ રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ (પ્રયોગશાળા) :-**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રની પ્રયોગશાળામાં વિવિધ નાના-મોટા પ્રયોગો ગોઠવવામાં આવેલા છે. જેમાં આસપાસની શાળાના વિદ્યાર્થીઓ પ્રયોગો કરવા માટે આવે છે અને તે પ્રયોગો વિદ્યાર્થીઓ જાતે કરે છે. વિવિધ શાળાઓ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાત પણ લે છે અને અવનવા પ્રયોગો કરીને શીખે છે જેમાં તેઓ ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે.

ખાસ કરીને નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક રમકડાં બનાવવા પ્રયોગમાં એ વસ્તુઓ વાપરવી અને

રોજબરોજ જીવનમાં વણાયેલા વિજ્ઞાનના સિદ્ધાંતોને સમજવા માટે વિદ્યાર્થીઓ અહીં જાતે પ્રયોગ કરીને શીખે છે અને તોડ-ફોડ-જોડની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

**લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેનાર લાભાર્થીઓ**

| ક્રમ | મહિનો | લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ માણસોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓ | શિક્ષકો | ખેડૂતો/અન્ય વ્યક્તિઓ | કુલ |
| ૧ | જાન્યુઆરી | ૧૦ | ૧૧૩૨ | ૭૦ | ૩૦૦ | ૧૫૧૨ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૨ | ૧૨૫૦ | ૮૨ | ૧૨૫ | ૧૪૬૯ |
| ૩ | માર્ચ | ૦૩ | ૭૧૦ | ૩૨ | ૪૫૫ | ૧૨૦૦ |
| ૪ | એપ્રિલ | ૦૭ | ૮૧૧ | ૭૦ | ૨૩૦ | ૧૧૧૮ |
| ૫. | મે | ૦૬ | ૧૦૧૦ | ૫૪ | ૫૬૮ | ૧૬૩૮ |
| ૬ | જૂન | ૦૩ | ૪૫૦ | ૨૫ | ૨૬૪ | ૭૪૨ |
| ૭ | જુલાઈ | ૦૬ | ૯૧૫ | ૫૫ | ૪૫૧ | ૧૪૨૭ |
| ૮ | ઓગસ્ટ | ૦૨ | ૩૫૦ | ૨૫ | ૧૧૦ | ૪૮૭ |
| ૯ | સપ્ટેમ્બર | ૦૩ | ૯૭૦ | ૩૭ | ૬૭૦ | ૧૬૮૦ |
| ૧૦ | ઓક્ટોબર | ૦૯ | ૧૧૩૦ | ૯૦ | ૫૯૦ | ૧૮૧૯ |
| ૧૧ | નવેમ્બર | ૧૨ | ૧૨૮૦ | ૮૫ | ૭૧૦ | ૨૦૭૮ |
| ૧૨ | ડિસેમ્બર | ૦૮ | ૭૧૫ | ૬૫ | ૭૯૦ | ૧૫૭૮ |
| | કુલ | ૮૧ | ૧૦૭૨૩ | ૬૯૦ | ૫૨૬૩ | ૧૬૭૫૭ |

કૃષિવિજ્ઞાન કેન્દ્ર અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠની મુલાકાતે આવતાં ખેડૂત ભાઈઓ-બહેનો અને મહાનુભાવો પણ લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવે છે.

**વિજ્ઞાન શિક્ષણ કાર્યક્રમ**

ધોરણ ૫થી ૮ના વર્ષવાર વિદ્યાર્થીઓ આસપાસની શાળાઓમાંથી સોમથી શુક્રવાર દરમિયાન કેન્દ્ર ઉપર આવીને તેમના ધોરણ પ્રમાણેના પ્રયોગો, નિદર્શનો, ફિલમ-શૉ અને આકાશદર્શનનો લાભ લે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પર્યાવરણની રમતો, ગીતો, પ્રદર્શનો, જુદા જુદા પ્રકારના સંગ્રહની પોથીઓ, રમકડાં, પેપર કટિંગ્સ વગેરેના નમૂનાઓમાંથી પ્રેરણા લઈને જાતે રમતાં રમતાં સ્વ-સર્જનનો આનંદ માણી કૌશલ્યો પ્રાપ્ત કરે છે.

**શિક્ષક તાલીમ કાર્યક્રમ**

રજાઓની, પરીક્ષાઓની અને ઋતુઓની એમ ત્રણેય પ્રકારની અનુકૂળતાઓને લક્ષમાં રાખીને શિક્ષકોના તાલીમ કાર્યક્રમ નીચેની થીમને ધ્યાનમાં રાખીને ગોઠવાય છે.

૧. વૈજ્ઞાનિક રમકડાં બનાવવાં.

૨. એરોગામી, એરો મૉડેલિંગ, મૉડેલ રોકેટરી વગેરે.

૩. વિજ્ઞાન શિક્ષણને રસિક અને સરળ બનાવવું(તમામ પ્રકારનાં દશ્ય શ્રાવ્ય સાધનો સાથે)

૪. ગમ્મત સાથે ગણિત શીખવવું.

૫. પર્યાવરણ.(શિક્ષણ, રમતો, ગીતો)

૬. રાષ્ટ્રીય અને જિલ્લા કક્ષાના વિવિધ પ્રકારના વિજ્ઞાન કાર્યક્રમોમાં ભાગ લેવા માટેનું માર્ગદર્શન.

**બાળઆનંદ, બાળપર્યાવરણ, બાળવિજ્ઞાન મેળાઓ, રેલી, ઇન્ડસ્ટ્રિયલ ટુર**

પરીક્ષાઓ, રજાઓની ઋતુઓની અનુકૂળતા પ્રમાણે બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ, સર્જનશક્તિ, અભિવ્યક્તિ અને વ્યવસ્થાશક્તિ વિકસે તે પ્રકારનું જે તે વિસ્તારમાં લોકભાગીદારીથી આયોજન કરી, જીવાતા જીવનમાં વિજ્ઞાનના અનુબંધ દ્વારા જીવનલક્ષી શિક્ષણ થાય તે રીતે શિક્ષકો અને બાળકો આ મેળાઓમાં તજજ્ઞોની સહાયથી આયોજન કરીએ છીએ.

**વિશેષદિનની ઉજવણી**

સમાજમાં ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો જે ઉત્સાહથી નિયમિત રીતે ઉજવાય છે તેમ વૈજ્ઞાનિક દષ્ટિકોણના વિકાસ અર્થે અને વૈજ્ઞાનિક અભિગમોનો સહજ સંસ્કાર મળી રહે એ ભાવથી વિજ્ઞાન, પર્યાવરણ અને આરોગ્ય સંબંધી વિવિધ દિનની ઉજવણી કરવામાં આવે છે. જેમ કે

૧. વિજ્ઞાનદિન – ૨૮ ફેબ્રુઆરી
૨. ધરતીદિન – ૨૨ એપ્રિલ
૩. સૂર્યદિન – ૦૩ મે
૪. ટેક્નોલૉજી ડે – ૧૧ મે
૫. પર્યાવરણદિન – ૦૫ જૂન
૬. હીરોશીમા ડે – ૦૬ ઓગસ્ટ
૭. ઓજોન ડે – ૧૬ સપ્ટેમ્બર
૮. વન્યપ્રાણી સપ્તાહ – ૦૨ ઓક્ટોબરથી ૦૯ ઓક્ટોબર
૯. વિશ્વ એઇડ્સદિન – ૦૧ ડિસેમ્બર
૧૦. વીજળી બચાવોદિન – ૧૪ ડિસેમ્બર
૧૧. વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકોના જન્મદિવસ વગેરે

**સાહિત્યનું પ્રકાશન**

સમાજના વિવિધ સ્તરોને જીવાતા જીવન સાથેનો વૈજ્ઞાનિક અનુબંધ પૂરો પાડતું અને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમોને વધારે સરળ, રસિક, સસ્તું અને જીવનલક્ષી બનાવતું પૂરક સાહિત્ય પ્રગટ કરવામાં આવી રહ્યું છે.

**એનર્જીપાર્ક**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે GEDA ના વિશેષ માર્ગદર્શનથી કેન્દ્ર સરકારની ખાસ સહાયથી એનર્જીપાર્ક ઊભો કરવામાં આવેલ છે. તેમાં મૂકેલ બાયો ગેસપ્લાન્ટ અને સૂર્યશક્તિથી ચાલતાં અનેક સાધનોનું નિદર્શન સમાજના તમામ સ્તરના દર્શકો માટે કરવામાં આવ્યું છે. વિશેષ અભ્યાસ માટે પ્રદર્શન અને ફિલ્મ-શૉની વ્યવસ્થા સાથે વ્યવહારું સાધનોનું વેચાણ પણ કરવામાં આવે છે.

**જીવ અને જગતનું વૈવિધ્ય(બાયો ડાઇવર્સિટી) માનવું-જાણવું**

જીવંત ગ્રહ પૃથ્વી ઉપરની ચૈતન્યસભર જીવનસૃષ્ટિને ઓળખવી, અવલોકવી, જાણવી અને માણવી એ અતિ રોમાંચક પ્રવૃત્તિ છે. લોકોને કુદરતે સર્જેલું જીવજગતનું વૈવિધ્ય સમજાવીને તેની ઉપયોગિતા તેમ જ અનિવાર્યતા સાબિત કરાવીને ઇકોલોજિકલ બેલેન્સના કુદરતી કાયદા માટેની સભાનતા લાવવા રસિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. બાળકો માટે કેન્દ્ર ઉપર રાખેલ માછલી ઘર તથા વિવિધ પક્ષીઓના માળાનો સંગ્રહ ભારે આકર્ષણ જન્માવે છે. ફળ, ફૂલ, પાન,

દાણા, પીછાં વગેરેની સંગ્રહપોથીઓ વિદ્યાર્થીઓ દ્વારા કરાવવામાં આવે છે.

**ઔષધબાગ**

દિન પ્રતિદિન સામાન્ય માણસની રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે અને મોંઘી એલોપથી દવાઓની આડઅસરો વધતી જાય ત્યારે વધારે નિરોગી જીવન જીવવા અને આપણા વિસ્તારમાં જ ઊગતી ઔષધી/વનસ્પતિઓનો પરિચય થાય અને તેનો ઉપયોગ કરવા તરફનું મનોવલણ કેળવાય તેવા અસરકારક શૈક્ષણિક કાર્યક્રમો સ્થાનિક વિદ્યાર્થીઓની મદદથી જીવંત નિદર્શન—પ્રદર્શન દ્વારા કરવામાં આવે છે.

**વિજ્ઞાનદિનની ઉજવણી**

૨૮મી ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સણોસરાની આજુબાજુનાં ૧૦ ગામોની પ્રા.શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૬થી ૮નાં વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવ્યા હતા.

**આકાશદર્શન**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા લોકભારતી કેમ્પસનાં વિદ્યાર્થીઓને આકાશદર્શન કરાવવામાં આવે છે. જેમાં ચંદ્ર, મંગળ, ગુરુ શનિ જેવા ગ્રહો અને બીજા નક્ષત્રો અને રાશિઓ જેવા આવકાશીય ઘટકોનો પરિચય શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા કરાવવામાં આવે છે.

**'દર્શક' લોકગંગા મોબાઈલવાન કાર્યક્રમ - School on wheels–activity base learning**

'દર્શક' લોકગંગા પ્રોજેક્ટ અંતર્ગત સાંકળી લેવાયેલ ૨૯ જેટલી પ્રાથમિક શાળાઓમાં બાળકોને પ્રવૃત્તિ સાથે શિક્ષણ આપવામાં આવ્યું છે. તેનાથી બાળકમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવામાં આ પાંચ વર્ષનો પ્રોજેક્ટ ખૂબ જ ઉપયોગી નીવડ્યો છે.

### -: પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માતૃધારા-માઈધાર :-

ફિનિક્સ પક્ષીની માફક બેઠું થયેલું પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માતૃધારા—માઈધારની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહી છે તેવા નીચે મુજબના લોકોપયોગી નોંધપાત્ર કાર્યક્રમો ચાલી રહ્યા છે.

૦૧. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર
૦૨. મોજીલું શિક્ષણ
૦૩. લોકકલ્યાણ વિદ્યાલય
૦૪. છાત્રાલય
૦૫. કૃષિ કેન્દ્ર
૦૬. રવિશાળા

**૦૧. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર**

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ પરિસરમાં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર (Avishkar ScenceCenter)નો શુભારંભ થયો છે. અંતરિયાળ માઈધાર ગામની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમો(Unit/Lesson)ની પ્રવૃત્તિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે. આ વિજ્ઞાન

કેન્દ્રમાં અગત્સ્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ(Hands On activity Kit) આધારિત વિજ્ઞાન વિષય શીખવવામાં આવે છે. વર્ષ દરમિયાન પ્રયોગ કરવા આવેલ શાળાની સંખ્યા(એક શાળા વર્ષમાં ચાર વખત આવે છે)

તાલુકા પ્રમાણે શાળાઓની સંખ્યા જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ સુધી

| ક્રમ | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલીતાણા | ૨૬ |
| ૨ | તળાજા | ૨૯ |
| ૩ | સિહોર | ૧૧ |
| ૪ | ઘોઘા | ૧ |
| | કુલ | ૬૭ |

આ વર્ષ દરમિયાન વિજ્ઞાન કેન્દ્રમાં પ્રવૃત્તિ કરવા આવેલ બાળકો અને શિક્ષકોની સંખ્યા

| કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|
| ૫૯૪૩ | ૪૧૦૬ | ૨૪૭ | ૧૦૨૯૬ |

ગ્રીષ્મશિબિરમાં ભાગ લીધેલ બાળકોની સંખ્યા

| કુમાર | કન્યા | કુલ |
|---|---|---|
| ૪૭૭ | ૨૯૨ | ૭૬૯ |

**મોજીલું શિક્ષણ યોજના**

કોઈપણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો અને સમજતો થાય અને એ માહિતી - જ્ઞાનને પોતાના જીવાતા જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવીને શિક્ષણને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો સફળ પ્રયોગ-એટલે મોજીલું શિક્ષણ યોજના. આસપાસનાં ૭૮ ગામોની પ્રા.શાળામાં ૬થી ૮ ધોરણમાં મોજીલું શિક્ષણ યોજના ચાલે છે. જેમાં ચાર કાર્યકરો રોજ અલગ અલગ શાળામાં જઈને પ્રવૃત્તિ દ્વારા જે તે એકમ શીખવે છે. મોજીલું શિક્ષણ-૨ મોજીલા શિક્ષણની પ્રવૃત્તિની પસંદગી અને મોડ્યુલ નિર્માણ તેમજ મોડ્યુલની તાલીમ બાબતે મોજીલા શિક્ષણની ટીમ આત્મનિર્ભર બની રહી છે.

મોજીલું શિક્ષણ કાર્યક્રમ નીચેના તાલુકાઓમાં અને શાળાઓમાં ચાલી રહ્યો છે.

| તાલુકા | સી.આર.સી. ક્લસ્ટર | શાળાઓ |
|---|---|---|
| પાલીતાણા | ૦૫ | ૩૩ |
| તળાજા | ૦૪ | ૨૬ |
| સિહોર | ૦૨ | ૧૯ |

વર્ષ દરમિયાન મોજીલું શિક્ષણ યોજના અંતર્ગત ભાગ લીધેલ શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૪૩ | ૧૩૯૪ | ૧૨૩૬ | ૧૧૪ | ૨૭૪૪ |
| ફેબ્રુઆરી | ૪૦ | ૪૦૦૭ | ૨૬૮૫ | ૫૧ | ૬૭૪૩ |
| માર્ચ | ૪૬ | ૨૭૫૪ | ૨૪૯૮ | ૧૪૩ | ૫૩૯૫ |
| એપ્રિલ | ૪૫ | ૨૧૪૩ | ૧૭૭૫ | ૧૦૫ | ૪૦૨૩ |
| મે | ૦૦ | ૧૨૫૦ | ૧૦૩૯ | ૦૦ | ૨૨૮૯ |
| જૂન | ૫૦ | ૨૫૯૪ | ૨૬૮૨ | ૮૦ | ૫૩૫૬ |
| જુલાઈ | ૬૧ | ૨૮૭૨ | ૨૨૮૮ | ૧૧૦ | ૫૨૭૦ |
| ઓગસ્ટ | ૪૧ | ૨૦૦૫ | ૧૭૩૩ | ૮૦ | ૩૮૧૮ |
| સપ્ટેમ્બર | ૧૪ | ૧૧૭૫ | ૧૦૪૪ | ૩૨ | ૨૨૫૧ |
| ઓક્ટોબર | ૨૫ | ૨૪૨૦ | ૨૩૮૨ | ૪૭ | ૪૮૪૯ |
| નવેમ્બર | ૦૦ | ૯૧ | ૧૦૯ | ૦૦ | ૨૦૦ |
| ડિસેમ્બર | ૪૩ | ૨૨૯ | ૨૦૫૮ | ૯૫ | ૨૩૮૨ |
| કુલ | ૪૦૮ | ૨૨૯૩૪ | ૨૧૫૨૯ | ૮૫૭ | ૪૫૩૨૦ |

**લોકલ્યાણ વિદ્યાલય**

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય શરૂઆત થયા પછી આસપાસનાં ગામોમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાને પરિણામે લોકોમાં શિક્ષણ મેળવવા માટે જાગૃતિ આવી. કન્યા કેળવણીનું પ્રમાણ પણ વધ્યું. માઈધાર ગામમાં ૮ ધોરણ સુધીની જ પ્રાથમિક શાળા ચાલે. આથી ધોરણ ૮ પછી બહાર ભણવા જવાનું હોવાથી દીકરીઓને આગળ ભણવાની તક મળતી નહોતી. આસપાસનાં ગામડાંના લોકોની પ્રબળ માંગ અને જરૂરિયાતના પરિણામે ૨૦૧૬થી લોકકલ્યાણ વિદ્યાલય(૯થી ૧૨ માધ્યમિક શાળા) શરૂ કરવામાં આવ્યું છે. આંબલા-લોકભારતીના નીવડેલા અસરકારક કાર્યક્રમો અહીં ખપ લાગી રહ્યા છે. આ વિદ્યાલયના અસરકારક કાર્યક્રમો આ મુજબ છે.

લોકકલ્યાણ વિદ્યાલય વિદ્યાર્થીઓની સંખ્યા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૦૯ | ૬૪ | ૨૭ | ૯૧ |
| ૧૦ | ૫૦ | ૨૦ | ૭૦ |
| ૧૧ | ૩૫ | ૨૩ | ૫૮ |
| ૧૨ | ૨૭ | ૧૬ | ૪૩ |
| કુલ સંખ્યા | ૧૭૬ | ૮૬ | ૨૬૨ |

લોકકલ્યાણ વિદ્યાલય ધોરણ ૧૨નું પરિણામ ૯૬% તથા ધોરણ ૧૦નું પરિણામ ૯૮.૫૧% આવ્યું.

**પંડિત સુખલાલજી લોકવિદ્યાલય–છાત્રાલય**

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીની સંખ્યા

| કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|
| ૧૨૬ | ૬૦ | ૧૮૬ |

- છાત્રાલયમાં દર પૂનમે સમૂહભોજન અને ગરબીનું આયોજન કરવામાં આવે છે.
- છાત્રાલયનાં દરેક કાર્ય વિદ્યાર્થીઓના મંત્રી મંડળ દ્વારા કરવામાં આવે છે, જેમ કે ભોજનમંત્રી, આરોગ્યમંત્રી, સફાઈમંત્રી, ઉત્સવમંત્રી, પ્રાર્થનામંત્રી, છાત્રાલયમંત્રી, ધ્વનિમંત્રી વગેરે મંત્રીઓ દ્વારા છાત્રાલયની સાર-સંભાળ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ રહીને રાખવામાં આવે છે.
- માઈધાર ગામમાં કોઈ મૃત્યુનો બનાવ બન્યો હોય તો તેમના ઘરે જઈને એક દિવસ સાંજની પ્રાર્થના ત્યાં જઈને કરવામાં આવે છે.
- છાત્રાલયમાં વિદ્યાર્થી સંસ્કારઘડતર માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**કૃષિ વિકાસ કેન્દ્ર મણાર સંચાલિત માઈધાર કૃષિ કેન્દ્ર**

કૃષિ વિકાસ કેન્દ્ર-માઈધારની શરૂઆત ઓગસ્ટ-૨૦૨૦ના રોજ થયેલ છે. તેમાં તળાજા તાલુકાનાં ૧૩ ગામડાંઓ તથા પાલીતાણા તાલુકાનાં ૧૨ ગામડાંઓમાંથી ૧૦૫૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં કુલ ૪૫ ખેડૂત જૂથો બનાવવામાં આવ્યા છે. કેન્દ્રમાં સમાવિષ્ઠ ગામોની યાદી આ પ્રમાણે છે.

| તળાજા તાલુકાનાં ગામડાંઓ | | પાલીતાણા તાલુકાનાં ગામડાંઓ | |
|---|---|---|---|
| ટીમાણા | ભદ્રાવળ-૨ | માઈધાર | મેઢા |
| હબુકવડ | ભદ્રાવળ-૩ | અનીડા | લાપાળીયા |
| દાંત્રડ | પીંગળી | માંડવડા-૧ | નાની રાજસ્થળી |
| ટાઢાવડ | બાખલકા | માંડવડા-૨ | સાંજણાસર |
| ભદ્રાવળ-૧ | શેવાળીયા | લાખાવડ | મોટી પાણિયાળી |
| દિહોર | મોટી માંડવાળી | ભૂતિયા | નાની પાણિયાળી |
| ભેગાળી | | | |

કૃષિ કેન્દ્ર-માઈધારમાં ખેતીવાડી વિભાગમાં કપાસ, મગફળી, ડુંગળી, ઘઉં તથા બાગાયત વિભાગમાં આંબા, જમરૂખ, સીતાફળ, દાડમ અને મસાલા પાકોમાં ધાણા, વરિયાળી, મેથી વગેરે જેવા પાકોને આવરી લઈને કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી આ પ્રમાણે છે.

| | |
|---|---|
| કેન્દ્રની મુલાકાત લીધેલ ખેડૂતોની સંખ્યા | ૧૧૫૧ |
| પ્રાકૃતિક ખેતી માટે થયેલ તાલીમોની સંખ્યા અને લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા | તાલીમોની સંખ્યા-૩૭, લાભાર્થી સંખ્યા-૭૨૫ |
| નિદર્શન પ્લોટની મુલાકાતમાં લાભાર્થી ખેડૂતોની | ૩૩૪ |
| આઈ ખેડૂત પોર્ટલમાં રજીસ્ટર્ડ ખેડૂતોની સંખ્યા | ૫૬ |
| બાગાયતી તથા ખેતીવાડી પાકોમાં સબસીડી ફોર્મ ભર્યા બાદ લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ૧૮૦ |
| બાગાયતી પાકોમાં સેન્ટર પરથી આંબાની કલમોનું કુલ વિતરણ | ૯૨૩ |
| કેન્દ્ર પરથી એગ્રી ઈનપુટ (નીમઓઈલ, નીમખોળ, એરંડી ખોળ, | |

| | |
|---|---|
| સુડોમોનસ વગેરે) ખરીદી કરનાર લાભાર્થીની સંખ્યા | ૮૪૦ |
| પાકસંરક્ષણ તથા પાક ઉત્પાદન માટે કરવામાં આવેલ તાલીમોમાં લાભ લીધેલ ખેડૂતોનીસંખ્યા | તાલીમોની સંખ્યા-૫૩, લાભાર્થી સંખ્યા- ૧૧૨૦ |

કેન્દ્ર પર ગાય આધારિત ખેતીનું ડેમોસ્ટ્રેશન, વર્મીકમ્પોસ્ટ, બાયોગેસ પ્લાન્ટ, જૈવિક દવાઓના નિદર્શન મૂકવામાં આવ્યા છે. તેમ જ વાડોલિયામાં શાકભાજી ઉછેર, ખારેકના રોપા વગેરેનું ડેમોસ્ટ્રેશન કરીને નિદર્શન કરવામાં આવી રહ્યું છે.

**રવિશાળા**

દર રવિવારે ૦૨ કલાક માઈધાર અને ભદ્રાવળ નં-૩ ગામનાં બાળકોને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છેઃ માટી કામ, કાગળ કામ, તહેવારોને અનુરૂપ પ્રવૃત્તિઓ, રમતો, ગીતો, ચિત્રકામ, રંગપુરણી, ક્રાફ્ટ વર્ક વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**માઈધાર કેન્દ્રમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓઃ**

***છાશ વિતરણ કેન્દ્ર :*** માઈધાર કેમ્પસ દ્વારા જરૂરિયાત ધરાવતા ૬૦ કુટુંબને મફતમાં છાશ કેન્દ્ર દ્વારા છાશ વિતરણ કરવામાં આવી. છાશ વિતરણ કાર્યક્રમ માર્ચથી જૂન દરમિયાન ચલાવવામાં આવ્યો.

***ખેતીવાડી :*** ચોમાસાની સિઝનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું, જેમાં મગફળીનું ઉત્પાદન સારું રહ્યું. શિયાળાની સિઝનમાં લોક-૧ ઘઉંની જાતનું બિયારણ તૈયાર કરવાની બધી તૈયારીઓ થઈ ગઈ.

***વાડોલિયું :*** આ વર્ષે વાડોલિયામાં શાકભાજી ઉત્પાદન સંતોષકારક રહ્યું. છાત્રાલય રસોડામાં શાકભાજીનો ઉપયોગ કરવામાં આવ્યો.

**આ વર્ષના અનોખા નોંધપાત્ર કાર્યક્રમો**

● ***વિજ્ઞાનદિનની ઉજવણી :*** તા.૨૨-૦૨-૨૦૨૩થી તા.૨૮-૦૨-૨૦૨૩ રાષ્ટ્રીય વિજ્ઞાનદિન નિમિત્તે વિજ્ઞાન સપ્તાહનું આયોજન થયું, જેમાં તા.૨૩ના રોજ હનુમંત હોસ્પિટલનાં ડૉકટરો દ્વારા નિદાન યજ્ઞનું આયોજન થયું. વિદ્યાર્થીઓએ ડૉકટરો સાથે આરોગ્ય વિષયક પ્રશ્નોત્તરી કરી. તા.૨૪ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી કાંતિભાઈ ગોઠી સાથે સંવાદ, તા.૨૫ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી સાથે AI અને માનવજીવન વિશેના સંવાદ, તા.૨૬ના રોજ વિદ્યાર્થી અભિવ્યક્તિ, તા.૨૭ના રોજ વિજ્ઞાનમેળાની પૂર્વ તૈયારી, તા.૨૮ના રોજ વિજ્ઞાન મેળો યોજાયો, જેમાં આસપાસની ૪૧ શાળાનાં ૨૯૭૭ બાળકો અને શિક્ષકો જોડાયા, ૧૦ કાર્યશાળામાં વિજ્ઞાનગીતો, વિજ્ઞાનરમતો, ક્વિઝ, પ્રશ્નમંચ, ગણિતગમ્મત, પઝલ્સ, AI, પ્રદર્શન, શેરી નાટક,૩ડી ફિલ્મ જેવી રસપ્રદ પ્રવૃત્તિમાં સૌએ મજા માણી. શ્રી બિપીનભાઈ શાહને વિદ્યાર્થીઓએ રસપ્રદ પ્રશ્નો પૂછ્યા. શ્રી ભરતભાઈ દવે દ્વારા વિજ્ઞાનગીતો રજૂ થયાં. લોકભારતી અધ્યાપનમંદિરનાં બહેનોએ અને ભાવનગર પી.જે નર્સિંગ કૉલેજના બહેનોએ કાર્યશાળામાં તજજ્ઞ તરીકે નોંધપાત્ર ભાગીદારી કરી. શ્રી અરુણભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિમાં પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર સમગ્ર કાર્યકરોની ટીમ આયોજન અને અમલમાં જોડાઈ.

● ***ગાંધીગુંજન :*** તા.૨૫ સપ્ટેમ્બરના રોજ ગાંધીગુંજન કાર્યક્રમ પ્રારંભ થયો. જેમાં શ્રી અરુણભાઈ દવે દ્વારા ગાંધીગુંજન કાર્યક્રમની અભિમુખતા વિષયક પ્રાસંગિક વાતો કરવામાં આવી. તા.૨૭ સપ્ટેમ્બરના રોજ હનુંમત હોસ્પિટલ-મહુવા દ્વારા કેમ્પ યોજાયો. જેમાં ડૉ. યશવંતભાઈ, ડૉ. મનીષાબહેન, ડૉ. હસમુખભાઈ અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે આરોગ્ય વિષયક સંવાદ અને આંખ, ચામડી અને જનરલ બીમારીઓની તપાસ અને જરૂરી દવા આપવામાં આવી. તા.૨૮ના રોજ ગાંધીગુંજન કાર્યક્રમ નિમિત્તે શ્રી પ્રવીણભાઈ ઠક્કર દ્વારા ગાંધીજીના પ્રેરક પ્રસંગો અને આત્મનિર્ભરતા

વિષયક વાતો કરવામાં આવી. કાર્યકરો સાથે બેઠક અને સંસ્થા ફરી વખત ધબકતી થઈ તે બદલ તેમણે રાજીપો વ્યક્ત કર્યો. તા.૨૯ના રોજ પાલીતાણા ટી.બી. યુનિટના આરોગ્ય અધિકારી દ્વારા ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સાથે ટી.બી. અને મેલેરિયા રોગ વિશે વિગતવાર માહિતી-માર્ગદર્શન શ્રી હરસુરભાઈ અને વિરેનભાઈ દ્વારા આપવામાં આવ્યું. ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી પ્રોત્સાહિત ઇનામ આપવામાં આવ્યું. સાથે શ્રી નિર્મળભાઈ અને શ્રી પ્રતીક્ષાબહેન જોડાયાં. તા.૨ ઓક્ટોબરના રોજ ગાંધી ગુંજન કાર્યક્રમ નિમિત્તે શ્રી મનહરભાઈ ઠાકર દ્વારા અહિંસા ''પરમો ધર્મ'' અને ''પરમ ધરમ શ્રુતિ બિદિત અહિંસા''ની સુક્તિઓ આપણા ધર્મશાસ્ત્રોમાં આલેખાયેલ છે, જેવા ઉદાહરણો અને વિદ્યાર્થીઓની કેળવણી સાથે જોડીને વાતો કરી. તા.૧૨, ૧૩, ૧૪ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળી ત્રણ દિવસ માઈધાર કેન્દ્રમાં રોકાઈને વિદ્યાર્થીઓ સાથે સંવાદ, વાર્તાલાપ, ગાંધીજીના પ્રસંગો વિશે વાતો કરી. તેઓએ ગ્રામજનો સાથે મુલાકાત પણ કરી. તા.૧૪ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી દ્વારા ગાંધીમૂલ્યોનો પરિચય વિશિષ્ટ સંવાદ દ્વારા કરવામાં આવ્યો. તા.૧૪ના રોજ શ્રી ભરતભાઈ દવે દ્વારા ઈઝરાઈલનો ઇતિહાસ સમજાવી ઈઝરાઈલ અને હમાસ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ વિશે માહિતી આપી. તેમ જ ગાંધીગુંજન કાર્યક્રમ અંતર્ગત ગાંધીજી અને પર્યાવરણ અને વિદ્યાર્થીઓને ગાંધીજી વિષયક ગીતો શીખવવામાં આવ્યા. તા.૧૭ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી ગાંધીગુંજન કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સમક્ષ સાંપ્રત સમસ્યાઓમાં ગાંધીવિચારની ઉપયોગીતા વિષયક સંવાદ—પ્રશ્નોત્તરી કરી અને માઈધારની પ્રવૃત્તિઓ વિગતે નિહાળી. તા.૧૮ના રોજ ખાદી મેળો-ગ્રામઉદ્યોગ પ્રદર્શન—નિદર્શન, વાર્તાલાપ, વાલી મિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા. તા.૧૯ના રોજ ગાંધીગુંજન કાર્યક્રમ અંતર્ગત 'હાલને ભેરુ ગામડે' અંતર્ગત મૂકનાટક, ગીતો, ગ્રામસફાઈ, પ્રદર્શન, ગાંધીજીવન પ્રસંગો જેવી પ્રવૃત્તિઓ આજુબાજુનાં ૧૨ ગામમાં જઈને પ્રાથમિકશાળાનાં બાળકો અને ગ્રામજનો સાથે કરવામાં આવી. તા.૧૯ના રોજ શ્રી અરુણભાઈ દવેએ પ્રાર્થનાના અનુસંધાને ગાંધીગુંજન કાર્યક્રમનું સમાપન કર્યું.

**વર્ષ દરમિયાન અભ્યાસક્રમને અનુબંધિત યોજાયેલ વિવિધ કાર્યક્રમ**

- તા.૧ જાન્યુઆરીના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થિનીઓ ૮ કિમી. અંતરની બાખલકા(બાલડ માતાજીના મંદિર) સુધીની સાહસ દોડ.
- તા.૩ જાન્યુઆરીના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના બહેનો પ્રાચીન ગરબાની જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રજૂઆત.
- તા.૩ના રોજ દંગાપરા મુકામે યોજાયલ જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં આવનાર બાળકોને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના કાર્યકરોએ વિજ્ઞાન પ્રયોગ, રમકડાં, રમતો પ્રવૃત્તિઓ દ્વારા મોજ કરાવી.
- ભાવનગર વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા લેવાતી GK-IQ બુદ્ધિકસોટીમાં લોકકલ્યાણ વિદ્યાલય—માઈધારના ૨૩ વિદ્યાર્થીઓ પસંગી પામ્યા. તેમાં રાજ્યમાં પ્રથમ ક્રમે ધોરણ ૯નો પરમાર પાર્થ પસંદ થયો તેમ જ બીજા ક્રમે જાદવ ભાર્ગવ તેમ જ મકવાણા કલ્પેશ અને ગોહિલ નિકુજ રાજયમાં ચોથા ક્રમે પસંદ થયા.
- તા.૧૪થી ૧૯ ફેબ્રુઆરીના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો કળસાર રેલી-શિક્ષણ સંગોષ્ઠિમાં જોડાયા, પ્રદર્શન તથા જૂથકાર્યમાં વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ કરાવી.
- તા.૫ માર્ચના રોજ ભાવનગર રોટરી ક્લબ દ્વારા માઈધારની વિદ્યાર્થિની સાથે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો. તમામ બહેનોનો હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યો.
- તા.૭ માર્ચના રોજ રંગોત્સવ-સંગીતસંધ્યા કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી મનસુખભાઈ, શ્રી રમણીકભાઈ, શ્રી આકાશભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી અરજણભાઈએ લોકગીતો અને હાસ્યપ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને

મોજ કરાવી.

● તા.૯ માર્ચના રોજ ૧૦ અને ૧૨ ધોરણના વિધાર્થીઓના શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. જેમાં ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીએ વિધાર્થીઓને પ્રાસંગિક શુભેચ્છા આપી. શ્રી રમા બહેન દેવમુરારિએ પણ શુભેચ્છાઓ પાઠવી.

● તા.૧૩ માર્ચના રોજ પ્રાર્થના અનુસંધાને ડૉ. અરુણભાઈ દવેએ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી.

● તા.૨૪ એપ્રિલના રોજ લોકભારતીથી શ્રી ભૌતિકભાઈ લીંબાણી દ્વારા ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સાથે સ્પોકન ઇંગ્લિશનો વર્કશોપ યોજાયો.

● તા.૨૫, ૨૬ એપ્રિલના રોજ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની વાચન શિબિર યોજાઈ. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ બન્ને દિવસ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યા. વાચન અભિવ્યક્તિ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થઈ.

● તા.૩૦ એપ્રિલના રોજ વાલી મિલન યોજાયું. જેમાં શાળાના પ્રમુખ શ્રી કલ્યાણભાઈ ડાંગર અને શ્રી અરુણભાઈ દવેએ વાલીગણને પ્રાસંગિક વાતો કરી.

● તા.૧૦ જૂનના રોજ લોકભારતી સણોસરાથી શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા અને શ્રી વિશાલભાઈ જોશી માઈધાર કેન્દ્ર મુલાકાતે આવી ગયા અને વિદ્યાર્થીઓ સાથે વાચન, લેખન વિશે સંવાદ કર્યો.

● તા.૨૪ જૂનના રોજ સ્ટેબલેબ અંતર્ગત વિદ્યાર્થીઓને સેન્સરથી રીમોટ કંટ્રોલ દ્વારા માણસના ચેતાતંત્રને કંટ્રોલ કેવી રીતે કરવામાં આવે અને ન્યૂરોન્સ કેવી રીતે કંટ્રોલ થાય છે તેની શ્રી પ્રવીણભાઈ સિંદલ દ્વારા સમજ આપવામાં આવી.

● તા.૨-૩ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા–ગુરુવંદના કાર્યક્રમ નિમિત્તે શ્રી મનસુખભાઈ સલ્લા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેઓએ ગુરુવંદના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સમક્ષ રસપ્રદ શૈલીમાં વાતો કરી. બપોર બાદ ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી–સંવાદ કર્યો. માઈધાર કેન્દ્રના કાર્યકરો સાથે પણ વાર્તાલાપ કરીને કેન્દ્ર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય મેળવીને રાજીપો વ્યક્ત કર્યો. તેઓએ પ્રાર્થના અનુસંધાને વાર્તાનો રસાસ્વાદ પણ કરાવ્યો.

● તા.૪થી ૮ જુલાઈ દરમિયાન લોકભારતી પરિવારની દીકરીઓ શ્રી સુધાબહેન ભલાણી અને શ્રી નિરૂબહેન ગુંદરણિયા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવ્યાં હતાં. શ્રી સુધાબહેને વિદ્યાર્થીઓ સાથે પક્ષી-પરિચય ગોષ્ઠી યોજી. બંને બહેનોએ વિદ્યાર્થિની બહેનો સાથે સંવાદ–પ્રશ્નોત્તરી કર્યાં.

● તા.૩૦ જુલાઈના રોજ ખજાનાની શોધ કાર્યક્રમની વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ મજા માણી.

● જુલાઈ દરમિયાન કૃષિ-બાગાયત માઈધાર કેન્દ્ર દ્વારા આસપાસનાં ગામોના ખેડૂતોને અને શાળાના બાળકોને વૃક્ષઉછેરની સમજણ આપીને ૮૦૦૦ રોપનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી મહિપાલભાઈ, શ્રી સાગરભાઈ સાથે મોજીલું શિક્ષણ તથા આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરો જાગૃતિ કાર્યક્રમમાં જોડાયા.

● તા.૧૫ ઑગસ્ટના રોજ રેલી, ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ કરી બપોર બાદ 'કોન બનેગા નોલેજ પતિ' કાર્યક્રમ યોજાયો. જેમાં સૌ પ્રથમ ૫ વર્ગમાં સમૂહ ક્વિઝ ગોઠવવામાં આવી. તેમાંથી સિલેક્ટ થયેલ બાળકોને ફાઈનલ ત્રણ રાઉન્ડમાં ગેમ રમાડવામાં આવી.

● તા.૧૭ ઑગસ્ટના રોજ ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા તથા ડૉ. વિશાલ ભાદાણી સંસ્થા મુલાકાતે આવી ગયા. વિદ્યાર્થીઓ સાથે સંવાદ–પ્રશ્નોત્તરી કરી.

● તા.૧૨ના રોજ કંચન ફાઉન્ડેશનમાંથી શ્રી મમતાબહેન ચૌહાણ, શ્રી રાજેશભાઈ અને શ્રી સ્મિતાબહેન આવ્યાં અને તેઓએ માઈધારની પ્રવૃતિઓ જોઈ અને ૧૧ બહેનોને ફીમાં પાંચ-પાંચ હજારની મદદ કરી.

● તા.૨-૩ નવેમ્બરના રોજ NCERT દ્વારા આયોજિત પ્રખર SEAS રાજ્ય શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણ માટે ધો-૯ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

● તા.૧૮થી ૨૦ ડિસેમ્બર દરમિયાન ભાવનગર જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો રિજિયોનલ સાયન્સ સેન્ટરમાં યોજાયો, જેમાં લોકકલ્યાણ વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ અને શ્રી સંજયભાઈ ડોડિયા જઈ આવ્યા. પ્રોજેક્ટ માટે શ્રી પ્રવીણભાઈ, શ્રી એભલભાઈ, શ્રી નિર્મળભાઈ, શ્રી અરજણભાઈ, શ્રી ભાવનાબહેન, શ્રી પાતુભાઈ દ્વારા માર્ગદર્શન મળી રહ્યું.

**વર્ષ દરમિયાન યોજાયેલ તાલીમ**

● તા.૧૫ ફેબ્રુઆરીના રોજ કૃષિ વિકાસ કેન્દ્ર દ્વારા પશુપાલનમાં ઘાસચારો એ વિષય પર ખેડૂત શિબિરનું આયોજન થયું, જેમાં પટેલ સીડસ ભાવનગરથી શ્રી અનિલભાઈ પટેલ તેમજ શ્રી આદર્શ મિશ્રાએ ઘાસચારામાં થયેલા સંશોધનો વિશે વાતો કરી, તેમજ શ્રી અરુણભાઈએ કૃષિક્ષેત્રે આવેલ પરિવર્તનો વિષે રસપ્રદ વાતો કરી, કૃષિ વિકાસ કેન્દ્રના સંયોજક શ્રી મહિપાલભાઈ અને શ્રી સાગરભાઈના સંકલન સાથે સમગ્ર કાર્યકર ટીમે સક્રિય ભૂમિકા અદા કરી.

● તા.૧૩ માર્ચના રોજ આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરોની ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી વિજયભાઈ કૌશલ સાથે મિટિંગ યોજાઈ ગઈ. વાર્ષિક તેમજ આગામી વર્ષના કાર્ય બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા યોજાઈ. શ્રી અરુણભાઈ દવે સાથે પણ મિટિંગ યોજાઈ.

● તા.૨૪, ૨૫, ૨૬ ઑગસ્ટના રોજ મોજીલું શિક્ષણ તાલીમ માઈધાર કેન્દ્રમાં યોજાઈ.

● તા.૨૯ ઑગસ્ટના રોજ સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા દ્વારા દાંત તથા પેઢાને લગતી સમસ્યા માટે નિદાન કેમ્પ યોજાઈ ગયો.

● તા. ૨૮-૨૯ નવેમ્બરના રોજ GSCEL ફાઉન્ડેશનના કાર્યકરોની બે દિવસીય લેખન, ગણન, વાચન પર તાલીમ યોજાઈ, જેમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરો અને શ્રી એભલભાઈ ભાલિયા, શ્રી પાતુભાઈ આહિર, શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા તાલીમ આપવામાં આવી.

● તા.૧, ૨ ડિસેમ્બરના રોજ મોજીલું શિક્ષણના શિક્ષકોની બે દિવસની તાલીમ યોજાઈ ગઈ. જેમાં શ્રી અરુણભાઈ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમ વિશે વાત કરવામાં આવી.

**વર્ષ દરમિયાન આંગણે પધારેલા મહેમાનો–શુભેચ્છકો**

● પીડીલાઇટ-મુંબઈના એક્ઝીક્યૂટીવ્સની ટીમ તા.૧૨ જાન્યુઆરી તા.૦૫ ફેબ્રુઆરી, ૧૫ માર્ચ, ૧૩ એપ્રિલ, ૨૨ જૂન, ૧૩ જુલાઈ, ૨૪ ઑગસ્ટ, ૨૬ ઓક્ટોબર, ૧૪ સપ્ટેમ્બરના રોજ મુલાકાતે આવી ગઈ.

● તા.૦૯ ફેબ્રુઆરીના રોજ બાબાપુરથી શ્રી મંદાકિનીબહેન પુરોહિત અને બાબાપુર સંસ્થાના કાર્યકરો-વિદ્યાર્થીઓ સંસ્થા મુલાકાતે આવી ગયા.

● તા.૧૩ માર્ચના રોજ ભાવનગર વિજ્ઞાનનગરીનાં કાર્યકરો માઈધાર કેન્દ્ર તથા આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૧૭ એપ્રિલના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી ભૌતિકભાઈ લીંબાણી પરિવાર સાથે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૨૨ એપ્રિલના રોજ આંબલાના પૂર્વ કાર્યકર શ્રી લાલજીભાઈ નાકરાણી અને શ્રી નર્મદાબહેન, આસામથી શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી મિલનીબહેન ભટ્ટ, શ્રી વરુણભાઈ ભટ્ટ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

● ઓગસ્ટ મહિના દરમિયાન આંબલા-લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી ધીરુભાઈ ઘેવરિયા, શ્રી અમિતભાઈ

જાદવાણી, શ્રી નિખિલભાઈ ત્રિવેદી, શ્રી સીમાબહેન ત્રિવેદી તથા શુભેચ્છકો શ્રી રજનીબહેન ગાંધી, શ્રી સોહનલાલજી વડેરા, શ્રી સુમિત્રાદેવીજી, શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા સંસ્થાની મુલાકાતે આવી ગયા. તા.૧૫થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન લોકભારતી યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ શિક્ષણ નિવાસ અર્થે આવી ગયા.

● સપ્ટેમ્બર મહિના દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે શ્રી વિક્રમભાઈ ભટ્ટ, શ્રી દર્શનાબહેન ભટ્ટ, શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી ભૌતિકભાઈ લીંબાણી, વાત્સલ્યધામ લોકશાળા-માલપરાના કાર્યકરો, લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થી બહેનો, શ્રી જીવનભાઈ જોગરાણા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● ઓક્ટોબર મહિના દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે, શ્રી રમાબહેન દેવમુરારિ, શ્રી કમલબહેન ખીમાણી, શ્રી વરુણભાઈ ખીમાણી, શ્રી નિધિબહેન ખીમાણી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી કિશોરભાઈ, ટાટમથી શ્રી પંકજભાઈ પરિવાર, પીડીલાઈટ-મહુવા ગ્રામનિર્માણ અને કુકીજ વિભાગના કાર્યકરો આવી ગયા.

● નવેમ્બર માસ દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ-પરિવાર, સાંદિપની ગુરુકુળ પોરબંદરના ઋષિકુમારો અને અધ્યાપકો અને નવા વર્ષ નિમિત્તે બહોળી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓ આવી ગયા.

● તા.૨૪ ડિસેમ્બરના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી પરિવાર સાથે માઈધાર સંસ્થાની મુલાકાતે આવી ગયા.

**કાર્યકર સજ્જતા અને મુલાકાતો**

● તા.૨૧ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક ચાંપરડા ગીરમાં લોકભારતી અધ્યાપનમંદિરના ભાઈઓ-બહેનોની શિબિરમાં ગીરના નેસમાં જઈ આવ્યા. બ્રહ્માનંદ આશ્રમ-ચાંપરડા દ્વારા સંચાલિત ૨૫ જેટલી નેસ-શાળાઓમાં વિદ્યાર્થીઓની સાથે ગીતો-વાર્તાની મોજ કરાવી.

● તા.૭ મેથી ૨૨ મે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો કુપ્પુમ અગત્સ્ય ઇન્ટરનેશનલ—બેંગલોર તાલીમ અર્થે જઈ આવ્યા.

● તા.૪ ઑગસ્ટના રોજ ગણેશ શાળા ટીમાણામાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસવા, ગીતો ગાવા અને અભિનય શીખવવા તથા શિક્ષકોને તાલીમ મળે તેવો સંગીતનો કાર્યક્રમ યોજાયો, જેમાં શ્રી ભાવનાબહેન પાઠક અને 'મોજીલું શિક્ષણ'ના કાર્યકરો જઈ આવ્યા.

● તા.૩૦ સપ્ટેમ્બરના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડૉ. ભાવનાબહેન પાઠક પંડિત સુખલાલજી લોકવિદ્યાલયની પ્રવૃત્તિ વિષયક વાતો કરવા માટે જઈ આવ્યા.

● તા.૧ નવેમ્બરના રોજ BRC ભવન—પાલીતાણા NCERT દ્વારા આયોજિત પ્રખર એસ.ઈ.એ.એસ. રાજ્ય શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણની પરીક્ષા અંતર્ગત મિટિંગમાં શ્રી નિર્મળભાઈ અને શ્રી સંજયભાઈ જઈ આવ્યા.

● તા.૨૭ ઑક્ટોબરના રોજ પાણિયાળી ખાતે યોજાયેલ SVS કક્ષાના ગણિત—વિજ્ઞાન પ્રદર્શનમાં 'ભાગ્યના ભેરુ' કૃતિ લઈને ગયા જે વિભાગ પાંચમાં પ્રથમ ક્રમે આવી. કૃતિ લઈને ચાર વિદ્યાર્થીઓ અને શ્રી નિર્મળભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી રણછોડભાઈ જઈ આવ્યા.

**પંડિત સુખલાલજી લોકવિદ્યાલય—માઈધારમાં નવનિર્મિત સર્જનો**

● તા.૨૧ના રોજ નવા બંધાયેલ સંથાગારનું લોકાર્પણ કરવામાં આવ્યું, જેમાં શ્રી અરુણભાઈ દવેએ માઈધારની પ્રાસંગિક વાત કરી. અને શ્રી મનસુખભાઈ માંડવિયા અને સીરમ ઇન્સ્ટીટ્યૂટના શ્રી અદર પુનાવાલાએ વર્ચ્યૂઅલ પદ્ધતિથી જોડાઈને લોકાર્પણવિધિ સંપન્ન કરવામાં આવી.

**-: જળસંચય કાર્યક્રમ :-**

પાણીનાં પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઈરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો નવમાં વર્ષમાં પ્રવેશ્યાં છે, ત્યારે કામનો વ્યાપ અને વિસ્તાર વિસ્તર્યા છે. ભાવનગર જિલ્લાનાં સિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકામાં કામનો વ્યાપ વધાર્યો.

આ યોજનાના પાયામાં રહેલ ખ્યાલો ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યોમાં દૃશ્યમાન થયા જેમાં:

(૦૧) સરકાર દ્વારા ચાલતી યોજનામાં ૫૦% ભાગીદારી કરી ગુણવત્તાસભર કાર્યો કર્યાં.

(૦૨) સરકારી કામોમાં લોકોની પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદારી વધે તે ઇચ્છનીય છે તે મુજબ લોકફાળાથી કામો કર્યા.

(૦૩) ગ્રામવિકાસની અન્ય પ્રવૃત્તિની જેમ આ યોજનાના કામોનો વિદ્યાર્થીલક્ષી કેળવણી સાથે અનુબંધ કર્યો.

(૦૪) જળ સંગ્રહની સાથે સાથે પાણી બચાવવાની પ્રવૃત્તિને પણ સામેલ કરી.

| ક્રમ | કામનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | આંકોલાળી ચેકડેમ રીપેરિંગ | આંકોલાળી | પાલીતાણા |
| ૨ | રંઘોળા ચેકડેમ રીપેરિંગ | રંઘોળા | ઉમરાળા |
| ૩ | હડમતિયા ચેકડેમ રીપેરિંગ | હડમતિયા | ઉમરાળા |
| ૪ | ચાડા-૧ ચેકડેમ રીપેરિંગ | ચાડા | વલ્લભીપુર |
| ૫ | ચાડા-૨ ચેકડેમ રીપેરિંગ | ચાડા | વલ્લભીપુર |
| ૬ | સેંજળિયા ચેકડેમ રીપેરિંગ | સેંજળિયા | પાલીતાણા |
| ૭ | આંબલા ચેકડેમ રીપેરિંગ | આંબલા | સિહોર |
| ૮ | મોટા ચારોડિયા-૨ ચેકડેમ રીપેરિંગ | મોટા ચારોડિયા | ગારીયાધાર |
| ૯ | મોટા ચારોડિયા-૩ ચેકડેમ રીપેરિંગ | મોટા ચારોડિયા | ગારીયાધાર |
| ૧૦ | મોટા ચારોડિયા-૪ ચેકડેમ રીપેરિંગ | મોટા ચારોડિયા | ગારીયાધાર |
| ૧૧ | રેવા-૧ ચેકડેમ રીપેરિંગ | રેવા | ઉમરાળા |
| ૧૨ | રેવા-૨ ચેકડેમ રીપેરિંગ | રેવા | ઉમરાળા |
| ૧૩ | નવાગામ લોલિયાણા ચેકડેમ રીપેરિંગ | નવાગામ લોલિયાણા | વલ્લભીપુર |
| ૧૪ | ગોલરામા ચેકડેમ રીપેરિંગ | ગોલરામા | ઉમરાળા |
| ૧૫ | સણોસરા ચેકડેમ રીપેરિંગ | સણોસરા | સિહોર |

**જળ સંગ્રહનાં થયેલાં કામોની વિગત :**

પાણી સંગ્રહનાં કુલ આડત્રીસ જેટલા કામો થયાં. જેની પાછળ રૂ.૧,૦૦,૪૬,૯૪૧/- વપરાયા.

**નવા ચેકડેમનું કામ**

| ક્રમ | કામનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | આંકોલાળી બીગ ચેકડેમ | આંકોલાળી | પાલીતાણા |

**ચેકડેમ રીપેરિંગનાં કામ**

**સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ડીપનિંગનાં કામ**

| ક્રમ | કામનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | હડમતિયા અમૃત સરોવર | હડમતિયા | ઉમરાળા |
| ૨ | હડમતિયા તળાવ ડીપનિંગ | હડમતિયા | ઉમરાળા |
| ૩ | હડમતિયા ચેકડેમ ડીપનિંગ | હડમતિયા | ઉમરાળા |
| ૪ | બેલા-૧ તળાવ ડીપનિંગ | બેલા | ગારિયાધાર |
| ૫ | બેલા-૨ તળાવ ડીપનિંગ | બેલા | ગારિયાધાર |
| ૬ | મોરબા ચેકડેમ ડીપનિંગ | મોરબા | ગારિયાધાર |
| ૭ | મોરબા તળાવ ડીપનિંગ | મોરબા | ગારિયાધાર |
| ૮ | વીરડી ચેકડેમ ડીપનિંગ | વિરડી | ગારિયાધાર |
| ૯ | વીરડી તળાવ ડીપનિંગ | વિરડી | ગારિયાધાર |

**કેનાલ સફાઈનાં કામ**

| ક્રમ | કામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | રંઘોળા કેનાલ ડી-૧ ચે ૦ થી ૬૩૦૦ મીટર | ઉમરાળા |
| ૨ | રંઘોળા કેનાલ ડી-૧ ચે ૬૩૦૦ થી ૯૧૦૦ મીટર | ઉમરાળા |
| ૩ | રંઘોળા કેનાલ ડી-૨ અને ડી-૧૪ | ઉમરાળા |
| ૪ | રંઘોળા કેનાલ ડી-૩ અને ડી-૭ (ન્યુ) | ઉમરાળા |
| ૫ | રંઘોળા કેનાલ ડી-૪ અને ડી-૮ | ઉમરાળા |
| ૬ | રંઘોળા કેનાલ ડી-૫,ડી-૬ અને ડી-૧૩ | ઉમરાળા |
| ૭ | રંઘોળા કેનાલ ડી-૭ | ઉમરાળા |
| ૮ | રંઘોળા કેનાલ ડી-૯ અને ડી-૧૦ | ઉમરાળા |
| ૯ | રંઘોળા કેનાલ ડી-૧૧ અને ડી-૧૨ | ઉમરાળા |
| ૧૦ | રંઘોળા કેનાલ ચે ૦ થી ૧૩૭૮૭ મીટર | ઉમરાળા |
| ૧૧ | રંઘોળા કેનાલ ચે ૧૩૭૮૭ થી ચે ૨૫૯૩૪ મીટર | ઉમરાળા |
| ૧૨ | કાળુભાર કેનાલ ચે ૦ થી ૧૪૫૩૫ મીટર | ઉમરાળા |
| ૧૩ | કાળુભાર કેનાલ માઇનર ૧ થી ૧૩ & ડીસ્ટ્રીબ્યુટરી | ઉમરાળા |

ઉપરોક્ત તમામ કામો સરકારશ્રી તથા ગામ લોકોની જરૂરિયાત મુજબ લોકોના સહકારથી કરવામાં આવ્યાં. જેમાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ તરફથી નીચે મુજબનાં સાધનો માટે આર્થિક સહાય મળેલ છે.

| ક્રમ | સાધનનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | જેસીબી બ્રેકર સાથે | ૧ |
| ૨ | જેસીબી | ૧ |
| ૩ | ટ્રેક્ટર | ૩ |
| ૪ | ટ્રોલી | ૩ |
| ૫ | પાણીનું ટેન્કર | ૧ |
| ૬ | મિક્ષર મશીન | ૧ |
| ૭ | વાઈબ્રેટર | ૧ |
| ૮ | સેન્ટીગ પ્લેટ | ૨૫ બ્રાસ |
| ૯ | પાણીનો પંપ | ૧ |
| ૧૦ | પાણીનો પ્લાસ્ટિકનો ટાંકો | ૧ |
| ૧૧ | લેવલ મશીન | ૧ |
| ૧૨ | ક્યૂબ મોલ્ડ | ૬ |

### -: લોકભારતી ગ્રંથાલય :-

હાલમાં ગ્રંથાલય પાસે નીચેના કોઠામાં દર્શાવ્યાં મુજબનાં પુસ્તકો છે.

| ક્રમ | ભાષા | વર્ષ ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|
| | | ઉમેરાયેલાં પુસ્તકો | ૩૧/૧૨-૨૦૨૩ સુધી પુસ્તક સંખ્યા |
| ૦૧ | ગુજરાતી | ૨૨૫ | ૨૦,૨૦૫ |
| ૦૨ | હિંદી | ૦૪ | ૫૭૧૫ |
| ૦૩ | અંગ્રેજી | ૩૪ | ૧૩,૨૭૩ |
| ૦૪ | સંસ્કૃત | - | ૧૪૪ |
| ૦૫ | બંગાળી | -- | ૧૩૨ |
| ૦૬ | મરાઠી | -- | ૨૫૬ |
| ૦૭ | સંદર્ભ ગ્રંથ | -- | ૭૨૦ |
| ૦૮ | રદ થયેલ | ૧૧૬ | ૪૭૩૩ |
| ૦૯ | રદ કરેલ મહાનિબંધ | ૬૦ | |
| ૧૦ | રદ કરવામાં આવેલ ફાઈલ | ૬૩ | |
| | સામયિક ફાઈલો | | |
| ૦૧ | ગુજરાતી | -- | ૨૪૮૩ |
| ૦૨ | હિંદી | -- | ૧૦૮૦ |
| ૦૩ | અંગ્રેજી | -- | ૨૫૯૯ |
| | કુલ | -- | ૫૧૩૪૦ |

- કુલ સામયિક - ૮૦
- વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં આવેલ વાચકોની સંખ્યા - ૪,૩૮૬
- વર્ષ દરમિયાન ઇસ્યૂ થયેલ પુસ્તકોની સંખ્યા કાર્યકરો ૪૪૫, વિદ્યાર્થી સંખ્યા - ૭,૨૦૦ કુલ - ૭,૬૪૫
- U.G.C. પુસ્તકોનો છેલ્લો અંક - ૭,૫૧૪
- લોકસેવા પુસ્તકોનો છેલ્લો અંક - ૫૧,૩૪૦
- કેન્દ્ર સરકારના પુસ્તકોનો છેલ્લો અંક - ૭૮૦
- પુસ્તકોની કુલ સંખ્યા - ૫૯,૬૩૪

## -: કૃષિ સંશોધન વિભાગઃ-

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મુખ્ય ત્રણ હેતુ છે : શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ. આ ત્રણ પૈકી સંશોધનનો હેતુ આ વિભાગ દ્વારા મહદ અંશે સિદ્ધ કરવામાં આવે છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તેના નામ પ્રમાણે ગામડાંમાં આવેલી વિદ્યાપીઠ છે અને ગામડાંનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેથી ખેતી વ્યવસાયને અનુરૂપ સંશોધન થવું જોઈએ. આ વિભાગમાં ખેતી વ્યવસાયના પાકો પૈકી ઘઉં અને સોયાબીન પાક ઉપર સંશોધન થાય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ રાષ્ટ્રીય સ્તરે તેની આગવી શિક્ષણ પદ્ધતિને કારણે પ્રસિદ્ધ છે. તેવી જ રીતે સંશોધન ક્ષેત્રે પણ સારી એવી પ્રસિદ્ધ છે.

સંશોધન ૭૦% થી ૮૦% કામ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ કરે છે. આના કારણે વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃદ્ધિ, આવડત, જવાબદારી, શિસ્ત, વ્યક્તિ-વિકાસ અને ચોકસાઈ જેવાં કૌશલ્યોનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓને કારણે સંશોધનનું કામ વ્યવસ્થિત, સરળ અને ચોકસાઈથી થાય છે.

**ઘઉં**

આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો (જાતોની સરખામણીના) હતા.

- લોકલ ટ્રાયલ - ૯૦ જાતો
- રાજ્યકક્ષાના ટ્રાયલ - ૮૨ જાતો
- રાષ્ટ્રીયકક્ષાના ટ્રાયલ-૩૫ જાતો

આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહારથી આવેલી ૩૦૫ જેટલી જાતો વાવવામાં આવી.

૧. NGSN-115 વેરાયટી

૨. SSN-247 વેરાયટી

- **ટ્રાયલ-૧**

૧. AVT-IR-LS - 10 વેરાયટી-કરનાલથી

૨. NIVT-IR-LS-25 વેરાયટી-કરનાલથી

૩. LST-RI-TS - 05 વેરાયટી- વિજાપુરથી-૩ પિયત

૪. SST-RI-LS-8 વેરાયટી વિજાપુરથી-૩ પિયત

૫. LST-IR-TS-12 વેરાયટી વિજાપુરથી

૬. SST-IR-TS-27 વેરાયટી વિજાપુરથી

૭. LST-IR-LS-10 વેરાયટી વિજાપુરથી

૮. SST-IR-LS-21 વેરાયટી વિજાપુરથી

- **ટ્રાયલ-૨**

૧. IYT-TS-16 વેરાયટી સ્થાનિક

૨. IYT-TS-16 વેરાયટી સ્થાનિક

૩. IYT-TS-17 વેરાયટી સ્થાનિક

૪. IYT-LS - 41 વેરાયટી સ્થાનિક

નોધઃ- દિવસે-દિવસે વરસાદનું પ્રમાણ ઓછું થવાથી અને પાણીની મુશ્કેલીને ધ્યાનમાં રાખી ઓછા પિયતે પાકતી વેરાયટી ઉપર ધ્યાન આપવામાં આવે છે. અને તેની વેરાયટી બનાવવાની મહેનત કરવામાં આપે છે.

- **જમ્પ્લાઝમ(પેઢી)**

૧. F-1=75 એન્ટ્રી

૨. F-2=75 એન્ટ્રી

૩. F-3 =469 એન્ટ્રી

૪. F-4 =212 એન્ટ્રી

૫. F-5 =72 એન્ટ્રી

- IPPSN -05 વેરાયટી આપેલ.
- ક્રોસિંગ પોગ્રામ :- જેમાં નવા—૫૫ ક્રોસ બનાવ્યા
- LOK-1 ન્યુક્લિયસ-૩૫.૦ ક્વિન્ટલ બનાવ્યું.
- LOK-1 બ્રીડર સીડ્સ ૧,૨૦૦.૦ ક્વિન્ટલ બનાવ્યું. તેનું વેચાણ કરેલ છે.
- LOK-1નું બ્રીડર સીડ્સ બનાવેલ છે.
- શિયાળુ Soybean રૂપે કરેલ છે.

**સોયાબીન**

- ટ્રાયલઃ-

૧. AVT-I-NM ટ્રાયલ-૦૭ વેરાયટી ઈન્દોરથી

૨. AVT-EM-I+II ટ્રાયલ-૧૦ વેરાયટી ઈન્દોરથી

૩. IVT-EM - ટ્રાયલ-૧૬ વેરાયટી ઈન્દોરથી

૪. IVT-NM-૨૭ વેરાયટી ઈન્દોરથી

૫. AVT- EM ટ્રાયલ-૮ વેરાયટી સ્થાનિક

૬. AYT NM ટ્રાયલ-૧૦ વેરાયટી સ્થાનિક

૭. IYT-22 વેરાયટી સ્થાનિક

૮. GxEINTERACTION -૪૪ વેરાયટી ઈન્દોરથી

**જમ્પ્લાઝમ (પેઢી)**

- F-1 જમ્પ્લાઝમ-૧૧ એન્ટ્રી સ્થાનિક
- F-2 જમ્પ્લાઝમ-૦૬ એન્ટ્રી સ્થાનિક

- F-3 જમ્પ્લાઝમ-૦૧ એન્ટ્રી સ્થાનિક
- F-4 જમ્પ્લાઝમ-૦૪ એન્ટ્રી સ્થાનિક
- F-5 જમ્પ્લાઝમ-૫૫ એન્ટ્રી ઈન્દોરથી
- F-6 જમ્પ્લાઝમ-૩૧ એન્ટ્રી ઈન્દોરથી
- JS-20-34નું બ્રીડર સીડ્સ બનાવ્યું-૧૪૦ ક્વિન્ટલ
- JS-20-29નું બ્રીડર સીડ્સ બનાવ્યું-૨૪૮ ક્વિન્ટલ
- સોયાબીનમાં નવી વેરાયટી બનાવવામાં માટે ક્રોસિંગ પ્રોગ્રામ પણ કરેલ છે.
- ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરિંગ કરાવ્યું.
- ડૉ.સી.પી. સિંગ સાહેબ અને ડૉ.અશ્વિનીકુમાર વિજાપુર, કર્નાલ અને ઈન્દોરમાં સોયાબીન અને ઘઉંના વર્કશોપમાં જઈ આવ્યા.

**- : ઉત્સવ વિભાગ :-**

| ક્રમ | તારીખ | વક્તાશ્રીનું નામ | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૦૧ | ૨૦-૧૨-૨૦૨૨ | શ્રી હરેશભાઈ ધોળકિયા | વાર્ષિકોત્સવ અને સ્વ.પુ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા |
| ૦૨ | ૨૪-૧૨-૨૦૨૨ | શ્રી હસમુખભાઈ સુથાર | સાયં પ્રાર્થના અનુસંધાને આનંદબજાર સંદર્ભે પ્રાસંગિક વાત |
| ૦૩ | ૨૬-૧૨-૨૦૨૨ | શ્રી દેવકીબહેન દવે | વાર્તાલાપ, સંવાદ વિદ્યાર્થીઓ સાથે સંવાદઃ રાત્રે 'અકૂપાર' નાટક |
| ૦૪ | ૦૮-૦૧-૨૦૨૩ | શ્રી જયવંતસિહજી ગોહિલ | વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા |
| ૦૫ | ૦૭/૦૧/૨૦૨૩ | શ્રી મધુકરભાઈ પારેખ | સાયં પ્રાર્થનાના અનુસંધાને પ્રાસંગિક ઉદબોધન |
| ૦૬ | ૨૬/૦૧/૨૦૨૩ | ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાની | પ્રજાસત્તાકદિન નિમિત્તે પ્રાસંગિક ઉદબોધન |
| ૦૭ | ૩૦/૦૧/૨૦૨૩ | શ્રી અરુણભાઈ દવે | ગાંધી નિર્વાણદિન નિમિત્તે પ્રાસંગિક ઉદબોધન |
| ૦૮ | ૦૮/૦૩/૨૦૨૩ | ભાવનગરનું સંગીત ગ્રુપ | ગીત ગુલાલ કાર્યક્રમ/ધૂળેટીપર્વ |
| ૦૯ | ૦૩/૦૭/૨૦૨૩ | શ્રી ડૉ. મનહરભાઈ ઠાકર | ગુરુપૂર્ણિમા કાર્યક્રમ : ગુરુ પરંપરા અને મહિમા |
| ૧૦ | ૨૯/૦૭/૨૦૨૩ | શ્રી મેઘા ડાલ્ટન | સંગીત કાર્યક્રમ : ગાંધી ગાન |
| ૧૧ | ૧૫/૦૮/૨૦૨૩ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | સ્વાતંત્ર્યપર્વની ઉજવણી/ આત્મનિર્ભર ભારત |
| ૧૨ | ૨૯/૦૮/૨૦૨૩ | શ્રી મનસુખભાઈ સલ્લા | શ્રી મનુભાઈ પંચોળી દર્શક વ્યાખ્યાનમાળાઃ દર્શકનું કેળવણી દર્શન અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ |
| ૧૩ | ૩૦/૦૮/૨૦૨૩ | શ્રી રમજાનભાઈ હસણિયા | રક્ષાબંધન કાર્યક્રમ પ્રાસંગિક ઉદ્બોધન |
| ૧૪ | ૦૪/૦૯/૨૦૨૩ | વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆત | મુ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા |
| ૧૫ | ૦૨/૧૦/૨૦૨૩ | શ્રી મિત્તલબહેન પટેલ | ગાંધીજયંતી ઉજવણી નિમિત્તે પ્રાસંગિક ઉદ્બોધન |
| ૧૬ | ૦૭/૧૦/૨૦૨૩ | શ્રી રમણીકભાઈ ભટ્ટ | મહર્ષિ દયાનંદજીનું વેદાંત ભાષ્યનું પ્રદાન |
| ૧૭ | ૧૫/૧૦/૨૦૨૩ | શ્રી મહેન્દ્રસિંહજી પરમાર | ઓપીનિયન પુરસ્કૃત 'દર્શક' વ્યાખ્યાનમાળાઃ 'દીપનિર્વાણ' |

| | | | |
|---|---|---|---|
| | | | કૃતિ આસ્વાદ |
| ૧૮ | ૨૮/૧૧/૨૦૨૩ | શ્રી દલપતભાઈ પઢિયાર | લોકસાહિત્ય ભજન અને કાવ્યપાઠ |
| ૧૯ | ૦૨/૧૨/૨૦૨૩ | ડૉ. ધવલ દોશી | હૃદયરોગ સર્વાંગી અભિગમ |

**સમૂહ ફિલ્મદર્શન અને ગરબી**

| | | | |
|---|---|---|---|
| ૧. | ૦૩/૦૭/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૨. | ૧૮/૦૯/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ફિલ્મદર્શન આઇ. એમ. કલામ |
| ૩. | ૦૮/૦૧/૨૦૨૩ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૪. | ૨૪/૦૭/૨૦૨૩ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૫. | ૨૬/૦૮/૨૦૨૩ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૬. | ૦૨/૧૦/૨૦૨૩ | સમગ્ર વિદ્યાર્થી | લ્યુસિ ફિલ્મદર્શન |
| ૭. | ૧૨/૦૮/૨૦૨૩ | સમગ્ર વિદ્યાર્થી | રેવા ફિલ્મદર્શન |

## -: લોકભારતી ગૌશાળા :-

લોકભારતી ગૌશાળા સ્વનિર્ભર યોજના અંતર્ગત મુખ્યત્વે ત્રણ પાસાંઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેમાં:

૧. વાછરડી ઉછેર,

૨. વાછરડી જ જન્મે એવા કૃત્રિમ બીજદાનના ડોઝથી સંવર્ધન કરવું.

૩. ગુણવત્તાયુક્ત ઘાસચારા ઉત્પાદન સામેલ છે.

- વર્ષ દરમિયાન ૭૦૫૭૧ લિટર દૂધ ઉત્પાદન લેવામાં આવ્યું તથા તેમાંથી માવો, પેંડા અને આઈસ્ક્રીમ બનાવી વેચવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રોજેક્ટ અંતર્ગત ગૌશાળા ખાતે કૃષિ-સામગ્રી સંશોધન કેન્દ્ર કાર્યાન્વિત કરવામાં આવ્યું. જેના દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમો દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ પ્રાકૃતિક ખેત સામગ્રી બનાવવાના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા તેમ જ પ્રાકૃતિક કૃષિના નિદર્શન માટે વિવિધ પ્રાકૃતિક કૃષિ સામગ્રી આ સંશોધન કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવી. આ સંશોધન કેન્દ્ર અંતર્ગત વર્ષ દરમિયાન નીચે મુજબના ઉત્પાદકોનું ઉત્પાદન કરવામાં આવ્યું.

| વિગત | ઉત્પાદન |
|---|---|
| વર્મી કમ્પોસ્ટ ખાતર | ૧૦,૦૦૦ કિલો |
| જીવામૃત | ૧,૬૦૦ લીટર |
| ઘન જીવામૃત | ૫,૦૦૦ કિલો |
| દશપરણી અર્ક | ૮૦૦ લીટર |
| અગ્નિઅસ્ત્ર | ૮૦૦ લીટર |
| બ્રહ્માસ્ત્ર | ૮૦૦ લીટર |

તદુપરાંત ગૌશાળા દ્વારા ગાયોના છાણનું ૩૦૦થી ૩૫૦ ટન જેટલા સેન્દ્રીય ખાતરનું વેચાણ કરવામાં આવ્યું.

● હાલની સ્થિતિએ લોકભારતી ગૌશાળાનું ધણ નીચે મુજબ છે.

| ગાયની વિગત | ગીર | કુલ |
|---|---|---|
| ગાયો | ૪૬ | ૪૬ |
| વાછરડી ૧ વર્ષથી મોટી | ૪૧ | ૪૧ |
| વાછરડી ૧ વર્ષથી નાની | ૧૭ | ૧૭ |
| વાછરડા ૧ વર્ષથી નાના | ૧૦ | ૧૦ |
| કુલ | ૧૧૩ | ૧૧૩ |

● ગાયોમાં વાછરડી જ જન્મે એવા કૃત્રિમ બીજદાનથી સંવર્ધન કરવામાં આવ્યું, જેમાં ૧૦૦ ટકા પરિણામ મળ્યું.

● ગાયોમાંથી માણસોમાં ફેલાઈ શકે એવા ટી.બી., જે.ડી. તથા બ્રુસેલોસિસ રોગોનું લોહીના નમૂના લઈ પરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં ગૌશાળાની એક પણ ગાય કે વાછરું સંક્રમિત થયેલ નથી એવું જણાવવામાં આવ્યું.

● સાબરમતી આશ્રમ ગૌશાળા, અમદાવાદ સાથે જોડાણ કરી સારી ગુણવત્તાવાળા કૃત્રિમ બીજદાનના ડોઝ ગાયોમાં આપવામાં આવ્યા.

● લોકભારતી ગૌશાળા દ્વારા ગાયોમાં થતા રોગને અટકાવવા માટે સામૂહિક રસીકરણ તથા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા.

● વર્ષ દરમિયાન થયેલ કૃત્રિમ બીજદાનની વિગત :

કૃત્રિમ બીજદાન-૬૭ ગાભણ ગાયો -૨૮

● ઘાસચારા પ્લોટની વિગત

| ક્રમ | પ્લોટ નંબર | વિસ્તાર વીઘા | | ઋતુ | |
|---|---|---|---|---|---|
| | | | ચોમાસું | શિયાળો | ઉનાળો |
| ૧ | ૫ | ૪.૫ | જુવાર | - | - |
| ૨ | ૬ | ૨.૫ | જુવાર | - | - |
| ૩ | ૭-અ | ૧.૫ | જુવાર | - | - |
| ૪ | ૭-બ | ૪.૫ | જુવાર | - | - |
| ૫ | ૮ | ૬ | જુવાર | જુવાર | - |
| ૬ | ૯ | ૬ | જુવાર | જુવાર | - |
| ૭ | ૧૦ | ૬ | જુવાર | જુવાર | - |
| ૮ | ૧૧ | ૬ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૯ | ૧૨ | ૨ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૦ | ૧૩ | ૩.૫ | જુવાર | જુવાર | - |
| ૧૧ | ૧૪ | ૪ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૨ | ૧૫ | ૩.૫ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૩ | તલાવડી | ૪ | જુવાર | - | - |
| | કુલ | ૫૪ | | | |

## -:ખેતી વિભાગ સ્થાનિકઃ-

● ચાલુ સાલ વરસાદ સારો રહ્યો. પરંતુ છેલ્લે છેલ્લે વરસાદની કમીને કારણે પાકને પાણીની જરૂરિયાત ઊભી થઈ.

● ૩૧ વીઘામાં ૭૭ મોટાં ટ્રેક્ટર છાણિયું ખાતર નાંખવામાં આવ્યું.

● ૧૪ વીઘાના બે પ્લોટ ટ્રેક્ટરથી લેવલ કરાવ્યા.

● ચાલુ સાલ એકાદ પ્લોટમાં કપાસનું અને બાકીના ૭૨ વીઘામાં સોયાબીનનું બિયારણ જે.એસ.- ૨૦-૨૯ વાવવામાં આવ્યું.

● આ વર્ષે લોક-૧ બ્રીડર સીડની કુલ ૬૨ વીઘામાં વાવણી કરવામાં આવી.

● બાગાયતી પ્લોટમાં ખાલા પૂરવાનું કામ કરવામાં આવ્યું. જેમાં જમરૂખ-૦૭, સીતાફળ-૧૭૦, બોરડી-૯૦, આંબા-૪૫૦ અને લીંબુ-૦૫ રોપાનું રોપણ કરવામાં આવ્યું.

● બિયારણ સાચવણી માટે હવે વધારે જરૂર ઊભી રહે છે તેથી નવું ગોડાઉન બનાવવાની કામગીરી શરૂ કરી છે.

## - :એસ્ટેટ વિભાગઃ-

● વિદ્યાર્થીઓ માટેનાં નવાં બે છાત્રાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. આ છાત્રાલયો આધુનિક જરૂરી સુવિધાઓ સાથેની ડિઝાઇન કરીને બાંધવામાં આવ્યાં છે.

● લોકભારતી યુનિવર્સિટીના અલગ અને સ્વતંત્ર શૈક્ષણિક સંકુલનું બાંધકામ પૂરજોશમાં શરૂ છે, જે આવતા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં બંધાઈ રહેવા સંભાવના છે.

● કેટલાક જૂનાં કાર્યકર નિવાસોમાં મોટા પાયે રીનોવેશનની કામગીરી કરવામાં આવી.

## - : લોકભારતી કાર્યકર કલ્યાણનિધિ :-

● લો.ભા. કાર્યકર કલ્યાણનિધિના પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ ગોઠી અને માનદ મંત્રી તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ સેવારત છે.

● લોકભારતીમાં જોડાયેલ બધા જ કાર્યકરો નિશ્ચિત સમયગાળા પછી આપોઆપ કલ્યાણનિધિના સભ્ય ગણાય છે.

## - : લોકભારતી કાર્યકર કો.ઓપ. સોસાયટી :-

● લો.ભા. કાર્યકર કો.ઓપ. સોસાયટીના પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ અને માનદ મંત્રી તરીકે શ્રી પિનાકિનભાઈ પંડ્યા સેવારત છે. તા.૦૧-૦૪-૨૦૨૩થી શ્રી પિનાકીનભાઈ પંડ્યાએ નાદુરસ્ત તબિયતના કારણે મંડળીના મંત્રી તરીકેની ફરજમાંથી રાજીનામું આપેલ, તેથી તેઓના સ્થાને શ્રી રિતેશભાઈ પંડ્યાને મંત્રી તરીકેની કામગીરી સોપવામાં આવી છે.

● સભાસદોની સંખ્યા ૯૨ છે.

● છેલ્લાં ઘણાં વર્ષોથી આ મંડળીને ઑડીટમાં 'એ' ગ્રેડ મળતો રહ્યો છે.

● તા.૧૫-૦૮-૨૦૨૩ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના પૂર્વ નિયામકશ્રી પ્રવીણભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમા આપણી મંડળીની શરૂઆત ક્યારેથી થઈ તેના ઈતિહાસની ચર્ચા કરવામાં આવેલ તેમજ નાના કર્મચારીઓને મંડળી દ્વારા નાની બચત અને ધીરાણથી થતા લાભો અંગે ચર્ચા કરવામાં

આવેલ.

- આ વર્ષે સભાસદોને ૧૫% ડીવિડન્ડ ચૂકવવામાં આવ્યું.

**- : લોકભારતી કાર્યકર વીમા યોજના :-**

- આ વીમા યોજનામાં હાલ ૫૦ સભાસદો છે.
- પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને મંત્રી તરીકે શ્રી વાસુદેવભાઈ મહેતા સેવાઓ આપી રહ્યા છે.
- કોઈ સભાસદનું અવસાન થાય તો રૂ.૨૧,૦૦૦/-થી લઈ રૂ. ૭૫,૦૦૦/- સુધીની તેમની સેવાઓના વર્ષ આધારિત સહાય તેમના પરિવારને આપવામાં આવે છે.

**-: સમાપન :-**

- હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો તેમ જ નઈ તાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી રહી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓની પોતપોતાના વર્ષ-જૂથમાં માતૃસંસ્થાની મુલાકાતે અને પોતાના એ સમયકાળના સંસ્મરણો વાગોળવા માટે શાંતિથી રહેવા આવવાનું વલણ પણ વધ્યું છે. આ માટે આપણે વ્યવસ્થા ગોઠવી આપવાની અનુકૂળતા કરી આપીએ છીએ. પૂર્વ વિદ્યાર્થીઓના આ વલણની પણ અત્રે હકારાત્મક નોંધ લઉં છું.
- સંસ્થા અત્યારે સિત્તેર વર્ષની લાંબી મજલ કાપી આઠમાં દશકમાં પ્રવેશી છે. આટલો લાંબો પથ કાપવામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો મેનેજિંગ ટ્રસ્ટી મા.શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, સર્વે કાર્યકર્તાશ્રીઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યો અને લોકભારતીના નવા સોપાન લોકભારતી યુનિવર્સિટીના સ્થાપનમાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, નાના-મોટા સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

હસમુખ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા
(તા.૦૭-૦૧-૨૦૨૪ના વાર્ષિકોત્સવદિન નિમિત્તે)

## ૦૨ ગાંધીકૂળનો દૈદિપ્યમાન દીવડો : દેવેન્દ્ર દેસાઈ

**જ્વલંત છાયા**

---

દેવેન્દ્રકુમાર ર. દેસાઈ. આ એમની સિગ્નેચર. વધતી વયે પણ ચહેરા પર કરચલી નહીં, કાન્તિ જ વધતી જતી હતી. ધીમી અને મક્કમ ચાલ. ઋજુવાણી પરંતુ અડગ નિર્ણય શક્તિ. ચામડી દેખતાં જ લીસ્સી લાગે. ખાદીના જેવા શ્વેત વસ્ત્રો એવું જ દાગવિહિન અને ઈસ્ત્રીટાઇટ જીવન. ગાંધીજીને વાંચનાર લાખો લોકો છે. અનુસરનારની સંખ્યા દિવસે દિવસે ઘટતી ચાલી તે સ્થિતિમાં દેવેન્દ્રભાઈ પોતાનાં ઘરનું ફળિયું પોતે વાળતા હોય તે દૃશ્યની સ્મૃતિ રાજકોટમાં અનેક લોકોને છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિને, ખાદી પ્રવૃત્તિને દેવન્દ્રભાઈએ પોતાના સંતાન કરતાં પણ વિશેષ કાળજીથી ઉછેરી. ગાંધીજી સાથેનો પ્રત્યક્ષ સંસર્ગ તો નહીંવત્ પરંતુ ગાંધીવિચારને તેઓ જીવનાંત સુધી શ્વસ્યા, જીવ્યા. સૌરાષ્ટ્રની ખાદી પ્રવૃત્તિથી શરૂ કરીને તેમનું કાર્યક્ષેત્ર રાષ્ટ્ર સુધી - એટલે કે રાષ્ટ્રીય ખાદી કમિશન સુધીનું રહ્યું. દેવેન્દ્ર દેસાઈની વિદાય વ્યક્તિ તરીકે તો વિધિનો નિર્ણય માનીને સ્વીકારવી રહી પરંતુ એક સમર્પિત કર્મશીલ તરીકે તેમની ખોટ વર્તાવાની.

> જસદણના મોટા દડવા વિસ્તારમાં જનતાદળના તેઓ ઉમેદવાર હતા, કોંગ્રેસના ઉમેદવાર લેઉવા પટેલ હતા, દેવેન્દ્રભાઈ જે જ્ઞાતિના હતા તે નાગર જ્ઞાતિનો એક પણ મતદાર ત્યાં નહીં, દેવેન્દ્રભાઈ જંગી બહુમતીથી ચૂંટાયા.

ખાદી પ્રચાર પ્રવૃત્તિને તેમણે જીવન બનાવ્યું હતું. ફૂલછાબ સાથે તેમનો સંબંધ દાયકાઓ જૂનો. ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૪ એ તેમનું અવસાન થયું. ફૂલછાબે પણ એક પરિવારજન ગુમાવ્યા. દેવેન્દ્રભાઈ ફૂલછાબની ટેબલોઇડ સાઇઝની એક પૂર્તિનું સંપાદન કરતા, વિશેષ લેખો - અહેવાલ પણ આપતા. પછી તો સહકાર સાપ્તાહિક, ફૂલછાબની પૂર્તિઓમાં પણ સહકાર અને ખાદી - રચનાત્મક પ્રવૃત્તિઓ વિશે તેમણે લખ્યું. ખાદીનો ઈતિહાસ, ખાદીનું વિજ્ઞાન, સામાન્ય સમાજમાં તેની સમજ સહિતના વિષયો પર તેમણે લેખો લખ્યા. તેનાં પુસ્તકો પણ થયાં.

ગોંડલ તાલુકાનું વાસાવડ ગામ તેમનું વતન. જન્મ મોસાળ જેતપુરમાં, મોસાળનાં ગામે, ૧૯૩૫માં. પિતા રમણિકશંકર દેસાઈ વરિષ્ટ તાલુકાદાર. દેવેન્દ્રભાઈનાં ઘરે નોકરો હતા, વાહન હતાં. પિતાની અંગત લાઇબ્રેરીમાં વિવિધતાસભર ૫૦૦૦ પુસ્તક. વાંચનનો શોખ એ રીતે વિકસ્યો. ટીનએજ - તરુણાવસ્થામાં રમણલાલ દેસાઈની નવલકથા'ગ્રામલક્ષ્મી' વાંચી. ચાર ભાગ વાંચ્યા અને ગાંધીવિચારનો દીવો મનમાં પ્રગટયો. ગ્રામોદ્ધાર, રચનાત્મક કાર્યો પ્રત્યે જીવ ખેંચાયો. પછી તો રાજકોટમાં ભણ્યા. એક પાઠયપુસ્તકમાં વાક્ય હતું, જામ ઈઝ રામ, રામ ઈઝ જામ. દેવેન્દ્રભાઈને એ ન ગમ્યું. સળવળાટ થયો.રાજકોટમાં લાખાજીરાજ લાઈબ્રેરીમાં પુસ્તકો વાંચે. હરિજનબંધુના નિયમિત વાચક, તેનાથી ગાંધીવિચારનો પીંડ વધારે મજબૂત બન્યો. એ અરસામાં તેમના પિતાજીએ એક પત્ર લઈને તેમને રાજકારણીના પરિવેશમાં રહેલા સંત, સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઢેબરભાઈ પાસે મોકલ્યા. રચનાત્મક કાર્યકર છગનભાઈ જોશી પણ ત્યાં હતા. બન્ને સાથે ટૂંકો સંવાદ થયો. વીસ રૂપિયાની શિષ્યવૃત્તિ લઈને દેવેન્દ્રભાઈ રેંટિયો કાંતતા થયા. ધર્મેન્દ્રસિંહ કૉલેજમાં અભ્યાસ કર્યો. કોંગ્રેસમાં જોડાયા.

દેવેન્દ્રભાઈ જ્યારે લોનો અભ્યાસ કરતા હતા ત્યારે ટર્મ ગ્રાન્ટ કરવાનો પ્રશ્ન ઊભો થયો. ઢેબરભાઈએ પૂછ્યું, વકીલ બનવું છે કે લોકોની વકીલાત કરવી છે અને તેઓ જાહેરજીવનમાં જોડાઈ ગયા

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાં કામ કરવાની સાથે ભૂદાન યજ્ઞ સમિતિના કામમાં પણ સક્રિય રહ્યા.

વજુભાઈ શાહ, જયાબહેન શાહ, ભક્તિબા જેવા સંનિષ્ઠ ગાંધીજનોનો સંસર્ગ રહ્યો. વાતમાં જરાય કડવાશ નહીં પરંતુ વ્યવહાર અને નિર્ણયમાં જરૂર પડયે ત્યારે કડકાઈ અનેક લોકોએ અનુભવી છે. દેવેન્દ્રભાઈ જ્યારે લોનો અભ્યાસ કરતા હતા ત્યારે ટર્મ ગ્રાન્ટ કરવાનો પ્રશ્ન ઊભો થયો. ઢેબરભાઈએ પૂછ્યું. વકીલ બનવું છે કે લોકોની વકીલાત કરવી છે અને તેઓ જાહેરજીવનમાં જોડાઈ ગયા.

તેમના લગ્ન પણ ગાંધીવિચારને વરેલા, કચ્છના પ્રભુલાલ ધોળકિયાનાં પુત્રી હંસાબહેનની સાથે થયાં. ગાંધીજી તેમનાં ઘરે ઊતરતા. એટલે ‘રબને બના દી જોડી’ એમ નહીં પરંતુ સંદર્ભ ગાંધીજીનો છે એટલે વાહ વાહ રામજી, જોડી ક્યા બનાઈ....?

જસદણના મોટા દડવા વિસ્તારમાં જનતાદળના તેઓ ઉમેદવાર હતા. કોંગ્રેસના ઉમેદવાર લેઉવા પટેલ હતા. દેવેન્દ્રભાઈ જે જ્ઞાતિના હતા તે નાગર જ્ઞાતિનો એક પણ મતદાર ત્યાં નહીં. દેવેન્દ્રભાઈ જંગી બહુમતીથી ચૂંટાયા. વીંછિયામાંથી બીજીવાર ચૂંટણી લડયા. તેમાં પણ એવું જ હતું પરંતુ ત્યારે જ્ઞાતિ એ એક માત્ર ચૂંટણીનો માપદંડ નહોતો. સક્રિય રાજનીતિમાં તેમના જેવા પ્રામાણિક માણસનું ટકવું પછી તો મુશ્કેલ હતું. તેઓ ખાદી, રચનાત્મક અને સહકાર ક્ષેત્રે જોડાયા. રાજકોટ ડેરીની સ્થાપનામાં તેમનું પ્રદાન ઘણું મોટું. પ્રામાણિકતા તો કેવી? રાજકોટમાં એક નવી બનેલી સોસાયટીએ જાહેર જીવનની વ્યક્તિઓને એક એક પ્લોટ ફાળવવાનું નક્કી કર્યું. તેમાં દેવેન્દ્રભાઈ પણ હતા. તેમણે સોસાયટીને પત્રમાં લખ્યું, ‘મારી પાસે મારી માલિકીનું એક મકાન છે જ. હું આ લઈ શકું નહીં.’

ખાદી માટે તેમણે ભરપૂર કામ કર્યું. સૌરાષ્ટ્રમાં ખાદી વેચાણ માટે સતત મથ્યા. ૧૯૭૪માં રચનાત્મક સમિતિમાં જોડાયા અને પછી તો ખાદી ગ્રામોદ્યોગ કમિશનના તેઓ ચેરમેન બન્યા. તે કાર્યકાળ પૂર્ણ થયા પછી પણ રચનાત્મક સમિતિમાં હમણા સુધી કાર્યરત રહ્યા. છેલ્લાં થોડાં વર્ષોની બીમારીને બાદ કરતાં સ્વચ્છતાની જેમ તેમની સ્વસ્થતા પણ પ્રેરક રહી હતી. મનુભાઈ પંચોળી, બાલુભાઈ વૈદ્ય, જયાબહેન શાહ જેવા લોકોની સાથે તેઓએ કામ કર્યું. અનેક લોકોને ખાદી પ્રવૃત્તિ સાથે જોડયા. તેમણે લખ્યું હતું, આપણે ખાદી પહેરીએ છીએ તેમાં ખર્ચાતો પ્રત્યેક રૂપિયો ઉગાડનાર ખેડૂતને, કાંતનારને, વણનારને, પીંજનારને, ધોબીને અને વ્યવસ્થાતંત્ર સંભાળનારની વચ્ચે વહેંચાય છે. ખાદી જેવા વિકેન્દ્રિત ઉત્પાદનથી ભાઈચારો, સમાનતા અને તેને પરિણામે પ્રેમ, સત્ય, શાંતિ અને આહિંસાનાં પરિબળો મજબૂત બને છે.

**શ્રેષ્ઠ જીવન**

એક ભકતે સદ્‌ગુરુને પૂછયુઃ ‘ગુરુજી, માનવજીવનને અલંકૃત કોણ કરી શકે ?’

સદ્‌ગુરુએ કહ્યુંઃ ‘પવિત્ર હૃદય અને જીભ.’

ભકતઃ ‘ગુરુજી, એ કેવી રીતે શકય બને ?’

ગુરુજીઃ ‘માણસ શ્રેષ્ઠ જીવનાચરણ અને મધુર સંભાષણ કરે તો એ જીવન કૃતાર્થ થઈ જાય, સાત્વિક હૃદય અને જીભનો ખરો ઉપયોગ કરવો જોઈએ. જો જીભ કટુ વચન કહે અને હૃદય મેલું હોય તો જીવન નરક બને છે. બંને સ્થિતિ અહીં જ નિર્માણ થતી હોય છે.’

## ૦૩ જીવંત શિક્ષક જ્યોતિભાઈ દેસાઈની વિદાય

**મિતા ઝવેરી**

---

ગાંધીવિચારને જીવનમાં આચરણ કરીને જીવેલાં જયોતિભાઈ દેસાઈનું મૃત્યુ ૨૭, ફેબ્રુઆરી-૨૦૨૪માં થયું. મારા માટે તેઓ શું હતા કહું!

મહાન વ્યક્તિના સમકાલીન હોવાનો આપણને મોકો ન મળ્યો હોય. પરંતુ, મહાન વ્યક્તિના સમયમાં જન્મેલાં, મહાન વ્યક્તિ પાસે ઉછરેલા કે મહાન વ્યક્તિના પગલે ચાલવાનો જેમણે પ્રયાસ કર્યો હોય અને પોતાના જીવન થકી અનેકને એ પગલે ચાલવા પ્રોત્સાહિત કર્યા હોય એવા વ્યક્તિને મળવાનો આનંદ ઓછો તો ન જ હોય ને!

કિશોર અવસ્થામાં પપ્પા પાસેથી ગાંધી, વિનોબાના સમયમાં ઉછરેલા અને એમના પગલે ચાલનારા દક્ષિણ ગુજરાતના કેટલાક પ્રયોગશીલ સમાજસેવકોનાં નામ સાંભળેલાં. એ પૈકીનું એક સન્માનીય નામ એટલે, જયોતિભાઈ દેસાઈ. તેઓ જ્યારે પણ ઘરે આવે ત્યારે વાર્તાઓ કહે. એમની વાર્તાઓ સાંભળવી તો ગમે જ. પણ, તેઓને વાર્તા કહેતા જોવા એ પણ એક લ્હાવો જ. બાલવાડીનો શિક્ષક આખે આખો એમાં ઝળકે. વાર્તા કહેતી વખતે તેઓ બાળકો જેવાં અને બાળકો જેવડાં જ બની જાય! હાથ લાંબા ટૂંકા કરી, વાર્તામાં આવતાં દરેક પાત્રનો અભિનય કરે. પ્રાણીઓનાં અવાજો કરે. મોઢાનાં હાવભાવ એવાં કરે કે, જીવનનાં નવે નવ રસ બરાબર ઓળખી શકાય.

જયોતિભાઈનું વ્યક્તિત્વ પારદર્શક. દેશ હોય કે વિદેશ પોતાના નિશ્ચિત સિદ્ધાંતોમાં ક્યાંય બાંધછોડ ન કરે. જે, જેવું લાગે તેવું કહે. જે યોગ્ય ન લાગે તેનો વિરોધ કરે. અને જે તે વાત સમજાઈ જાય તેનો વિનાઃસંકોચ તરત જ સ્વીકાર કરે. જયોતિભાઈ, પોતાને જે કંઈ સમજાયું તે જીવવા સતત પ્રયત્નશીલ રહ્યાં. એક શિક્ષકમાં જોઈએ એવા નીડરતા, સમાનતા, સંવેદનશીલતા, કાર્યશીલતા, મૌલિકતા, સર્જનશીલતા, સ્વતંત્રતા જેવાં ગુણોને જીવનારા જયોતિભાઈના સંપર્કમાં આવનારા વિદ્યાર્થીઓને આ પારસમણિનો સ્પર્શ થયા વગર રહેતો નહીં.

વર્ષ ૧૯૨૬નાં મે માસની પાંચમી તારીખે મુંબઈમાં માતા ઊર્મિલાબહેન અને પિતા કનૈયાલાલ દેસાઈને ત્યાં જન્મ. બાળપણમાં બાળ સહજ તોફાનો અને યુવાવયે મનમાં ઊભરતી સંવેદનાઓને સથવારે, આસપાસનાં વાતાવરણમાં ચાલતી વૈચારિક, સામાજિક કે રાષ્ટ્રીય ચળવળમાં આગળ પડતાં રહી જયોતિભાઈ રાજકારણના ઉંબરે પહોંચી ગયાં હતાં. તેઓ રાજકારણમાં પ્રવેશ્યા હોત તો આ દેશને એક સારો રાજકારણી મળ્યો હોત એમાં કોઈ શંકા નથી. પરંતુ, સ્વાતંત્ર્ય સેનાની માતાપિતા તરફથી મળેલ નિસ્પૃહ સેવાભાવનાના ગુણ વિકાસ થકી તેમજ સ્વામી આનંદ જેવા ઉત્તમ સાક્ષરનો સ્પર્શ પામેલાં જયોતિભાઈના હાથે એક શિક્ષક તરીકે અનેક સત્કાર્ય થવાના હતાં. તેથી, મુંબઈનાં એ વખતનાં મુખ્યમંત્રી મા. બાળાસાહેબ ખેરના ગ્રામોત્થાન માટેનાં માર્ગદર્શન તેમજ 'આદર્શ બાળમંદિર' ની સ્થાપક બેલડી શ્રી પ્રભુભાઈ અને શ્રી ધનુબહેનના સંપર્કથી જયોતિભાઈ ગામડાં તરફ વળ્યાં. અને આદિવાસીઓ માટે જીવન સમર્પિત કરી દીધું. જયોતિભાઈને ગામડું એવું તો વળગ્યું કે તેઓએ ગુંદીથી શરૂ કરીને કોસબાડ, લોકભારતી સણોસરા અને અંતે ઘણો લાંબો સમય જુગતરામભાઈ દવેની વેડછી સંસ્થામાં જ રહીને સ્વ અને સંપર્કમાં આવનાર સર્વનું જીવન સમૃદ્ધ કર્યું.

જ્યોતિભાઈ શિક્ષક એટલે મૂળે ન્યાય અને મૂલ્યોની સાચવણી સાથે માનવઘડતરનો સહજ સ્વભાવ. તેથી, જે તે સંસ્થામાંથી જ્યારે, જ્યાં, જે કાર્યમાં, જે જરૂરિયાત ઊભી થઈ તેમાં, જ્યારે જે સૂઝ્યું કે જ્યારે જે યોગ્ય કરવાની જરૂરિયાત જણાય તે કરતા ગયા. ગ્રામસેવાનું કામ સહેલું તો નહોતું જ પરંતુ સત્ય, અહિંસા, શ્રમ, સ્વાશ્રય, સાદગી જેવાં મૂલ્યો ગાંઠે બાંધેલાં હોવાથી ભોગાવા ગામ પાસે ટ્રેન પર થયેલ ધાડપાડુઓની ધાડ વખતે, ભાલ વિસ્તારના દુષ્કાળ વખતે, કર્ણાટકની નદી તુંગભદ્રામાં ફેલાતાં પ્રદૂષણ સામેની લડત વખતે કે ત્રિપુરામાં આવતાં બાંગ્લાદેશી શરણાર્થીઓના વ્યવસ્થાપન જેવાં અનેક પ્રસંગોએ ઝડપી અને યોગ્ય નિર્ણયો લીધાં. અયોગ્ય કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો. મૂલ્યોને કારણે વહોરેલી આપત્તિનો હિંમતથી સામનો કર્યો. ગુજરાતમાં નર્મદા બચાવો આંદોલનમાં જ્યોતિભાઈએ સક્રિય ભાગ ભજવેલો. અને એ વખતે પાંચ વખત જેલમાં પણ ગયેલાં! આમ, જાતે જીવીને સાથીઓ અને વિદ્યાર્થીઓને, નીડરતા અને હિંમત દાખવી સચ્ચાઈને જ પક્ષે રહેવાનું ઉદાહરણ જ્યોતિભાઈ પૂરું પાડતાં રહ્યાં.

શિક્ષણ એટલે પુસ્તકમાં લખાયેલ વાંચવું, ગોખવું અને ઓકવું એમ નહીં, ખરું શિક્ષણ તો અનુભવોથી મળે. લોકભારતી સણોસરા હોય કે ગાંધી વિદ્યાપીઠ વેડછી, આ સંસ્થાઓમાં જીવનલક્ષી શિક્ષણ અપાતું. વિવિધ પ્રયોગો થતાં. પ્રત્યક્ષ કાર્ય અને અનુભવ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થતું. જીવન ઉપયોગી તમામ કાર્યો જાતે કરવાનાં રહેતાં. તેથી, કોઈ કામનો છોછ ન રહેતો. વેડછીમાં તો શાળા, કૉલેજનું સંચાલન પણ વિદ્યાર્થીઓ જ મળીને કરતાં. તેથી દરેક વિદ્યાર્થીની આયોજન શક્તિનો વિકાસ થતો અને વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ પણ વધતો. વિદ્યાર્થીઓને આવું જીવનલક્ષી શિક્ષણ આપનારાં શિક્ષકોમાં જ્યોતિભાઈ ખરાં પ્રયોગવીર હતા.

વિદ્યાર્થીઓ સમજે, વિચારે, પૂછે, ચર્ચા કરે અને એ દ્વારા જે કંઈ શીખે તે પ્રક્રિયા એટલે જ કેળવણી. આવી કેળવણીના હિમાયતી તો ખરાં જ. અને દ્રઢપણે માનતાં હતાં કે, વિદ્યાર્થીઓની ભીતરની શક્તિઓ ખીલવી જોઈએ. વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછતાં થાય, એ પ્રશ્નો અંગે જાતે વિચારતાં થાય, પરસ્પર ચર્ચા કરે અને જાતે જ જે સમજાય એ પરથી ઉકેલ શોધે. શિક્ષક કહે તે જ કરવું એમ નહીં, વિદ્યાર્થીને પોતાને જેમાં રસ પડે તે કરે, જે ગમતું હોય તે જાતે શીખે. એવી શિક્ષણ પદ્ધતિ જ યોગ્ય ગણાય.

જ્યોતિભાઈએ શિક્ષણ વિષયક પ્રયોગો કર્યા. એ વિષયક ઘણું વાંચ્યું, ૭ પુસ્તકો અને અનેક સામાયિકોમાં અનેક લેખોમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ ત્રિવિધ ભાષાઓમાં ઘણું લખ્યું. શિક્ષણનાં જ વિવિધ વિષયો પર પ્રવચનો આપીને ઘણું સમજાવ્યું પણ ખરું. આ ઉપરાંત, વાચનના શોખીન નવલકથા, પર્યાવરણ, રાજનીતિ કે ઈતિહાસનાં પુસ્તકો ખૂબ વાંચતા. એ દ્વારા, 'શિક્ષક સતત અભ્યાસુ હોવો જોઈએ' એ ઉક્તિને સાર્થક કરી ગયા છે.

સદીને આરે પહોંચીને જ્યોતિભાઈએ વિદાય લીધી ત્યારે કોઈ એક જ બાબત વિશે એમની વાત કરવી હોય તો હું એમની હકારાત્મકતાને પસંદ કરું. સામાન્ય રીતે, 'અમારાં જમાનામાં' એમ કહીને વાતની શરુઆત કરતાં વડિલો પાસેથી બાળકો અને યુવાનો છટકવાનો રસ્તો જ શોધતાં હોય. પરંતુ, આ મસ્તીખોર જ્યોતિદાદાને મળવાં તો આબાલવૃદ્ધ સહુ કોઈ ઈચ્છે. કારણ? કારણ એ જ કે, એમને આજનાં સમય, આજની ટેકનોલોજી કે આજનાં યુવાનો માટે કોઈ ફરિયાદ કરતા નહીં. યુવાનોમાં રહેલી ભરપૂર શક્તિનું તેઓ સન્માન કરતા, જ્યોતિભાઈ ગયા આપણી પાસે જ્યોતિભાઈના સ્મરણો રહ્યા.

## ૦૪ શિક્ષક

**મોરારિબાપુ**

---

જેમ રડતા બાળકને જોઈ મા દોડતી એની પાસે પહોંચી જાય એમ શિક્ષણ વિના તરફડતા વિદ્યાર્થીને જોઈ શિક્ષક એની પાસે દોડી જવો જોઈએ. શિક્ષક તો સ્નેહનું ઝાડ છે. શિક્ષક મમતા વગરનો ન હોવો જોઈએ. શિક્ષકે તો નવ મહિના જ ભણાવવાનું છે. એ નવ મહિના આખો વર્ગ સગર્ભા છે. એમાં ભૃણહત્યા ન થવી જોઈએ. એમાં એકેય બાળક અપરિપકવ ન રહેવું જોઈએ.

શિક્ષકનું હૃદય પ્રેમથી પરિપૂર્ણ હોય, એના હૃદયનો રંગ પણ પ્રેમ અને એનો સંગ પણ પ્રેમ. ગામડાંનો કોઈ સાધુચરિત શિક્ષક જો સવારમાં મળી જાય તો એના જેવું એકેય શુભદર્શન નથી. શિક્ષક કોઈનો ઓશિયાળો ન હોવો જોઈએ. એની આઝાદીમાં ખુદ્દારી, ખુમારી અને ખમીરી હોવી જોઈએ. સાચો શિક્ષક નિર્ભર રહીને વિદ્યાર્થીઓને નિર્ભાર રાખે છે. સાચો શિક્ષક મુક્તિનો યાત્રિક ત્યારે જ બની શકે જયારે એ પોતાના સમગ્ર કાર્યકાળ દરમિયાન સંયમપૂર્વક વર્ત્યો હોય. શિક્ષક હિતૈષી હોવો જોઈએ, બાળકનો હિતૈષી,સમાજનો હિતૈષી. સમાજને પોતાના સામર્થ્ય પ્રમાણે તે ઊભો કરી શકે. બીજાનું હિત કરવું એના જેવો બીજો કોઈ ધર્મ નથી, શિક્ષકે કદી પોતાના હિતનું ન વિચારવું. સંસ્થાએ મને શું આપ્યું તેવું ન વિચારતાં મેં સંસ્થા માટે શું કર્યું તે સતત વિચારો અને સંસ્થાના હિત માટે કાર્ય કરો. વ્યકિત મહાન નથી, સંસ્થા મહાન છે. શિક્ષકનો વર્ગખંડ સમાજના તમામ વર્ગ ખંડિત ન થાય ત્યાં સુધી વિસ્તરવો જોઈએ.

શિક્ષક બ્રહ્મા છે. બ્રહ્માનું કાર્ય સૃષ્ટિના સર્જનનું છે. શિક્ષકે બ્રહ્મા બનીને નીતિવાન, જ્ઞાનવાન, ચારિત્ર્યવાન, મૂલ્યવાન સૃષ્ટિનું સર્જન કરવાનું છે. શિક્ષક કોઈ દિવસ ટૂંકી બુદ્ધિનો ન હોય, સાગરપેટા હોવા જોઈએ. શિક્ષક એ ગુરુ છે. અજ્ઞાનને ભેદીને જે અન્યમાં જ્ઞાનના પુંજ ફેલાવે તે ગુરુ. શિક્ષક માનવતા, સંસ્કારચિંતન અને ચારિત્ર્યઘડતરનો ધર્મગુરુ છે.

શિક્ષકની વિશ્વસંસ્થા તેનો કલાસ છે. તેની સામે બેઠેલી ૪૦ ચેતનાઓ, એ તેનું યુનાઇટેડ નેશન છે. શિક્ષકે ૪૦ ચેતનાઓ રૂપી ઈંડાને સેવવાનાં છે. શિક્ષકમાં ભૂમિકા, ભાવ, વેશ અને ભાષા હોવાં જોઈએ. તેની ભૂમિકા બાળકના ઘડતરની છે. તેનો ભાવ બાળકના અસ્તિત્વનો સ્વીકાર કરી પ્રગાઢ પ્રેમ આપનારો હોય, અને તેની ભાષા બાળકને સમજાય તેવી હિતકર હોય તો તે ખરા અર્થમાં શિક્ષક છે.

શિક્ષક અને ડૉકટર એ કોઈ દિવસ નિવૃત્ત ન થઈ શકે. વિદ્યાર્થીનો ભાર ન બને, વિદ્યાર્થીનો શૃંગાર બને, એનું નામ શિક્ષક. શિક્ષક જે દિવસે હસી ન શકે એ દિવસે એણે સી.એલ. મૂકવી જોઈએ. શિક્ષક ઘરડો ન થવો ન જોઈએ. ઉંમરથી થાય, માનસિક રીતે નહીં. સાહિત્યરસ જે રેલાવી શકે એ શિક્ષક સફળ થાય. શિક્ષકનો દ્રવ્યજ્ઞાન, એનું હૃદય દ્રવીભૂત હોવું જોઈએ. દ્રવીભૂતતા ન હોય તો શિક્ષકપણું શું? વિચાર, વાણી અને વર્તનમાં સમાનતા હોય તે સાચો શિક્ષક. શિક્ષક રિટાયર્ડ થઈ શકે, એકસપાયર્ડ ન થઈ શકે.

શિક્ષક સજાગ હોવો જોઈએ, શિક્ષકનું કાર્ય ધંધો નથી, ધર્મ છે. ભકિત છે. માટે સેવાની ગાંસડી ઉપાડે તે શિક્ષક છે. શિક્ષક અમનવાદી હોવો જોઈએ, આતંકવાદી નહીં. શિક્ષક સાંસ્કૃતિક હોવો જોઈએ, શિક્ષક સાહિત્યિક હોવો જોઈએ. સાહિત્યિક શિક્ષક સજળ હશે. શિક્ષકનો ધર્મ જાગતા રહેવાનું છે. શિક્ષક માત્ર પાઠયપુસ્તકમાં જ ઘૂસી રહે તે ન ચાલે. એણે પુસ્તક જ નહીં મસ્તક પણ ભણાવવું જોઈએ. બાળક જે શાળાએ જવા માટે રડે ત્યારે સમજવું કે શિક્ષકે માતાનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે.

## ૦૫ સંસ્થા સમાચાર (ફેબ્રુઆરી, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૧થી ૬/૨/૨૦૨૪ના સમયગાળા દરમિયાન એફ.વાય.બી.આર.એસ.ના પસંદ કરેલ પાંચ વિદ્યાર્થીઓ ઉદ્યમિતા સાહસિકતા તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભાવનગર ખાતે ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ કેન્દ્ર પર જઈ આવ્યા. આ કાર્યક્રમના સંયોજક તરીકે શ્રી કિશોરભાઈ હિરાણી જોડાયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ મંત્રીઓનો ઓપવર્ગ ક્રમ-૨૫૭ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર જિલ્લાના ૧૨ તાલીમાર્થીઓ હાજર થયેલ.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત ચાલતી ૧૫ દિવસીય સંકલિત પોષણ વ્યવસ્થાપનની તાલીમ અંતર્ગત તાલિમાર્થીઓને તા. ૦૫થી ૦૭ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાતે લઈ જવામાં આવ્યા.
- પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈની અમદાવાદ ઑફિસના નવેક ચિફ એક્ઝીક્યૂટીઝની એક ટીમ શ્રી સ્મિતાબહેન દલવીના નેતૃત્વ તળે તા.૦૭ અને ૦૮મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. રાત્રિના આકાશદર્શનનો કાર્યક્રમ પણ રહ્યો. લોકભારતી પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત લોકભારતી અને પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે ચાલતાં કાર્યો/પ્રોજેક્ટ્સ જોઈને આનંદ-સંતોષ વ્યક્ત કર્યો.
- તા.૦૮ના રોજ અમદાવાદના હ્યુમન વેલ્ફેર ટ્રસ્ટના શ્રી કૈલાસભાઈ બુચ અને શ્રી જયેશભાઈ પરીખ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ લોકભારતી કૃષિ વિકાસ કેન્દ્ર-અરણેજની મુલાકાતે તા.૦૮ અને ૦૯ના રોજ જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૩થી ૧૭ દરમિયાન કૃષિ તકનિકિ સપ્તાહ-૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત ભાવનગર જિલ્લાના અલગ અલગ તાલુકામાંથી દરરોજ ૧૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો અને વિવિધ નિદર્શન એકમોની મુલાકાત લઈ માહિતી મેળવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રીઓના ઓપવર્ગ ક્રમ-૨૫૭માં તા.૧૩ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ ‘હતાશાથી હળવાશ તરફ’ વિષય ઉપર સંવાદ કર્યો.
- તા.૧૬ના રોજ ખાદીગ્રામોદ્યોગ ક્ષેત્રના અગ્રણી સ્વ.શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈની રાજકોટ મુકામે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં શ્રી રામચન્દ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- કૃષિવિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી સરોજબહેન ચૌધરી દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે તા. ૧૮-૦૧-૨૦૨૪થી ૦૭-૦૨-૨૦૨૪ અંર્તગત યોજાયેલ ૨૧ દિવસીય મહિલા સશક્તિકરણની તાલીમમાં ભાગ લેવા જઈ આવ્યા.

- તા.૧૯ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની એક બેઠક યોજાઈ ગઈ.
- તા. ૧૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનોનો સંયુક્ત રમતોત્સવ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર તેમજ કાર્યકરો જોડાયા. જ્યારે સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા.
- ભાવનગરના સ્પીકમેકે ચેપ્ટર દ્વારા લોકભારતીમાં તા.૧૯મીના રોજ રાત્રે ૦૭-૩૦થી પ્રસિદ્ધ વાયોલીનવાદક વિદુષી શ્રી કલા રામનાથજીની વાયોલીનવાદનની સાંગીતિક પ્રસ્તુતિ સારસ્વતભવનમાં યોજાઈ ગઈ, પંડિત મિથિલેશકુમારે તબલા પર સંગત કરી. સમગ્ર લોકભારતી પરિવારે કાર્યક્રમને બહુ સરસ રીતે માણ્યો.
- તા.૨૧મીના રોજ રાત્રે સાયં પ્રાર્થના પછી તરત જ લોકભારતી વિદ્યાર્થી મંડળની આમસભા યોજાણી. તેમાં જૂના મંત્રીમંડળે એક પછી એક પોતપોતાનો પ્રવૃત્તિ અહેવાલ રજૂ કર્યો અને લેખિત અને મૌખિક પ્રશ્નોના ઉત્તર આપ્યા. તથા પોતાનો ચાર્જ નવા ચૂંટાયેલ મંત્રીને સોંપ્યો. આમસભાના અધ્યક્ષ અને મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહજી ગોહિલે બહુ ધીરજપૂર્વક અને સુચારુ રીતે સમગ્ર સંચાલન કર્યું. અંતમાં વડીલ તરીકેની ભૂમિકામાં શ્રી કાંતિભાઈ ગોઠીએ જૂના મંત્રીમંડળનો આભાર માન્યો અને નવા મંત્રીમંડળને આવકારીને શુભેચ્છાઓ પાઠવી. શૈક્ષણિક અને અન્ય વિભાગના વડાઓ, ગૃહપતિઓ-ગૃહમાતાઓ અને નિયામક સહિત સંબંધિતો સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત રહ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૧ના રોજ મંત્રીઓનો ઓપવર્ગ ક્રમ- ૨૫૮ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી અને રાજકોટ જિલ્લાના ૨૫ તાલીમાર્થીઓ હાજર થયેલ છે.
- તા.૨૨મીના રોજ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી હર્ષદભાઈ પટેલ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૨ અને ૨૩ દરમિયાન ગયા(બિહાર) ખાતે યોજાયેલ આર્યા પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨-૨૩ની રાષ્ટ્રીય કાર્યશાળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી પ્રદીપભાઈ ક્યાડા એ ભાગ લીધેલ અને વર્ષ ૨૦૨૨-૨૩ની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો.
- તા.૨૨ના રોજ અમરેલી ડાયેટના પ્રથમ વર્ષ બી.એડ.ના વિદ્યાર્થીઓએ લોકભારતી અધ્યાપનમંદિરની મુલાકાત લઇ વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય મેળવ્યો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૩ના રોજ ઓપવર્ગ -૨૫૮ના તાલીમાર્થીઓ સારસ્વતભવનમાં શ્રી મનુભાઈ પંચોળી લિખિત 'આપણો વારસો અને વૈભવ'નો આસ્વાદ પ્રા.ડૉ.મહેન્દ્રસિંહ પરમારએ કરાવ્યો તેમાં જોડાયા હતા.
- તા.૨૪મીના રોજ લોકભારતીના ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મધુકરભાઈ

પારેખ અને તેમના મિત્રોની એક ટીમ તા.૨૬મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયા. લોકભારતી પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત લોકભારતી અને પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે ચાલતાં કાર્યો/પ્રોજેક્ટ્સ જોઈને આનંદ વ્યક્ત કર્યો. આ સાથે જ લોકભારતીના પૂર્વ ટ્રસ્ટી સ્વ.શ્રી બળવંતભાઈ પારેખની જન્મશતાબ્દી નિમિત્તે લોકભારતીમાં પીડીલાઈટની સહાયથી બંધાયેલ 'સંગાથ' છાત્રાલયનો લોકાર્પણ કરવાનો વિધિ અને એક નવા બંધાનાર છાત્રાલયનો ખાતમુહૂર્ત વિધિ પણ શ્રી મધુકરભાઈ પારેખને હસ્તે કરવામાં આવ્યો.

- તા.૨૮ના રોજ લોકભારતી અધ્યાપનમંદિર અને લોકવિજ્ઞાન કેન્દ્ર લોકભારતીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી. સણોસરા, રંઘોળા , ભૂતિયા, ગઢુલા,પરવાળા અને નવા ઈશ્વરિયાની દસ શાળાઓમાં તાલીમાર્થીઓએ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો , અંધશ્રદ્ધા નિવારણ પ્રયોગો અને ગણિત ગમ્મતની પ્રવૃત્તિઓ કરાવી.

### આંબલા સમાચાર

- તા.૦૬ના રોજ શ્રી અરુણભાઈ દવેની સાથે અમદાવાદથી શ્રી સુરેખાબહેન શાહ તેમજ શ્રી પલાશભાઈ શાહ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયેલ.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના પૂર્વ કાર્યકર શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટના મોટા દીકરાનું ૪૫ વર્ષની વયે તારીખ ૧૯ના રોજ ભાવનગર મુકામે અવસાન થયેલ. તેને લોકદક્ષિણામૂર્તિ પરિવાર તરફથી શ્રદ્ધાંજલી આપવામાં આવી.
- તા.૦૭ના રોજ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ મુંબઈના ચીફ એક્ઝીક્યુટિવ્ઝની ૧૩ વ્યક્તિઓની ટીમ શ્રી સ્મિતાબહેન દલવીની આગેવાની હેઠળ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા. ૨૨થી ૨૬ દરમિયાન ધો.-૦૯ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અંગ્રેજી શિક્ષક શ્રી બિપિનભાઈ તથા મોજીલી શાળાના શ્રી છનુબહેનની આગેવાની હેઠળ બેલા મુકામે શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિમાં જઈ આવ્યા.
- રેલીમાં તા. ૨૩ના રોજ બેલા મુકામે મોજીલી પ્રાથમિકશાળાના બાળકો હુડો રાસ રજૂ કરવા જઈ આવ્યા.
- રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ-ગાંધીનગર દ્વારા આયોજિત ઝૉન કક્ષાએ મોજીલી પ્રાથમિક શાળાના બાળકો ભાવનગર મુકામે ભાગ લઈ આવ્યા.
- તા. ૨૩થી ૨૯ દરમિયાન ચોરવડલા મુકામે એન.એસ.એસ.ની વાર્ષિક ખાસ શિબિર 'સ્વચ્છતા-આરોગ્ય' વિષય પર આયોજન થઈ હતી. તેમાં ધોરણ -૧૧ ના વિદ્યાર્થી ભાઈઓ અને શિક્ષકો જઈ આવ્યા.
- તા. ૨૮-૦૨-૨૪ થી ૦૧-૦૩-૨૪ દરમિયાન વલભીપુર મુકામે જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા આયોજિત તાલીમમાં ગુજરાતી શિક્ષક શ્રી પુજાભાઈ કંટારા જઈ આવ્યા.
- જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ગ્રાન્ટમાંથી લોકશાળા કેમ્પસની પાછળની બાજુએ દીવાલ ચણતર મંજૂર થયું છે, તેનું કામ ચાલી રહ્યું છે.
- આ માસ દરમિયાન શ્રી વર્ષાબહેન ડી.ચૌહાણ (ક્લાસ – ૨) અધિકારી, શ્રી નિરૂપાબહેન શાહ

સુરેન્દ્રનગર, શ્રી રજનીભાઈ મહેતા સાવરકુંડલા (અનુબંધ સંસ્થાના સ્થાપક), શ્રી હિમેન્દ્રસિંહ પઢેરીયા (પૂર્વ શિક્ષકશ્રી) સંસ્થા મુલાકાતે આવી ગયા.

**માઈધાર સમાચાર**

- તા. ૨ના રોજ શ્રી પરમાણંદદાદા, શ્રી મહેશભાઈ હુંબલ, શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૩થી ૯ દરમિયાન ભાવનગર શામળદાસ આર્ટસ્ કૉલેજના વિદ્યાર્થીઓનો એન.એસ.એસ. કેમ્પ યોજાયો જેમાં શામળદાસ કૉલેજના પ્રોફેસરો અને અન્ય મહેમાનોએ સંસ્થા મુલાકાત લીધી.
- તા.૫ ના રોજ શ્રી મહેન્દ્રસિંહ સરવૈયાએ વિદ્યાર્થીઓને 'સ્વસ્થ જીવનનું ભારતીય વિજ્ઞાન' આર્યુવેદકથા વિશે રસપ્રદ વાતો કરી.
- તા. ૭ અને ૮ દરમિયાન કંચન ફાઉન્ડેશન અમદાવાદથી શ્રી મમતાબહેન, શ્રી રાજેશભાઈ, અને શ્રી સ્મિતાબહેને સંસ્થા મુલાકાત લીધી અને તેમના તરફથી સેનેટેરી પેડ બનાવવાનું મશીન આપવામાં આવેલ તેમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- તા. ૮ના રોજ પીડીલાઇટ ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ તેમને શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાની પ્રવૃત્તિઓ સંદર્ભે વાતો કરી.
- તા. ૮ના રોજ મુંબઈથી શ્રી અંબરીશભાઈ અને એમની દીકરી શ્રી તન્વીબહેન સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૮ના રોજ વિશાલભાઈ ભાદાણી દ્વારા ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ સાથે પરીક્ષાલક્ષી માર્ગદર્શન માટે આવી ગયા.
- તા.૮ ના રોજ લોકભારતી ખાદીભંડાર દ્વારા ખાદીમેળો યોજાયો.
- તા.૨૧ ના રોજ બળવંતભાઈ તેજાણીએ માતૃભાષાદિન નિમિત્તે પ્રાસંગિક વાત કરી અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- તા. ૨૫ ના રોજ શ્રી અરુણભાઈ દવેએ સાંજની પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- તા.૨૫ ના રોજ લોકશાળા સંગોષ્ઠી (રેલી) બેલા મુકામેથી શ્રી જીજીભાઈ ચોહાણ, શ્રી અરવિંદભાઈ ડાખરા, શ્રી હિમંતભાઈ ગોડા સાથે લોકભારતીમાંથી શ્રી દિનુભાઈ ચુડાસમા સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૫ ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી ભૌતિકભાઈ લીંબાણી તેમના અંગ્રેજી વિષયના તાલીમાર્થીઓને લઈને સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૬ ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ તેમના મિત્રો સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૨૮ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સેન્સર, રીમોટ, ડ્રોન, ૩ડી પ્રિન્ટર વગેરે પ્રયોગો દ્વારા ઉજવણી કરવામાં આવી.

**મણાર સમાચાર**

- શ્રી એમ.એમ મન્સૂરી સાહેબ- જિલ્લા નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ) ભાવનગરના વિદાય-શુભેચ્છા કાર્યક્રમમાં નિયામકશ્રી અને આચાર્યશ્રી જઈ આવ્યા
- ફેબ્રુઆરી માસનાં શરૂઆતના અઠવાડિયામાં ધોરણ-૯ થી ૧૨ની પ્રિલીમ પરીક્ષાઓ યોજાઈ.
- તા.૦૬ના રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૪ પરીક્ષા અન્વયે ગુણપ્રદાન-યોજના અંતર્ગત વર્કશોપમાં શાળાના અંગ્રેજી શિક્ષિકા શ્રી કંચનબહેન ગાંધીનગર મુકામે જઈ આવ્યા.

- તા.૧૦ના રોજ ધોરણ-૯થી ૧૨નો લોકશાળા મણારથી અલંગના દરિયા કિનારે મીઠીવીરડીના દરિયા સુધીનો પગપાળા પ્રવાસ યોજાઈ ગયો.
- તા. ૧૨ના રોજ શ્રી કઠવા પ્રાથમિક શાળાના ધોરણ-૬ થી ૮ના બાળકોનો પ્રવાસ સંસ્થાની મુલાકાતે આવી ગયો.
- એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો દ્વારા વૃક્ષોનું રંગરોગાન અને કટિંગ કર્યું.
- શાળામાં "આશા એ વાર્ષિક સંમેલન" તથા "સ્પોર્ટસ ડે" યોજાઈ ગયો. એન.જી.ઓ. દ્વારા ચાલતા "આશા એ" પ્રોજેક્ટ અંતર્ગત વાર્ષિક સંમેલનમાં ભાવનગરના ડી.ડી.ઓ. શ્રી સોલંકીસાહેબના અધ્યક્ષસ્થાને તેમજ અલંગ લીલા ગ્રુપના વાઈસ પ્રેસિડન્ટ શ્રી પ્રભાતકુમાર, સાગરલક્ષ્મી ગ્રુપના શ્રી અજીતભાઈ તેમજ કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રના ડૉ.વિરેન્દ્રસિંહ ચૌહાણના અતિથિવિશેષ પદે યોજાઈ ગયો.આ દિવસે 'મ્રિદા' ફાઉન્ડેશન દ્વારા 'ડીજીટલ સ્માર્ટ બોર્ડ' ઉદ્દ્ઘાટન અર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા. ૨૧-૨૨ના રોજ શ્રી વિનોદભાઈ વાઘેલા અને તા. ૨૮-૨૯ અને ૦૧ના રોજ શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ 'નવી શિક્ષણ નીતિ'-૨૦૨૦ અંતર્ગત સિદસર તથા તળાજા મુકામે તાલીમ લઈ આવ્યા.
- તા. ૨૩ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ અને તેમના પરિવારનું શાળા-સંસ્થા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.
- તા. ૨૨થી ૨૬ સુધી ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ સાથે શ્રી પ્રવીણભાઈ ડોડીયા, શ્રી કરુણાબહેન, સંગીત શિક્ષક શ્રી મહેન્દ્રભાઈ જઈ સાથે રેલીમાં આવ્યા. શિક્ષણ સંગોષ્ઠિ કાર્યક્રમના ઉદઘાટન અને સમાપન કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગર તેમજ નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિ રહી. નિયામકશ્રીએ સતત સાત દિવસ બેલા સંસ્થામાં રહી માર્ગદર્શન પુરુ પાડ્યું.
- આ માસમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ તા.૦૨ના રોજ રેલીના આયોજન માટે વાળુકડ મુકામે તા. ૦૩ના રોજ રેલીના ઉદઘાટન માટે પૂ.મોરારિબાપુના નિમંત્રણ આપવા મહુવા મુકામે, ગત સાલના સોયાબીનના ઉત્પાદનના હિસાબ માટે લોકભારતી મુકામે તથા સ્પોર્ટ્સ ડેના ઉદઘાટનના નિમંત્રણ માટે અલંગ શિપબ્રેકીંગ યાર્ડના વિવિધ પ્લોટોના માલિકો પાસે અલંગ, મણાર તથા કઠવા જઈ આવ્યા.
- વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક સિવાયના પુસ્તકો વાંચતા થાય અને વાંચનરસ કેળવાય તે માટે 'મ્રીદા' એન.જી.ઓ તરફથી અહીના પુસ્તકાલય માટે રૂ.૧૦,૦૦૦/- ના પુસ્તકો ભેટ સ્વરૂપે મળ્યા. તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**શ્રદ્ધાંજલિ**

- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના પૂર્વ કાર્યકરશ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટના દીકરા સ્વ. હાર્દિકભાઈનું ૪૫ વર્ષની વયે તા. ૧૯-૦૨-૨૦૨૪ના રોજ ભાવનગર ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુ:ખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૫૮મી રેલી (શિક્ષણ-સજ્જતા સંગોષ્ઠિ)

### વિવિધ મેદાની, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ













### સમાપન સમારોહ : તા. ૨૬-૦૨-૨૦૨૪




પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનશ્રી મધુકરભાઈ પારેખ, શ્રી અરુણભાઈ દવે અને શ્રી પંકજભાઈ શુકલની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ સમાપન સમારોહ




To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-